પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૧૩-૩-૨૦૨૬, શુક્રવાર
વર્ષઃ ૧૫, અંક : ૫

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

નાની નાની ખુશીઓમાં જ જીવનનો સાચો આનંદ છે...




દૂધનું દૂધ...

# ન હોય... હવે પશુપાલકો- ઘેર-ઘેર દૂધની બોટલ દેવાવાળાએ ગુણવત્તાનું પ્રમાણપત્ર લેવુ પડશે?

## સંપૂર્ણ આહાર ગણાતા દૂધમાં ભેળસેળનું પ્રમાણ ચિંતાજનક હદે વધતા હવે લાઈસન્સ વિના દૂધ વેચનારાઓ પર કડક કાર્યવાહી કરવાનો નિર્ણયઃ એફએસએસએઆઈ દ્વારા એડવાઈઝરી જાહેર કરાય



## શુધ્ધ દૂધના નામે કાચની બોટલોમાં દૂધનું વેચાણ થાય છે પણ કોઈ પણ પ્રકારની વિગત બોટલ પર હોતી નથી

**અબતક, રાજકોટ**

સંપૂર્ણ આહાર ગણાતા દૂધમાં ભેળસેળનું પ્રમાણ ચિંતાજનક હદે સમગ્ર દેશભાં વધી રહ્યું છે. ગુજરાતમાં એવી કહેવત છે કે પાણીમાંથી પોરા કાઢવા પરંતુ સરકાર હવે દૂધમાંથી પોરા કાઢવાના મૂડમાં હોય તેવું લાગી રહ્યું છે. છુટક દુધ અને બોટલોમાં વેચાતા દૂધમાં ગુણવતા અંગે કોઈજ પ્રકારની ચોખવટ હોતી નથી. ભેળસેળયુકત દૂધના કારણે જન આરોગ્ય પર વિપરિત અસર પડી રહી છે. જેને ધ્યાનમાં રાખી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાંડર્ડસ ઓથોરિટી ઓફ ઈન્ડીયા દ્વારા એક એડવાઈઝરી જારી કરવામાં આવી છે. જેમાં હવે લાઈસન્સ વિના દૂધ વેચનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

દેશના વિવિધ વિસ્તારોમાં દૂધમાં ભેળસેળના અહેવાલો વચ્ચે ફૂડ રેગ્યુલેટર એફએસએસઆઈએ ડેરી સહકારી મંડળીઓના સભ્યો સિવાયના તમામ દૂધ ઉત્પાદકો અને દૂધ વિક્રેતા માટે રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ મેળવવાનું ફરજિયાત બનાવ્યું છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા એ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના રાજ્ય ફૂડ કમિશનરોને દૂધ ઉત્પાદકો (ડેરી સહકારી મંડળીઓના સભ્યો સિવાય) અને દૂધ વિક્રેતાઓના ફરજિયાત રજિસ્ટ્રેશન, લાઈસન્સ અંગે એક એડવાઈઝરી જારી કરી છે. નિયમનકારી સંસ્થાએ નોંધ્યું છે કે, ડેરી સહકારી મંડળીના સભ્યો નથી તેવા કેટલાંક દૂધ ઉત્પાદકો અને વિક્રેતાઓ ફૂડ બિઝનેસ કરવા માટે રજિસ્ટ્રેશન કે લાઈસન્સ મેળવ્યા વગર આ બિઝનેસ કરે છે. દૂધમાં ભેળસેળની તાજેતરની ઘટનાઓને ધ્યાનમાં રાખીને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં રજિસ્ટ્રેશન અને લાઈસન્સના નિયમોનું કડક પાલન કરવામાં આવશે.

એફએસએસએઆઈએ

(અનુ. આઠમા પાને)

યુધ્ધ ખેંચાશે તો અમેરિકાની ‘કમર’ ભાંગી જશે?

# ફક્ત ૬ દિવસમાં જ ૧ લાખ કરોડના ‘ફટાકડા’ ફોડી નાંખતું અમેરિકા!

## યુધ્ધમાં અત્યાધુનિક હથિયારો વાપરી અમેરિકાએ અઢળક ખર્ચ કર્યોઃ વ્હાઈટ હાઉસ ટૂંક સમયમાં કોંગ્રેસ પાસે યુધ્ધ માટે ૫૦ બિલિયન ડોલરના વધારાના ભંડોળની માંગ કરે તેવી શકયતા

### પહેલા બે જ દિવસમાં અમેરિકાએ ૫૦ હજાર કરોડના હથિયારો વાપરી નાખ્યાં

અમેરિકાએ યુદ્ધના પહેલા બે દિવસમાં જ ૫.૬ બીલીયન ડોલર એટલે કે રૂ.૫૦ હજાર કરોડના હથિયારો વાપરી નાખ્યા છે. ઈરાન હુમલા માટે સસ્તા ‘શાહેદ’ ડ્રોનનો ઉપયોગ કરી રહ્યું છે, જયારે તેને તોડી પાડવા અમેરિકા લાખો ડોલરની કિંમતના મિસાઈલ વાપરી રહ્યું છે, જે લાંબા ગાળે અમેરિકા માટે આર્થિક રીતે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

### યુદ્ધનો કુલ ખર્ચ તો ૪ લાખ કરોડે પહોંચવાની શકયતા

અમેરિકાએ ઈરાન સામેની સૈન્ય કાર્યવાહીના પહેલા જ અઠવાડિયામાં ૧૧.૩ બીલીયન ડોલરનો જંગી ખર્ચ કર્યો છે. પેન્ટાગોન દ્વારા કોંગ્રેસને અપાયેલા અહેવાલમાં આ આંકડો સામે આવ્યો છે. આ ખર્ચ માત્ર શરૂઆતી તબક્કાનો છે, કુલ ખર્ચ ૫૦ બીલીયન ડોલર એટલે કે અંદાજે રૂ.૪ લાખ કરોડ સુધી પહોંચવાની શક્યતા છે.

### યુદ્ધની સીમાઓ હવે લંબાઈ રહી છે

આ યુદ્ધ હવે માત્ર ઈરાન પૂરતું સીમિત નથી રહ્યું. ઈઝરાયેલ દ્વારા લેબેનોનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર હુમલા ચાલુ છે, જેના કારણે ૮ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. સામા પક્ષે ઈરાને દુબઈ, કુવૈત અને બહેરીન જેવા ખાડી દેશોને પણ નિશાન બનાવ્યા છે.

### માનવીય ખુંવારી અને નેતૃત્વ પર સંકટ

ઈરાન રેડ ક્રેસન્ટના જણાવ્યા અનુસાર, અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓમાં અત્યાર સુધીમાં ૧,૩૩૨ થી વધુ લોકોના મોત થયા છે.ઈઝરાયેલની ઈન્ટેલિજન્સનો દાવો છે કે ઈરાનના નવા સર્વોચ્ચ નેતા અયાતોલ્લાહ મોજતબા ખામેનેઈ યુદ્ધના શરૂઆતી દિવસોમાં ઘાયલ થયા છે, જોકે ઈરાને આ દાવાને ફગાવી દીધો છે.

### અમેરિકાની મોંઘી મિસાઈલો સામે ઈરાનના સસ્તા ડ્રોનનો પડકાર

આ યુદ્ધના ખર્ચનો મોટો હિસ્સો ઉચ્ચ ગુણવત્તાવાળા પ્રિસિઝન હથિયારો અને મિસાઈલ સંરક્ષણ પ્રણાલીના ઝડપી ઉપયોગને કારણે છે. પ્રથમ બે દિવસમાં જ ૫.૬ બીલીયન ડોલરના હથિયારો વપરાયા હતા. શરૂઆતી હુમલાઓમાં એજીએમ -૧૫૪ જોઈન્ટ સ્ટેન્ડઓફ વેપન જેવા હથિયારોનો ભારે ઉપયોગ થયો હતો, જેની એક યુનિટની કિંમત ૨,૮૨,૦૦૦ થી લઈને ૭,૦૦,૦૦૦ ડોલર સુધીની છે. બીજી તરફ, ઈરાન આ યુદ્ધમાં મોટા પાયે ‘શાહેદ’ સીરીઝના સસ્તા ડ્રોનનો ઉપયોગ કરી રહ્યું છે. આ ડ્રોન બનાવવાનો ખર્ચ માત્ર દસ હજાર ડોલરની આસપાસ હોય છે. પરંતુ આ સસ્તા ડ્રોનને તોડી પાડવા માટે અમેરિકા પેટ્રિયોટ અને થાડ સિસ્ટમના ઈન્ટરસેપ્ટર્સ વાપરી રહ્યું છે, જેની કિંમત લાખો ડોલરમાં છે. સંરક્ષણ નિષ્ણાતોના મતે, લાંબા સમય સુધી ચાલનારા યુદ્ધમાં સસ્તા ડ્રોન સામે મોંઘા મિસાઈલનો ઉપયોગ અમેરિકા માટે આર્થિક રીતે પોસાય તેમ નથી. હવે અમેરિકન સેના પ્રમાણમાં સસ્તા જેડીએએમ કિટ્સ તરફ વળવાનું આયોજન કરી રહી છે.

**અબતક, નવી દિલ્હી**

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને ૧૩ દિવસ વીતી ગયા છે અને તેનો કોઈ સ્પષ્ટ અંત દેખાઈ રહ્યો નથી. અહેવાલ મુજબ, પેન્ટાગોને કોંગ્રેસને આપેલી માહિતીમાં જણાવ્યું છે કે ઈરાન સામેના સૈન્ય અભિયાનના પ્રથમ સપ્તાહમાં જ અમેરિકાએ ઓછામાં ઓછા ૧૧.૩ બીલીયન ડોલરનો ખર્ચ કર્યો છે. આ આંકડો સંઘર્ષના નાણાકીય ખર્ચનું અત્યાર સુધીનું સૌથી વિગતવાર મૂલ્યાંકન

(અનુ. આઠમા પાને)

# ટેકનોલોજી ક્ષેત્રે અબજો રૂપિયાના રોકાણો જોખમમાં મુકાતા અમેરિકાની ભારત તરફ મીટ

## સિંગાપોરના કડક નિયમો અને મોંઘી જમીનોથી કંટાળેલી ટેક જાયન્ટ્સની નજર હવે ભારત પર

**અબતક, નવી દિલ્હી**

વૈશ્વિક રાજકારણમાં ચાલી રહેલા ભારેલા અગ્નિ જેવી સ્થિતિ અને ખાસ કરીને મધ્ય પૂર્વમાં ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા જતા તણાવને કારણે પશ્ચિમ એશિયામાં કાર્યરત અમેરિકી ટેક કંપનીઓ માટે ગંભીર ખતરો ઉભો થયો છે. ગલ્ફ દેશોમાં સ્થાપિત અબજો ડોલરના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડેટા સેન્ટર્સ પર હુમલાની ભીતિ સેવાઈ રહી છે, જેને પગલે હવે અમેરિકા અને તેની દિગ્ગજ ટેક કંપનીઓએ સુરક્ષિત વિકલ્પ તરીકે ભારત તરફ મીટ માંડી છે.

ઈરાન દ્વારા તાજેતરમાં આપવામાં આવેલી ધમકીઓએ ગૂગલ, માઈક્રોસોફ્ટ, એનવીડિયા અને ઓરેકલ જેવી કંપનીઓની ઊંઘ હરામ કરી દીધી છે. અત્યારે દુબઈ, અબુ ધાબી અને કતાર જેવા વિસ્તારોમાં ૭૦થી વધુ મોટા ડેટા સેન્ટર્સ આવેલા છે. જો આ સંઘર્ષ યુદ્ધમાં પલટાય, તો માત્ર આ ભૌતિક સંપત્તિ જ નહીં, પરંતુ સમુદ્રની નીચે રહેલા ઈન્ટરનેટ કેબલ્સને પણ નુકસાન થઈ શકે છે, જેનાથી સમગ્ર વિશ્વમાં ડિજિટલ બ્લેકઆઉટ જેવી સ્થિતિ સર્જાઈ શકે તેમ છે.

આ અસ્થિરતા વચ્ચે જ્યારે સુરક્ષિત વિકલ્પોની ચર્ચા થાય છે, ત્યારે સિંગાપોર પણ એક દાવેદાર તરીકે જોવામાં આવતું હતું. પરંતુ, ટેક કંપનીઓ હવે સિંગાપોર કરતા ભારતને વધુ પસંદ કરી રહી છે. સિંગાપોર અત્યંત મોંઘું શહેર છે; ત્યાં રિયલ એસ્ટેટના ભાવ, વીજળીનો ખર્ચ અને ડેટા સેન્ટર ચલાવવાનો ઓપરેશનલ ખર્ચ ભારતની સરખામણીએ અનેકગણો વધારે છે. વધુમાં, સિંગાપોરના કાયદાઓ અને ડેટા પ્રાઈવસીને લગતા નિયમો અત્યંત કડક અને અઘરા છે, જે ઘણીવાર ટેક કંપનીઓ માટે વહીવટી અવરોધો ઉભા કરે છે. તેની સામે ભારત માત્ર આર્થિક રીતે સસ્તું જ નહીં, પરંતુ મોટા પાયે વિસ્તરણ કરવા માટે વધુ અનુકૂળ અને લવચીક વાતાવરણ પૂરું પાડે છે.

માઈક્રોસોફ્ટ એઝ્યુર અને એમેઝોન વેબ સર્વિસીસ જેવી કંપનીઓ હવે તેમના મધ્ય પૂર્વના ડેટા લોડને સિંગાપોરના બદલે ભારત તરફ ખસેડવાની ગંભીર વિચારણા કરી રહી છે. ભારત પાસે વિશાળ ભૌગોલિક વિસ્તાર, સ્થિર લોકશાહી અને ઝડપથી વિકસતું

(અનુ. આઠમા પાને)

# ઈરાનના રાષ્ટ્રપતિ સાથે મોદીએ ગુફ્તેગુ કરી

## ઈરાનમાં રહેતા ભારતીયોની સલામતી અને માલસામાન તથા ઉર્જાના પરિવહન મુદ્દે કરી ચર્ચા

**અબતક, નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન સાથે ફોન પર વાતચીત કરી હતી. ગયા મહિને ઈરાન-યુએસ સંઘર્ષની શરૂઆત બાદ આ બંને નેતાઓ વચ્ચેની પ્રથમ વાતચીત હતી. આ દરમિયાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ અને નાગરિકોના જીવ ગુમાવવા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી.

નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું હતું કે તેમણે આ ક્ષેત્રની ગંભીર સ્થિતિ અંગે મસૂદ પેઝેશ્કિયન સાથે ચર્ચા કરી છે. તેમણે બંને દેશો વચ્ચે વધી રહેલા તણાવ, નિર્દોષ નાગરિકોના મોત તેમજ નાગરિક ઈન્ફ્રાસ્ટ્રકચરને થયેલા નુકસાન અંગે ભારે ખેદ અને ચિંતા વ્યક્ત કરી હતી.

આ વાતચીત દરમિયાન વડાપ્રધાને ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોની સલામતી અને સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ સાથે જ માલસામાન અને ઉર્જાના અવરોધરહિત પરિવહનની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો અને રાષ્ટ્રપતિને સ્પષ્ટ કર્યું હતું કે આ બાબતો ભારતની સર્વોચ્ચ પ્રાથમિકતા બની રહેશે.

શાંતિ અને કૂટનીતિ પર ભારતનો ભાર

નરેન્દ્ર મોદીએ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે ભારતનું સતત માનવું છે કે કોઈપણ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ કે સંઘર્ષનો ઉકેલ યુદ્ધથી નહીં, પરંતુ માત્ર વાતચીત અને કૂટનીતિના માધ્યમથી જ લાવવો જોઈએ.

ઈરાનમાં ફસાયેલા ભારતીયોનું સ્થળાંતર

ભારત સરકારના સત્તાવાર નિવેદન મુજબ, મસૂદ પેઝેશ્કિયને નરેન્દ્ર મોદીને ઈરાનની વર્તમાન સ્થિતિ અને તાજેતરના ઘટનાક્રમ અંગે માહિતગાર કર્યા હતા. નોંધનીય છે કે ઈરાનમાં વિદ્યાર્થીઓ અને વ્યવસાયિકો સહિત લગભગ ૯,૦૦૦ ભારતીયો છે. ભારતીય સત્તાવાળાઓએ સેંકડો નાગરિકોને તેહરાનથી સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા છે, જ્યારે અન્ય કેટલાક લોકો સ્વદેશ પરત ફરવા અઝરબૈજાન અને આર્મેનિયા પણ પહોંચી ગયા છે.

૨૮ ફેબ્રુઆરીએ ઈરાન-યુએસ સંઘર્ષ શરૂ થયો ત્યારથી, વિદેશ મંત્રી એસ જયશંકર પણ સતત સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. તેમણે ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી સાથે અત્યાર સુધીમાં ત્રણ વખત ફોન પર વાતચીત કરી છે, જેમાં મુખ્યત્વે તણાવ ઘટાડવા અને વેપારી જહાજોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવાના પગલાં પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

ઘૂમેંગે ફિરેંગે ઐશ કરેંગે ઔર કયાં?

# રણમાં યુધ્ધ વચ્ચે રણદ્વીપ જેવી લલચામણી સ્કીમો આવી

## દુબઈમાં પ્રવાસીઓના અભાવ વચ્ચે ઈદ નજીક આવતા મોલમાં ૯૦ ટકા સુધીના ડિસ્કાઉન્ટ સાથે એમ્યુઝમેન્ટ એન્ટરટેઈનમેન્ટ પાર્ક ફ્રી

**અબતક, દુબઈ**

એક તરફ ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે અને આખું મધ્ય પૂર્વ તણાવમાં છે, ત્યારે દુબઈ આ રણની વચ્ચે જાણે કોઈ ’શાંતિનું ધામ’ (ઘફતશત) હોય તેમ પ્રવાસીઓ માટે લલચામણી ઓફરોનો વરસાદ કરી રહ્યું છે. જો તમે પણ અત્યારે દુબઈમાં હોવ અથવા જવાનું વિચારી રહ્યા હોવ, તો આ સમાચાર તમારા માટે ’લોટરી’ સમાન છે.

દુબઈના આઈકોનિક રિસોર્ટ ’એટલાન્ટિસ, ધ પામ’ દ્વારા પ્રવાસીઓ માટે ખુશખબરી આપવામાં આવી છે. તેના પ્રખ્યાત એકવાવેન્ચર વોટરપાર્ક અને ધ લોસ્ટ ચેમ્બર્સ એક્વેરિયમમાં ૧૦ માર્ચથી ૨૨ માર્ચ સુધી મફત પ્રવેશની

(અનુ. આઠમા પાને)



### મિસાઈલ કે ડ્રોન શૂટિંગના વીડિયો બે વર્ષ સુધી જેલમાં ધકેલી શકે છે

દુબઈઃ મધ્ય પૂર્વમાં ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા સૈન્ય તણાવ વચ્ચે, સંયુક્ત આરબ અમીરાત સરકારે પ્રવાસીઓ અને સ્થાનિકો માટે કડક ચેતવણી જારી કરી છે. તાજેતરમાં એક ૬૦ વર્ષીય બ્રિટિશ પ્રવાસીની મિસાઈલ હુમલા કે સૈન્ય ગતિવિધિઓના વીડિયો ઉતારવા બદલ ધરપકડ કરવામાં આવી છે. યુએઈનાના સાયબર ક્રાઈમ કાયદા મુજબ, મિસાઈલ હુમલા, ડ્રોન હુમલા અથવા સૈન્ય સ્થળોના ફોટા કે વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવા ગંભીર ગુનો ગણાય છે. જો કોઈ વ્યક્તિ આ પ્રકારની સામગ્રી પ્રસારિત કરે છે અને તેનાથી જાહેર શાંતિમાં ખલેલ પહોંચે અથવા અફવાઓ ફેલાય, તો તેને ૨ વર્ષ સુધીની જેલની સજા અને ૨ લાખ દિરહામ (અંદાજે ૪૫ લાખ રૂપિયા) સુધીનો દંડ થઈ શકે છે.

### ભારતની ICSE અને ISC બોર્ડ એક્ઝામ રદ થતા દુબઈના વિદ્યાર્થીઓનું ભાવિ જોખમાયું

દુબઈઃ ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે વધતા જતા તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિને કારણે યુએઈમાં ધોરણ ૧૦ (ICSE) અને ધોરણ ૧૨ (ISC) ની બોર્ડની પરીક્ષાઓ સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે. કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન્સ દ્વારા લેવાયેલા આ આકરા નિર્ણયથી હજારો ભારતીય વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. અગાઉ આ પરીક્ષાઓ મોકૂફ રાખવામાં આવી હતી, પરંતુ સુરક્ષાની ગંભીર પરિસ્થિતિને જોતા હવે તેને રદ કરવાનો નિર્ણય લેવાયો છે.આ નિર્ણયને પગલે વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિન્હ લાગ્યું છે, ખાસ કરીને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓ માટે જેમને ઉચ્ચ અભ્યાસ અને યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવાનો હોય છે. બોર્ડ હવે પરિણામ તૈયાર કરવા માટે ’વૈકલ્પિક મૂલ્યાંકન પદ્ધતિ’ અપનાવશે, પરંતુ લેખિત પરીક્ષા વિનાનું આ પરિણામ વિદ્યાર્થીઓની કારકિર્દી પર કેવી અસર પાડશે તેને લઈને શિક્ષણ જગતમાં ચર્ચા શરૂ થઈ છે. દુબઈના એજ્યુકેશન રેગ્યુલેટર અને ભારતીય દૂતાવાસ હાલમાં વિદ્યાર્થીઓને આ મુશ્કેલ સમયમાં પૂરતો સહયોગ આપવા માટે શાળાઓ સાથે સતત સંપર્ક કરી રહ્યા છે.

આજે થોડું વધારે ઊંઘી લઈએ !

# જો મગજ રિચાર્જ કરવું હોય તો, સ્લીપ મોડ ઓન કરો: આજે વિશ્વ ઊંઘ દિવસ

## સારી ઊંઘ સ્વસ્થ જીવન માટે અનિવાર્ય છે. પૂરતી ઊંઘ ન મળવાથી શરીર અને મન પર અનેક નકારાત્મક અસરો પડે છે: થાક, ચીડિયાપણું, ધ્યાનમાં ઘટાડો અને કામ કરવાની ક્ષમતામાં ઘટાડો જેવી સમસ્યાઓ ઉભી થાય છે: ઊંઘની કમી ડિપ્રેશન, ઓબેસિટી અને હૃદય રોગોનું કારણ પણ બની શકે છે

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

શરીરના બધા અંગો માટે ખૂબ ખૂબ જ જરૂરી છે ખાસ કરીને આપણા મગજના કાર્યો માં એ ખૂબ જ અકસીર ઈલાજ ગણાય છે. આપણે આપણી જિંદગીનો ત્રીજો ભાગ ઊંઘમાં પસાર કરીએ છીએ. સારી ઊંઘ, શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સાથે કુદરતની સૌથી મીઠી ભેટ છે. આજે વિશ્વ ઊંઘ દિવસ છે, ત્યારે આજે થોડું વધારે ઊંઘી લઈએ. આપણા સ્વસ્થ મનનો રસ્તો ઊંઘમાંથી પસાર થાય છે. સપના જોવા માટે જાગવું નહીં, ઊંઘવું જરૂરી છે. જો તમારા મગજને રિચાર્જ કરવું હોય તો, સ્લીપ મોડ ઓન કરવો જ પડશે. પહેલા ના જમાનામાં આજની જેમ ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને સોશિયલ મીડિયા ન હોવાથી લોકો સુખ ચેનની મીઠી માણતા હતા, આજે મોડું અને મોડું જાગવું એ આજની પેઢીનો જીવન મંત્ર બની ગયો છે. તળાવ મુક્ત જીવન જ સારી ઊંઘ આવે છે.

ઊંઘ એ આપણી દૈનિક જીવનનો એક અભિન્ન ભાગ છે, જે શરીરને રિસ્ટોર કરવામાં મદદ કરે છે. સામાન્ય રીતે, વયસ્કોને પ્રતિ રાત્રે ૭-૮ કલાકની ઊંઘ જરૂરી હોય છે, જ્યારે બાળકો અને યુવાનોને વધુ જરૂર પડે છે. ઊંઘની ગુણવત્તા ખરાબ થાય તો ચેતના, મનોભાવ અને આરોગ્ય પર અસર થાય છે. ઉદાહરણ તરીકે, ઊંઘની કમી ડિપ્રેશન, ઓબેસિટી અને હૃદય રોગોનું કારણ બની શકે છે . ઊંઘને બે મુખ્ય પ્રકારોમાં રેપિડ આય મૂવમેન્ટ અને નોન રેપિડ આય મૂવમેન્ટ. ઊંઘમાં શરીર રિલેક્સ થાય છે અને કોષો ફરીથી બને છે, જ્યારે નોન રેપિડમાં ઊંઘમાં સ્વપન આવે છે અને મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ થાય છે. એક પૂર્ણ ઊંઘનો ચક્ર ૯૦-૧૨૦ મિનિટનો હોય છે, જેમાં ૪-૬ વાર પુનરાવર્તન થાય છે. આ ચક્રો સ્વાભાવિક રીતે નિયંત્રિત થાય છે, પરંતુ જીવનશૈલી અને વાતાવરણ તેને અસર કરે છે.




ઊંઘની કમીના મુખ્ય કારણોમાં સ્ટ્રેસ, કેફેઈન, સ્ક્રીન ટાઈમ અને ઊંઘની વાયોલેશન શામેલ છે. આના પરિણામે કાર્યક્ષમતા ઘટે છે, મેમરી અસ્થિર થાય છે અને રોગપ્રતિકારક શક્તિ મજબૂત થતી નથી. જ્યાં વાયુ પ્રદૂષણ અને શહેરી જીવનને કારણે ઊંઘની સમસ્યાઓ વધી રહી છે, લગભગ 30% વ્યક્તિઓને ઊંઘની સમસ્યા હોય છે . ઊંઘને સુધારવાની ટિપ્સમાં નિયમિત ઊંઘો રાત્રે ૧૦ વાગ્યે. આહાર અને વ્યાયામ કરો, રાત્રે ભારે ભોજન ટાળો અને દિવસમાં વ્યાયામ કરો, ઊંઘનું વાતાવરણ ઠંડું, શાંત અને અંધારું હોય તેવો રૂમ વાપરો. સ્ક્રીન ટાઈમ ટાળો એક કલાક પહેલાં. માનવ જીવનમાં ઊંઘનું મહત્વ અતિ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. યોગ્ય અને પૂરતી ઊંઘ શરીર અને મનને તાજગી આપે છે. દિવસભરના કામકાજ પછી શરીરને આરામ આપવાનું સૌથી કુદરતી અને અસરકારક સાધન ઊંઘ છે. ઊંઘ દરમિયાન શરીરમાં કોષોની મરામત થાય છે,



મગજને આરામ મળે છે અને નવી ઉર્જા ઉત્પન્ન થાય છે. તેથી લાંબા સમય સુધી ઊંઘની અછત રહે તો હૃદયરોગ, તણાવ અને અન્ય આરોગ્ય સમસ્યાઓનું જોખમ પણ વધી શકે છે. સારી ઊંઘ સ્વસ્થ જીવન માટે અનિવાર્ય છે. પૂરતી ઊંઘ ન મળવાથી શરીર અને મન પર અનેક નકારાત્મક અસરો પડે છે. થાક, ચીડિયાપણું, ધ્યાનમાં ઘટાડો અને કામ કરવાની ક્ષમતામાં ઘટાડો જેવી સમસ્યાઓ ઉભી થાય છે. સારી ઊંઘ માટે જીવનશૈલીમાં થોડા સારા નિયમો અપનાવવાની જરૂર છે. નિયમિત સમય પર સુવું અને ઉઠવું, સુતા પહેલાં મોબાઈલ કે ટીવીનો ઓછો ઉપયોગ કરવો અને હળવો આહાર લેવો એ સારી ઊંઘ માટે ઉપયોગી માનવામાં આવે છે. સાથે જ શાંતિપૂર્ણ અને સ્વચ્છ વાતાવરણમાં સુવાથી ઊંઘ વધુ સારી આવે છે. ઊંઘ માત્ર આરામ જ નથી પરંતુ સ્વસ્થ અને સંતુલિત જીવન જીવવા માટેનું એક મહત્વપૂર્ણ સાધન છે. આજની બદલાયેલી જીવનને કારણે અનિદ્રાની સમસ્યા વધુ જોવા મળે છે. માનવ શરીર માટે ઊંઘ એટલી જ જરૂરી છે જેટલી હવા, પાણી અને આહાર. દિવસભર શરીર અને મગજ અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે, જેના કારણે થાક અને તાણ સર્જાય છે. આ થાક દૂર કરીને શરીરને નવી ઊર્જા આપવા માટે ઊંઘ ખૂબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ઊંઘ દરમિયાન શરીરમાં કોષોની મરામત થાય છે, હોર્મોનનું સંતુલન જળવાય છે અને મગજ દિવસભરની માહિતીનું સંકલન કરે છે. એટલે જ સારી અને પૂરતી ઊંઘ સ્વસ્થ અને સક્રિય જીવન માટે આધારસ્તંભ સમાન માનવામાં આવે છે.

આજના ઝડપી અને વ્યસ્ત જીવનમાં ઘણા લોકો ઊંઘને પૂરતું મહત્વ આપતા નથી. મોડી રાત્રે મોબાઈલ, ટીવી અથવા કામકાજના કારણે લોકોની ઊંઘનો સમય ઘટતો જાય છે. ઊંઘની અછતથી થાક, ચીડિયાપણું, ધ્યાનમાં ઘટાડો, સ્મૃતિમાં ઘટાડો અને કામ કરવાની ક્ષમતામાં ઘટાડો જોવા મળે છે. લાંબા સમય સુધી પૂરતી ઊંઘ ન મળવાથી હૃદયરોગ, તણાવ, ડાયાબિટીસ અને અન્ય આરોગ્ય સમસ્યાઓનું જોખમ પણ વધી શકે છે. તેથી ડોક્ટરો અને આરોગ્ય નિષ્ણાતો દરરોજ લગભગ ૭ થી ૮ કલાક ઊંઘ લેવા સલાહ આપે છે. આ દિવસ સામાન્ય રીતે માર્ચ મહિનાના ત્રીજા શુક્રવારે મનાવવામાં આવે છે. આ દિવસનો મુખ્ય હેતુ લોકોમાં સારી ઊંઘના ફાયદા અને ઊંઘના અભાવથી થતી સમસ્યાઓ વિશે જાગૃતિ ફેલાવવાનો છે. વિશ્વભરમાં વિવિધ આરોગ્ય સંસ્થાઓ અને નિષ્ણાતો લોકો સુધી સંદેશ પહોંચાડે છે કે આ વર્ષની ઉજવણી થીમસારી ઊંઘ સ્વસ્થ જીવનનો આધાર છે. સારી ઊંઘ મેળવવા માટે કેટલીક સરળ આદતો ખૂબ ઉપયોગી સાબિત થાય છે. જેમ કે દરરોજ એકસરખા સમયે સુવું અને ઉઠવું, સુતા પહેલાં મોબાઈલ અને ટીવીનો ઓછો ઉપયોગ કરવો, ભારે આહારથી બચવું અને શાંતિપૂર્ણ વાતાવરણમાં આરામદાયક ઊંઘ લેવી. સાથે જ નિયમિત વ્યાયામ, સંતુલિત આહાર અને માનસિક શાંતિ પણ સારી ઊંઘ માટે મહત્વપૂર્ણ છે.



આમ, ઊંઘ માત્ર શરીરને આરામ આપતી પ્રક્રિયા નથી પરંતુ સ્વસ્થ શરીર, તંદુરસ્ત મન અને ઊર્જાસભર જીવન માટેનો અગત્યનો આધાર છે. જો આપણે રોજિંદા જીવનમાં ઊંઘને યોગ્ય મહત્વ આપીએ તો અનેક શારીરિક અને માનસિક સમસ્યાઓથી બચી શકીએ અને વધુ સ્વસ્થ જીવન જીવી શકીએ.

---

અમદાવાદ જેમ અન્ય શહેરોમા પણ

# ઉનાળાની ગરમીમાં બપોરે ટ્રાફિક સિગ્નલ બંધ રાખવા નગરજનોની લાગણી

### બપોરે સીગ્નલ વેઈટીંગમાં ઉભા રહેનારાઓને તડકે શેકાવુ ન પડે તેવી વ્યવસ્થાની માંગ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટમાં ઉનાળાની દસ્તક દેવાય ચુકી છે. આ વખતે બપોરે કાળજાળ થવાની આગાહી થઈ રહી છે ત્યારે શહેરના જાગૃત નાગરીક હાર્દિકભાઈ ચંદારાણાએ પ્રશાનને વિનંતી પત્ર લખી લાગણી વ્યકત કરી છે કે અમદાવાદ જેવા મહાનગરોએ જે રીતે ગરમીના પ્રકોપને જોતા બપોરે ૧૨ થી ૪ વાગ્યા દરમિયાન મુખ્ય ટ્રાફિક સિગ્નલો બંધ રાખીને જનતાને 'હીટસ્ટ્રોક' થી બચાવવાનો પ્રયાસ કર્યો છે, તેવો જ માનવીય અભિગમ રંગીલા રાજકોટના તંત્રે પણ અપનાવવો જોઈએ.

જયારે બપોરના સમયે સૂરજ બરાબર માથે હોય અને ટ્રાફિક સિગ્નલ પર ૬૦ કે ૯૦ સેકન્ડ સુધી ઊભા રહેવું પડે, ત્યારે ટૂ-વ્હીલર ચાલકો, વૃદ્ધો અને નાના બાળકોની હાલત કેવી થતી હશે? આ માત્ર ટ્રાફિક મેનેજમેન્ટનો વિષય નથી, પણ નાગરિકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાનો ગંભીર પ્રશ્ન છે. હાર્દિકભાઈ જેવા જાગૃત નાગરિકો જ્યારે તંત્રનું ધ્યાન દોરે છે, ત્યારે તેમાં કેવળ વ્યક્તિગત



સ્વાર્થ નથી હોતો, પણ સમગ્ર શહેરના હિતની ચિંતા હોય છે.

રાજકોટનું વહીવટી તંત્ર હંમેશા પ્રજાલક્ષી નિર્ણયો લેવા માટે જાણીતું છે. જો આ આકરી ગરમીના દિવસોમાં બપોરના ગાળામાં સિગ્નલોમાં છૂટછાટ આપવામાં આવે, તો વાહનચાલકો સીધા તડકામાં શેકાવાને બદલે ઝડપથી સુરક્ષિત સ્થળે પહોંચી શકે.

---

# કેન્દ્રીય કર્મચારી-પેન્શનરોના આરોગ્યના જતન માટે રાજકોટમાં કેન્દ્ર ફાળવવા માંગ

### ભારતીય મઝદુર સંઘના હસુભાઈ દવેએ વડાપ્રધાનને લખ્યો પત્ર



**અબતક,રાજકોટ**

કેન્દ્ર સરકારના કર્મચારી પેન્સનરો માટે આરોગ્ય સેવા માટે સીજીએસએસ કેન્દ્ર ચાલે છે.ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, ગાંધીનગરમાં સેવા કેન્દ્ર ચાલુ છે.

સૌરાષ્ટ્રના કર્મચારીઓ માટે રાજકોટને સીજીએચએસ કેન્દ્ર આપવા મઝદુર સંઘના હસુભાઈ દવેએ અને કિશોરસિંહ જાડેજાએ વડાપ્રધાનને પત્ર લખી રજૂઆત કરી છે.

હસુભાઈની રજૂઆતના પગલે રાજકોટને સીજીએચએસ સેન્ટર ત્વરીત આપવા સુચનાઓ જાહેર કરવામાં આવતા આવનાર દિવસોમાં રાજકોટને કેન્દ્રીય કર્મચારીની સારવાર માટેનું કેન્દ્ર મળશે.

---

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૩-૦૩-૨૦૨૬ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (જય માતાજી લેટ્સ રોક)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પીનટ સુપ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સંજય દેસાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૪-૦૩-૨૦૨૬ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## અબતક પંચાગ

**તા.૧૪-૩ -૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ દશમ મીનારક કમુહુર્તા રાત્રે ૮.૫૩થી
**નક્ષત્ર** ઉતરાષાઢા
**યોગ** વરિયાન **કરણ:** બવ
**સુર્યોદય** ૬.૫૮ **સુર્યાસ્ત:** ૭.૫૪
**ચંદ્ર રાશી** ધન સવારે ૯.૩૩થી મકર
**રાશિ અક્ષર** ભ.ફ.ધ/ખ.જ
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૪ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા આજથી ત્રણ દિવસ ભારતીય પ્રતિનિધિ સભાની બેઠક

### સંઘ પ્રેરિત સંસ્થાઓના ૧૪૮૭ પ્રતિનિધિઓ આપશે હાજરી




**અબતક, રાજકોટ**

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ની સૌથી મહત્વપૂર્ણ નિર્ણય લેતી બેઠક અખિલ ભારતીય પ્રતિનિધી સભા ૧૩ થી ૧૫ માર્ચ દરમિયાન સમાલખા સ્થિત માધવ સૃષ્ટિ પરિસરમાં યોજાશે. ત્રણ દિવસ ચાલનારી આ બેઠકમાં દેશભરમાંથી સંઘ તથા સંઘ પ્રેરિત સંસ્થાઓના કુલ ૧૪૮૭ પ્રતિનિધિઓ હાજરી આપશે. આ માહિતી સંઘના અખિલ ભારતીય પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરએ માધવ સૃષ્ટિ પરિસરમાં યોજાયેલી પ્રેસવાર્તામાં આપી. આ પ્રસંગે ઉત્તર ક્ષેત્ર સંઘચાલક પવન જિંદલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

સુનીલ આંબેકરે જણાવ્યું કે બેઠકનો પ્રારંભ ૧૩ માર્ચે સવારે ૯ વાગ્યે પૂજનીય સરસંઘચાલક મોહન ભાગવત તથા માનનીય સરકાર્યવાહ દત્તાત્રેય હોસબાલેની ઉપસ્થિતિમાં થશે. બેઠકમાં સંઘના અખિલ ભારતીય પદાધિકારીઓ, ક્ષેત્ર-પ્રાંત સંઘચાલકો, કાર્યવાહ, પ્રચારકો તેમજ સંઘ પ્રેરિત ૩૨ સંગઠનોના ટોચના પદાધિકારીઓ ભાગ લેશે.

બેઠકમાં સંત શિરોમણિ રવિદાસની ૬૫૦મી જન્મજયંતિ વર્ષના કાર્યક્રમો અંગે પણ ચર્ચા થશે. આ કાર્યક્રમો ૧ ફેબ્રુઆરીથી શરૂ થઈ આગામી વર્ષના ૨૦ ફેબ્રુઆરી સુધી સમગ્ર દેશમાં સમરસતાના સંદેશ સાથે આયોજિત કરવામાં આવશે.

૧૫ માર્ચે બેઠકના અંતિમ દિવસે સરકાર્યવાહ દત્તાત્રેય હોસબાલે પ્રેસવાર્તામાં બેઠકમાં લેવાયેલા નિર્ણયો અને પ્રસ્તાવો અંગે માહિતી આપશે તેમજ પત્રકારોના પ્રશ્નોના જવાબ આપશે. પ્રેસવાર્તામાં અખિલ ભારતીય સહ પ્રચાર પ્રમુખ નરેન્દ્ર ઠાકુર અને પ્રદીપ જોશી પણ હાજર રહ્યા હતા.

બેઠકમાં સંગઠનના વિસ્તરણ પર પણ ચર્ચા થશે. છેલ્લા એક વર્ષમાં દેશભરમાં ૫૫૦૦થી વધુ નવી શાખાઓ શરૂ થવાની માહિતી મળી છે. ઉપરાંત સંઘ સાથે જોડાવા માટે ડિજિટલ પ્લેટફોર્મ પર પણ સતત રસ વધી રહ્યો છે. દર વર્ષે લગભગ ૧.૨૫ લાખ લોકો 'જોઈન આરએસએસ' દ્વારા જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે. શતાબ્દી વર્ષ દરમિયાન સંઘના તાલીમ કાર્યક્રમો પણ વિશાળ પાયે યોજાશે. આ વર્ષે દેશભરમાં ૯૭ તાલીમ વર્ગો આયોજિત કરવામાં આવશે.

---

## સૂડોકુ -૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૯ | | | | | ૨ |
| | | | ૬ | | | | | ૧ |
| ૬ | ૨ | | | | | | | |
| | | | | | ૮ | | | |
| | ૪ | | ૫ | ૧ | ૨ | | ૬ | |
| | | | | ૭ | | ૫ | ૪ | |
| | | ૫ | | | | ૭ | | |
| | ૮ | ૭ | | | ૫ | | | ૯ |
| ૪ | ૧ | | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૦ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૬ | ૧ | ૯ | ૨ | ૭ | ૫ | ૮ |
| ૯ | ૮ | ૧ | ૫ | ૩ | ૭ | ૬ | ૪ | ૨ |
| ૫ | ૨ | ૭ | ૮ | ૬ | ૪ | ૯ | ૩ | ૧ |
| ૩ | ૬ | ૨ | ૯ | ૭ | ૫ | ૮ | ૧ | ૪ |
| ૧ | ૯ | ૪ | ૩ | ૮ | ૬ | ૫ | ૨ | ૭ |
| ૮ | ૭ | ૫ | ૪ | ૨ | ૧ | ૩ | ૯ | ૬ |
| ૭ | ૪ | ૮ | ૨ | ૫ | ૩ | ૧ | ૬ | ૯ |
| ૨ | ૫ | ૯ | ૬ | ૧ | ૮ | ૪ | ૭ | ૩ |
| ૬ | ૧ | ૩ | ૭ | ૪ | ૯ | ૨ | ૮ | ૫ |

---

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૪.૩.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ દશમ, ઉત્તરાષાઢા નક્ષત્ર, પરિઘ યોગ, વિષ્ટિ કરણ આજે સવારે ૯.૩૨ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) ત્યારબાદ મકર (ખ,જ) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : આંતરિક શક્તિ વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ, પ્રગતિ થાય.
**વૃષભ (બ,વ,ઉ)** : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, ધાર્યા કામ પાર પાડી શકો.
**મિથુન (ક,છ,ઘ)** : મનમાં ચીડિયાપણું રહે, માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય,મધ્યમ દિવસ.
**કર્ક (ડ,હ)** : ભાગીદારીમાં કામ કરતા મિત્રોને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**સિંહ (મ,ટ)** : તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.
**કન્યા (પ,ઠ,ણ)** : પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, દિવસ ખુશનુમા વીતે.
**તુલા (ર,ત)** : તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, દિવસ આનંદમાં પસાર કરી શકો.
**વૃશ્ચિક (ન,ય)** : નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**ધન (ધ,ભ,ફ,ઢ)** : તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય, નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.
**મકર (ખ,જ)** : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો, વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે, કામકાજમાં સફળતા મળે.
**કુંભ (ગ,સ,શ)** : ખર્ચ પર અંકુશ રાખવો પડે, આવક જાવક નો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસે ના ચાલવું.
**મીન (દ,ચ,ઝ,થ)** : નસીબ સાથ આપતું જણાય, આકસ્મિત લાભ થાય, ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

---

# કુંભ રાશિના કુંભમાં શું ભરેલું છે તે રહસ્ય છે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

ગ્રહોના રાજા સૂર્ય મહારાજ ૧૫ માર્ચના જળતત્વની રાશિ મીનમાં પ્રવેશ કરશે જ્યાં શનિ સાથે યુતિમાં આવશે. કુંભ રાશિ એ કુંભનો સંકેત દર્શાવે છે જે કુંભમાં શું ભરેલું છે તે રહસ્ય છે માટે જયારે સૂર્ય ચાર ગ્રહોની યુતિમાં કુંભમાંથી મીન જળતત્વમાં જાય ત્યારે માટીના કુંભમાં શુદ્ધ જળ સાથે ગંગાજળ ,ચંદન સુગંધિત દ્રવ્ય ,દુર્વા અને ચોખા પધરાવી સૂર્ય ને દર્શાવી અને પીપળા નીચે મુકવાથી વિશેષ લાભ થાય છે. અગાઉ લખ્યા મુજબ હાલ મીનમાં શુક્ર શનિ ની યુતિ છે સાથે સૂર્ય આવશે એટલે જળતત્વને વધુ એક્ટિવ કરે છે અને દરિયામાં ગતિવિધિ વધતી જોવા મળશે અને દરિયાઈ લડાઈના સંકેત મળે છે જે હાલમાં ચાલુ જ છે અને આ વિષે હું અગાઉ લખી ચુકયો છું સૂર્ય જયારે મીનમાં જાય છે ત્યારે આત્મવિશ્વાસ ઘટતો જોવા મળે છે માટે સૂર્ય મીનમાં જાય ત્યારે સૂર્ય પૂજા આવશ્યક બને છે અને ગાયંત્રી મંત્રની સાધના પણ આ સમયમાં વિશેષ લાભકારી જોવા મળે છે સૂર્ય એટલે કે રાજા સમાન વ્યક્તિ આ સમયમાં આઈસોલેશન માં જતા , બીમાર પડતા કે જેલયાત્રા કરતા જોવા મળે છે અને આ સમયમાં જ્ઞાન અને અધ્યાત્મ તરફ વિશેષ ઝુકાવ રાખવો જોઈએ!

# અનેક પ્રકારે ઐતિહાસિક ઘટનાથી ભરપૂર છે બગસરાની ભૂમિઃ પૂ. મોરારિબાપુ







## માનસ મેઘાણી કથાના છઠ્ઠા દિવસે બગસરા પંથક મેઘાણીમય બન્યું

**અબતક, સમીર વિરાણી, બગસરા**

માનસ મેઘાણીના છઠ્ઠા દિવસે રામકથામાં માનવ મેદ ની ઉમટી પડી હતી. બાપુએ કહ્યું હતું કે અનેક પ્રકારના ઐતિહાસિક ઘટનાથી ભરપૂર એવી આ બગસરાની ભૂમિને હું પ્રણામ કરું છું.બાપુએ ઉમેરતા એમ પણ કહ્યું હતું કે ગુજરાતમાં ભાગ્યે જ કોઈ એવી રાત હશે જયારે મેઘાણીજીને યાદ નહીં કરાયા હોય,ભાગ્ય જેવી કોઈ રાત હશે ત્યારે કવિ કાગ અને દાદને યાદ નહીં કરાયા હોય. મેઘાણીજીના સાહિત્યના સંદર્ભમાં એમ કહ્યું હતું કે મેઘાણીજીના સાહિત્યનો કોઈ સાધુએ મ મંથન કરવું જોઈએ

આજે નાનામાં નાના માણસની પણ બગસરા તરફ નજર છે એ બતાવે છે કે મેઘાણી સર્વને કેટલા પ્રિય છે.આજે આખું ગુજરાત મેઘાણીમય છે. મેઘાણી પોતે એવો મોટો દરિયો છે જે દરિયાની અંદરથી મીઠી મીઠી વીરડી ગોતે છે અને સમાજની તરફ એ મોકલે છે. કોઈ ભાવકે પ્રશ્ન પૂછો કે મેઘાણીજીનો ધર્મ કયો તો બાપુએ કહ્યું શાસ્ત્રનો આધાર લઈને કે મેઘાણીજી સર્વવર્ણિક છે. વિશાળ જનમેદની ને બાપુએ કહ્યું હતું કે આપણે સત્યવાદી ન થઈ શકે તો જે સત્યવાદી છે તેના થઈ જવું જોઈએ. મેઘાણીજીનો અર્થ કયો તો કયું મેઘાણીજીનો અર્થ એ સાહિત્યનો અર્થ લુખાત લોકો સુધી પહોંચાડવાનું કામ મેઘાણી માટે કામ શું એનો જવાબ આપતા કહ્યું કે સંસ્કારની વાતો લોકો સુધી પહોંચાડવી એ મેઘાણી નું કામ. અને મેઘાણી માટે મોક્ષ એટલે શું? એના જવાબમાં કહ્યું હતું કે ૫૦ વર્ષમાં ૫૦૦ વર્ષ જેટલું કામ કરી ગયા એ જ મેઘાણીજી માટે મોક્ષ છે. કથામાં શ્રદ્ધા ધરાવનાર એક યુવાન દંપતિએ એવો મનોરથ સેવ્યો કે બાપુ અમારે વીંટી નહીં પણ પરસ્પર બેરખો અર્પણ કરીને સગાઈ બંધનથી જોડાવું છે તો એ યુવા દંપતિની ભાવનાની પણ કદર કરીને બાપુએ તેમને મંચ પર બોલાવ્યા હતા.

# રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા ૧૭ મંડળોની કાલે એક સાથે યોજાશે ટિફિન બેઠક

### ટીફિન બેઠકોમાં મંડળ પ્રભારીઓ કાર્યકરોને આપશે માર્ગદર્શન



**અબતક, રાજકોટ**

રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા જીલ્લાના તમામ ૧૭ મંડળમાં એક સાથે એક જ સમયે યોજાનારી ટીફીન બેઠકમાં મંડળ પ્રભારીઓ કાર્યકરોને માર્ગદર્શન આપશે. ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા તેમજ પ્રદેશ મહામંત્રી રત્નાકર, સૌરાષ્ટ્ર ઝોન મહામંત્રી અનિરુદ્ધભાઈ દવેના માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લા પ્રભારી ભરતભાઈ આર્ય તેમજ રાજકોટ જિલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયાની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માકડીયાએ રાજકોટ જિલ્લા ભાજપના તમામ ૧૭ મંડળોમાં 'એક સાથે એક સમયે' ટિફિન બેઠકનું તારીખ ૧૪-૦૩-૨૦૨૬ને શનિવારના રોજ સવારે ૧૦:૦૦ ક્લાકે યોજાશે.આ અંતર્ગત ટિફિન બેઠકમાં મંડળ કક્ષાએ જે તે મંડળના પ્રભારીએ માર્ગદર્શન સાથે આગામી કાર્યક્રમો પાર્ટીની પ્રણાલી તેમજ સંગઠન વગેરે બાબતોની ચર્ચા કરવામાં આવશે, સાથે સાથે નવનિયુક્ત હોદ્દેદારો અને કાર્યકરોની પરિચય બેઠક લેવામાં આવશે, કાર્યક્રમમાં સાંસદ, ધારાસભ્ય, મંડળમાં રહેતા જીલ્લાના હોદ્દેદારો, જીલ્લા કારોબારી સભ્યો,જીલ્લા મોરચાના હોદ્દેદારો, પ્રેસ-મીડિયા, આઈટી, સોશિયલ મીડિયાના પ્રતિનિધિઓ, પ્રભારીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યઓ તથા મંડળના શક્તિકેન્દ્ર સંયોજક અને પ્રભારીઓ તેમજ બુથ પ્રમુખ અને મંડળમાં રહેતા સિનિયર આગેવાનો ઉપસ્થિત રહેશે.તેમ રાજેશભાઈ ગોંડલીયા, પ્રકાશભાઈ સોલંકી, કુલદીપસિંહ જાડેજાની યાદીમાં જણાવે છે.

# બગસરા 'મેઘાણી માનસ' રામકથાના પાવન અવસરે શિવા ગૃપ દ્વારા કાલે રક્તદાન


### શિવા ગૃપના પ્રમુખ નિતેષ ડોડીઆ માર્ગદર્શન હેઠળ પૂ. મોરારરિબાપુના સાનિધ્યમાં યોજાશે સેવાયજ્ઞ; સાંસદ ભરતભાઈ સુતરીયા અને ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિતના મહાનુભાવો આપશે હાજરી

**અબતક, રાજકોટ**



બગસરાના આંગણે ૪૬ વર્ષના લાંબા અંતરાલ બાદ પરમ પૂજ્ય મોરારીબાપુના શ્રીમુખે મેઘાણી માનસ રામકથાનું ભવ્ય આયોજન થઈ રહ્યું છે, જે સમગ્ર પંથક માટે ગૌરવની ક્ષણ છે. આ પવિત્ર અવસરને સેવાથી મઘમઘતો કરવા માટે શિવા ગૃપ-બગસરા દ્વારા આગામી ૧૪ માર્ચ ૨૦૨૬, શનિવારના રોજ વિશાળ રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શિવા ગૃપના પ્રમુખ નિતેષ ડોડીઆ અને તેમની ટીમ દ્વારા આયોજિત આ કેમ્પ કથા સ્થળ ચિત્રકુટ (પરફેક્ટ રિસોર્ટ પાસે) ખાતે સવારે ૮૦૦ થી બપોરે ૧૦૦ કલાક દરમિયાન યોજાશે. આ સેવાકાર્યમાં વેદ વોલન્ટરી બ્લડ સેન્ટર-અમરેલી પોતાની અમૂલ્ય સેવાઓ પ્રદાન કરશે.

આ રકતદાન કેમ્પમાં પ્રોત્સાહન પૂરું પાડવા માટે સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, પિનાકીનભાઈ મેઘાણી, અભેસિંહ રાઠોડ અને અતુલભાઈ કાનાણી સહિતના રાજકીય અને સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. શિવા ગૃપ અને બગસરાના શહેરીજનો દ્વારા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના તમામ યુવાનો અને ભાઈ-બહેનોને આ સેવાયજ્ઞમાં જોડાઈ રક્તદાન કરવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



# 'અબતક ફાર્મ'ના આંગણે માનવ મંદિરના મહંત ભક્તિરામબાપુનાં પાવન પગલાં

### કેતનભાઈ સોની દ્વારા પૂજ્ય બાપુનું ભાવભીનુ સ્વાગત પૂષ્પહાર અને શાલ અર્પણ કરી કરાયું સન્માન

**અબતક, રાજકોટ**

ધારીમાં આવેલા અબતક ફાર્મ ખાતે એક વિશેષ આધ્યાત્મિક આનંદનો અવસર ઉજવાયો હતો. સાવરકુંડલાના સુપ્રસિદ્ધ માનવ મંદિરના સંત ભક્તિરામ બાપુએ ફાર્મની મુલાકાત લેતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. બાપુની પધરામણી અને પાવન પગલાંથી ફાર્મ પરિસરમાં એક નવી ઊર્જા અને અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો, જેનાથી આખું પરિસર પવિત્રતાનો અનુભવ કરતું હતું.





અબતક ફાર્મ વતી કેતનભાઈ સોની (ધારી) દ્વારા પૂજ્ય બાપુનું અત્યંત ભાવપૂર્વક અને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. કેતનભાઈએ બાપુને પુષ્પહાર અર્પણ કરી ઉમળકાભેર આવકાર્યા હતા અને ત્યારબાદ શાલ ઓઢાડી તેમનું ભવ્ય સન્માન કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે ભક્તિરામ બાપુએ અબતકના મેનેજિંગ તંત્રી સતીષકુમાર મહેતા સાથે સાથે ટેલિફોનિક વાતચીત કરી હતી અને સંસ્થાને પોતાના આશીર્વચન પાઠવ્યા હતા.

કેતનભાઈ સોનીએ બાપુના આગમન બદલ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી અને આ ક્ષણને ફાર્મ માટે ગૌરવરૂપ ગણાવી હતી. પૂજ્ય બાપુના સાનિધ્યમાં ધારીના અબતક ફાર્મ ખાતે ભક્તિ, સેવા અને સમર્પણનો અદ્ભુત ત્રિવેણી સંગમ રચાયો હતો. આ મુલાકાતથી ફાર્મ સાથે જોડાયેલા તમામ લોકોમાં આધ્યાત્મિક આનંદની લહેર પ્રસરી ગઈ હતી.

# ગોંડલ તાલુકા પંચાયતના વિપક્ષ રહીત ભાજપ શાસિત બોર્ડના પાંચ વર્ષ પુર્ણ

### ધારાસભ્ય ગીતાબા જાડેજાના માર્ગદર્શન તળે તાલુકા પંચાયતના અરજદારે બીજો ધકકો ન થાય તેવી વ્યવસ્થાની સરાહના

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ભાજપની પુર્ણ બહુમત સાથેની ગોંડલ તાલુકા પંચાયતની વર્તમાન બોડીનાં પાંચ વર્ષ નાં શાસનની મુદત અંતિમ જનરલ બોર્ડ ની બેઠક સાથે પુરી થઈ છે.

તાલુકા પંચાયત ની તમામ એકવીસ બેઠકો પર ભાજપ નો ભગવો લહેરાતા વિપક્ષ વિહીન તાલુકા પંચાયત માં કેશરીયા રાજ છવાયું હતું.

પ્રથમ શાસનમાં પ્રમુખ તરીકે ભાર્ગવભાઈ અંદીપરા અને ઉપપ્રમુખ તરીકે વસંતબેન કાછડીયા એ તથા બીજા અઢી વર્ષમાં પ્રમુખ તરીકે હીનાબેન ભરતભાઈ ઢોલરીયા અને ઉપપ્રમુખ તરીકે ચિરાગભાઈ ગોલે સતાની ધુરા સંભાળી હતી.

પાંચ વર્ષના આ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ગોંડલ તાલુકાની પ્રજાજનોના સુખાકારી અને સુવિધાઓ માટે રાજ્ય સરકાર તથા ભારત સરકારની વિવિધ યોજનાના લાભો ગામડાના છેવાડાના લોકો સુધી પહોંચાડવા સ્થાનિક વહીવટી તંત્રને વેગવંતુ કરી પૂરી નિષ્ઠા સાથે પ્રયાસો કરી પરિણામ લક્ષી કાર્યો કરેલ છે.

વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ તાલુકા પંચાયત તરીકેનો પુરસ્કાર ગોંડલ તાલુકા પંચાયતને મળેલ હતો. પાંચ વર્ષ દરમિયાન તાલુકા પંચાયત દ્વારા અંદાજિત ૨૫.૨૫ કરોડ જેટલા વિકાસના કામો પરિપૂર્ણ થયા છે.

ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ વર્તમાન ભારતીય જનતા પાર્ટીની બોડી જ્યારથી શાસનમાં આવી ત્યારથી લઈ અત્યાર સુધી છેવાડાના લોકો સહાયથી વંચિત ન રહે તે માટેના તમામ અથાગ પ્રયત્નો કરાયા છે.તાલુકાના કોઈપણ ગામથી કોઈ અરજદાર તાલુકા પંચાયતે કામ સબબ આવે ત્યારે તે અરજદારને બીજો ધક્કો ના થાય અને એક જ દિવસમાં કામ પૂર્ણ થઈ જાય તે માટે તાલુકા પંચાયતે પદાધિકારીઓ તથા સદસ્યો હાજર રહી લોકહિતના કામો કરી લોકસેવાના સૂત્રને સાર્થક કરી પંચાયતી રાજ નું સરાહનીય દર્શન કરાવ્યું છે.તેવું પ્રમુખ હીનાબેન ઢોલરીયા,ઉપપ્રમુખ ચિરાગભાઈ ગોલ તથા કારોબારી અધ્યક્ષ ભાવિકાબા વાઘેલા ની યાદી નાં જણાવાયું છે.

### ગિરનાર પર બિરાજતા માં અંબાજીના ભંડારામાં

# દારૂ અને માંસની મહેફીલનો કથિત વીડિયો વાયરલઃ તપાસના આદેશ આપતા કલેકટર

- મંદિરના પૂજારીઓ, સફાઈ કામદાર અને રસોયા સહિત ૨૬ લોકોને સસ્પેન્ડ કર્યા
- ઘટના સનાતન ધર્મને લાંછનરૂપ અને નિંદનીયઃ ધારાસભ્ય સંજય કોટડીયા

### કથિત વિડીયોની ઘટનાને વખોડતા મહંત મહેશગીરી

કથિત વીડિયોમાં દેખાતી ઘટનાનો સખત શબ્દોમાં વિરોધ નોંધાવાઈ રહ્યો છે. છતાં પણ ભવનાથ ક્ષેત્રના કોઈ સાધુ સંતો આ બાબતે પોતાનું નિવેદન જાહેર કર્યું નથી, એકમાત્ર ભુતનાથ મહાદેવ મંદિરના મહંત મહેશગીરી બાપુએ અંબાજી મંદિરમાં જે ઘટમાનો વિડીયો સામે આવ્યો છે તે ઘટનાને અતિ નિંદનીય ગણાવી છે, અને વહીવટી તંત્ર દ્વારા આ અંગેની તાત્કાલિક તપાસ થાય અને દોષિતો સામે કડક પગલાં લેવા જોઈએ તેમ જણાવ્યું છે.

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

ગિરનાર પર્વત પર આવેલ શક્તિપીઠ એટલે કે માં અંબાજીના ભંડારામાં શરાબ અને માસની મહેફિલ ચાલતી હોય તેવો વિડીયો વાયરલ થતાં આ ધૃણાસ્પદ ઘટના સનાતની લોકોએ આ ઘટનાને નીંદનીય ગણાવી જવાબદારો સામે કડક કાયદાકીય કાર્યવાહી થાય તેવી માંગ ઉઠી રહી છે. જિલ્લા કલેકટર દ્વારા આ ઘટના અંગે તપાસ કરવાના આદેશો જારી કરી દીધા છે.

સમગ્ર ભારત વર્ષ અને વિદેશી ભાવિક, ભકતજનોનું આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર અંબાજી મંદિરના પરિસરમાં ભંડારામાં અમુક લોકો દારૂ અને માસ મટનની મહેફીલ માણતા હોય તેવો એક વિડિયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થવા પામ્યો છે.

જો કે, આ ઘટના તંત્રના ધ્યાનમાં આવતા જ જિલ્લા કલેકટર દ્વારા તાત્કાલિક જુનાગઢ એસ.ડી.એમ.ને તપાસના આદેશ આપી દીધા છે. અને ગઈકાલે સવારે જુનાગઢ સીટી મામલતદાર સહિતના વહીવટી અધિકારીઓ એ અંબાજી મંદિરની મુલાકાત લઈ તપાસ આદરી હતી. આ અંગે સીટી મામલતદાર એ.કે. બારૈયાએ જણાવ્યું હતું કે, આ ઘટના અંગે હાલમાં તપાસ ચાલુ છે. પરંતુ મંદિરના પૂજારીઓ, સફાઈ કામદાર, રસોયા સહિત ૨૬ લોકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અને આવા લોકોને મંદિર પરિસરમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. તે સાથે મંદિરમાં માતાજીની પૂજા માટે હંગામી ધોરણે અનુભવી પૂજારીની પણ વ્યવસ્થા કરી દેવામાં આવી છે. જો કે, લોકોમાં થતી ચર્ચા મુજબ હાલ એસડીએમ ગાંધીનગર ખાતે એક ટ્રેનિંગમાં હોય જેને લઈને આ તપાસ અને તપાસ બાદના રિપોર્ટ માટે રાહ જોવું પડશે તેવું જણાઈ રહ્યું છે. હાલ મંદિરનો વહીવટ વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

જૂનાગઢના ધારાસભ્ય ગાંધીનગર ખાતે હોય, ત્યારે તેમને આ બાબતની જાણ થતા અંબાજી મંદિર ખાતે ખૂબ જ ગંભીર બનાવો બન્યો છે. જે સનાતન ધર્મ માટે લાંછન રૂપ બનાવ છે. આ બાબતે મેં જુનાગઢ કલેક્ટર અને એસપી સાથે વાત કરી તાત્કાલિક તપાસ કરી દોષિત સામે પગલાં ભરાઈ તેમ જણાવ્યું છે, આ સાથે પ્રભારી મંત્રીને પણ આ બાબતથી વાકેફ કર્યા છે. તે સાથે મંદિરમાં બિરાજતા માતાજી સહિતના દેવી-દેવતાઓના પૂજન અર્ચના યોગ્ય રીતે થાય તે માટે અન્ય ૨ પૂજારીઓની હંગામી ધોરણે નિમણૂક પણ કરી દીધી હોવાનું તંત્ર દ્વારા જાણવા મળી રહ્યું છે.

### હિન્દુ સંગઠનો અને પૂર્વ મહંતના પરિવારે તટસ્થ તપાસની કરી માંગ

નિંદનીય કથિત વીડિયોને લઈને વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ અને અંબાજી મંદિરના પૂર્વ મહંત સ્વ. તનસુખગીરી બાપુના પરિવારના સભ્યો અને હાલના અંબાજી મંદિરના પૂજારીઓ દ્વારા તંત્રને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. વીડિયોમાં જે લોકો દેખાય છે તેમાંથી અમારા દશનામી ગૌસ્વામી બાવાજી સમાજના કે મંદિરના કોઈ પૂજારી દેખાતા નથી. છતાં પણ તંત્ર દ્વારા પૂજારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જે યોગ્ય નથી, આની જીણવટ ભરી તપાસ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.


RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY
E - mail :- rajurbandev@yahoo.com

**ટેન્ડર નોટીસ**

રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા માન્ય કોન્ટ્રાકટરો પાસેથી નીચે મુજબના કામો માટે ઓન-લાઇન ભાવ-પત્રક મંગાવવામાં આવે છે.

| ક્રમ નં. | ટેન્ડર નંબર | કામનું નામ | અ) એસ્ટીમેટેડ કોસ્ટ<br>બ) અરનેસ્ટ મની<br>ક) ઈ-ટેન્ડર ફી<br>ડ) લાસ્ટ ડેટ ઓફ ઓનલાઈન સબમીશન |
|---|---|---|---|
| ૧ | રૂડા/૨૭૬/૨૦૨૬-૨૭ | એન્યુઅલ રેટ કોન્ટ્રાક્ટ ફોર સિવિલ વર્કસ - વોટર સપ્લાય & ડ્રેનેજ વર્કસ ઇન રૂડા એરીયા. | અ) રૂ. ૨,૦૦,૦૦,૦૦૦/-<br>બ) રૂ. ૨,૦૦,૦૦૦/-<br>ક) રૂ. ૫૩૧૦/- (GST સાથે)<br>ડ) તા. ૨૫/૦૩/૨૦૨૬ |

ટેન્ડરની વધુ જાણકારી માટે www.nprocure.com વેબસાઇટ પર માહિતી ઉપલબ્ધ થશે. વધારાની માહિતી જેવી કે નોટીફિકેશન, કોરીજન્ડમ, સુધારો, પ્રી-બીડ વગેરે ઉપર મુજબની વેબસાઇટ પર ઉપલબ્ધ થશે.

માહિતી -રાજ-૧૯૬૪-૨૫-૨૬

## તંત્રી લેખ

# દુધે ધોયેલા કોઈ નથી...યુદ્ધમાં ભારતની નિષ્પક્ષતા જ શ્રેષ્ઠ માર્ગ!

છેલ્લા કેટલાક સપ્તાહથી પશ્ચિમ એશિયા ભીષણ યુદ્ધની આગમાં સળગી રહ્યું છે. એક તરફ ઈઝરાયેલ-અમેરિકાનું ગઠબંધન છે, તો બીજી તરફ ઈરાન છે, જેને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રશિયા અને ચીનની સહાનુભૂતિ પ્રાપ્ત છે. આ તમામ પક્ષો સાથે ભારત કૂટનીતિક અને વ્યાપારી સંબંધો ધરાવે છે. આ સંજોગોમાં ભારતે શું કરવું જોઈએ અને કોનો પક્ષ લેવો જોઈએ, તેવા પ્રશ્નો દેશના એક રાજકીય વર્ગ દ્વારા ઉઠાવવામાં આવી રહ્યા છે.

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ એક લેખમાં ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈની હત્યા મામલે નરેન્દ્ર મોદી સરકારની ચુપ્પીને ન્યાયનો ત્યાગ ગણાવી છે, પરંતુ હકીકતમાં સરકાર માત્ર રાષ્ટ્રહિત અને પોતાના નાગરિકોની સુરક્ષાને પ્રાથમિકતા આપી રહી છે.

ખાડી દેશોમાં ચાલી રહેલા તણાવને લઈને બે વાતો એકદમ સ્પષ્ટ છે. પહેલી એ કે, આમાં નૈતિકતાની વાત કરવી તદ્દન અર્થહીન છે અને બીજી એ કે, યુદ્ધમાં સામેલ બંનેમાંથી કોઈ પક્ષ સંત નથી. ભારતીય પરંપરામાં મહાભારતનું યુદ્ધ માત્ર વીરતાનું જ નહીં, પરંતુ યુદ્ધના નિયમો તૂટવાનું પણ સૌથી મોટું ઉદાહરણ છે. ચક્રવ્યૂહમાં ફસાયેલા અભિમન્યુ પર અનેક કૌરવ યોદ્ધાઓએ એકસાથે હુમલો કર્યો હતો, જે યુદ્ધ-નીતિની વિરુદ્ધ હતું. તેવી જ રીતે પાંડવોએ પણ ભીષ્મ પિતામહ સામે શિખંડીને ઊભો રાખીને તેમનો વધ કર્યો હતો. આ દર્શાવે છે કે યુદ્ધમાં જીત મેળવવા માટે નિયમોને નેવે મુકવામાં આવે છે.

આજના સમયમાં અમેરિકાની આગેવાનીવાળું ગઠબંધન અને ઈરાન પણ કોઈ દૂધે ધોયેલા નથી. ઈરાનની વર્તમાન સત્તા લાંબા સમયથી દેશની અંદર દમન અને બહાર અસ્થિરતા ફેલાવવાના આરોપોથી ઘેરાયેલી છે. ૧૯૭૯ની ક્રાંતિ પછી બનેલી ઈસ્લામી વ્યવસ્થાએ પોતાના કટ્ટરપંથી વિચારોને બાકીની દુનિયા પર થોપવાની નીતિ અપનાવી છે. તેની કુદ્સ ફોર્સે પશ્ચિમ એશિયામાં અનેક સંગઠનોને આશરો આપ્યો છે. લેબનોનમાં હિઝબુલ્લાહ અને પેલેસ્ટાઈનમાં હમાસ જેવા સંગઠનો વર્ષોથી ઈરાનના ટેકા પર નભી રહ્યા છે. જ્યારે ઈરાનમાં મહિલા અધિકારો માટે પ્રદર્શનો થયા, ત્યારે સત્તાએ તેને પણ ક્રૂરતાપૂર્વક કચડી નાખ્યા હતા.

બીજી તરફ, અમેરિકાનો ઈતિહાસ પણ કોઈ નૈતિકતાથી ભરેલો નથી. ૧૯૫૫માં તેણે પોતાના સહયોગી દેશો સાથે મળીને વિયેતનામમાં યુદ્ધ શરૂ કર્યું હતું, જે ૨૦ વર્ષ સુધી ચાલ્યું અને લાખો લોકોના જીવ ગયા પછી પણ તે વિજય મેળવી શક્યું ન હતું. ૧૯૭૧માં જ્યારે પૂર્વ પાકિસ્તાનમાં મોટા પાયે હિંસા અને અત્યાચાર થઈ રહ્યા હતા, ત્યારે પણ અમેરિકાએ પાકિસ્તાનનું સમર્થન કરીને ભારત સામે પોતાનું વિમાનવાહક જહાજ બંગાળની ખાડીમાં તૈનાત કરી દીધું હતું. આમ છતાં પાકિસ્તાનને ભારતના હાથે શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો.

# સાધ્વીજી હિતવર્ધનાશ્રીજી મ.સા. ૭૮ વર્ષની વયે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં

**અબતક, રાજકોટ**

જૈન શાસનના સાગરાનંદ સુરી સમુદાયના વર્તમાન ગચ્છાધિપતિ નરદેવ સાગર સુરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી સાધ્વીજી હિતવર્ધનાશ્રીજી મહારાજ સાહેબનું આજરોજ સવારે કાળધર્મ પામ્યાં છે. ૭૮ વર્ષની વય ધરાવતા સાધ્વીજીએ સમાધિપૂર્વક નવકાર મંત્રનું સ્મરણ કરતાં સવારે ૦૭:૧૫ કલાકે અંતિમ શ્વાસ લીધા હતા.

સાધ્વીજી હિતવર્ધનાશ્રીજી મ.સા.એ ૪૪ વર્ષ સુધી સંયમ જીવન એટલે કે દીક્ષા પર્યાય પાળી જૈન શાસનની અમૂલ્ય સેવા કરી હતી. તેઓ સાધ્વી કનક પ્રભાત શ્રીજી મ.સા.ના શિષ્યા જયજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા હતા.



તેમના દેહત્યાગના સમાચાર વહેતા થતા જ જૈન સમાજમાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી. આજે સવારે ૧૦:૩૦ કલાકે પાલીતાણાના આગમ મંદિર સ્થિત વિમલા વિહાર હોલ ખાતેથી તેમની પાલખીયાત્રામાં મોટી સંખ્યામાં જૈન અને જૈનેતર ભાવિકો જોડાયા હતા અને સાધ્વીજી પ્રત્યે પોતાની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

# ગોંડલમાં વીજ બીલ ન ભરનારાઓ સામે મંગળવારથી ફરી શરુ થશે ડીસ કનેકશન ડ્રાઈવ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલમાં લાંબા સમય સુધી વિજબીલ નહી ભરી 'આળસ' દાખવનારા ગ્રાહકો સામે પીજીવીસીએલ તંત્ર દ્વારા ફરી એકવાર લાલ આંખ દાખવી તા.૧૭ મંગળવાર નાં મેગા ડીસકનેકશન ડ્રાઈવની કવાયત હાથ ધરી છે.

આગામી ૧૭-૦૩ ને મંગળવાર ગોંડલ શહેર પેટા વિભાગ હેઠળ આવતા વિસ્તારમાં 'મેગા ડીસકનેક્શન ડ્રાઈવ' રાખવામાં આવેલ છે.

જેમા બાકી લેણદાર વિજ ગ્રાહકોના તમામ કનેક્શન પૂર્વ ચેતવણી આપ્યા સિવાય કાપવામાં આવશે. ઉચ્ચ વહીવટી અધિકારી ની કડક સૂચના અનુસાર આ દિવસે સ્થળ પર કોઈ પણ પ્રકારના નાણાં વસુલવામાં આવશે નહીં. પીજીવીએલના કર્મચારી ઘરે આવે ત્યારે પૈસા ભરીને વિજ જોડાણ બચાવી શકાશે નહિ. જો લાઈટ કપાશે તો તમારે કચેરીએ આવીને બાકી બીલની પૂરી રકમ તથા રી-કનેક્શન ચાર્જ ભરવો પડશે શહેરના તમામ ગ્રાહકોને તા. ૧૬.૦૩.૨૬ મી સુધીમાં પોતાના બાકી રહેતા વિજ બીલ ભરપાઈ કરી સહકાર આપવા નાયબ ઈજનેરે અપીલ કરી છે.

# ધ્રાંગધ્રામાં સેવા સેતુ કાર્યક્રમમાં નાગરિકોને એક જ સ્થળે મળી અનેક સરકારી સુવિધાઓ

## મામલતદાર અને ચીફ ઓફિસરની હાજરીમાં યોજાયેલા કેમ્પમાં આધારકાર્ડથી લઈ આરોગ્ય તપાસ સુધીની સેવાઓ ઉપલબ્ધ કરાવાઈ

**અબ તક સલીમ ઘાંચી ધ્રાંગધ્રાઃ**

રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ ધ્રાંગધ્રા નગરપાલિકા ખાતે ભવ્ય 'સેવા સેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓ અને પ્રમાણપત્રો મેળવવા માટે સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેવા શુભ હેતુથી એક જ સ્થળે તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી.

આ કેમ્પમાં આધારકાર્ડ, જાતિના દાખલા, ચૂંટણી કાર્ડ, તેમજ જન્મ-મરણના પ્રમાણપત્રો જેવી પાયાની સેવાઓ ઉપલબ્ધ કરાવાઈ હતી. ઉપરાંત,



કાર્યક્રમમાં તબીબી ટીમ દ્વારા લોકોની આરોગ્ય તપાસ પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ધ્રાંગધ્રા મામલતદાર બળદેવભાઈ પટેલ અને ચીફ ઓફિસર મંટીલકુમાર પટેલ સહિતના અધિકારીઓએ હાજર રહી અરજદારોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મોટી સંખ્યામાં શહેરીજનોએ આ તકનો લાભ લઈ સરકારના જનકલ્યાણકારી અભિગમની પ્રશંસા કરી હતી.

# લીંબડીના ખંભલાવ અને સમલા ગામે પીજીવીસીએલ ટીમોએ ૯૦ વીજ જોડાણોમાંથી ગેરરીતિ પકડી પાડી

**અબતક, અશ્વિનસિંહ રાણા, લીંબડી**

ઝાલાવાડમાં વિજ ચોરીનું પ્રમાણ વધતા રાજ્ય સરકારના અભિયાન અંતર્ગત કોર્પોરેટ વિજિલન્સ ડ્રાઈવ અંતર્ગત લીંબડી તાલુકાના સમલા તથા ખંભલાવમાં ૩૯ ટીમોએ વિજ ચેકિંગ હાથ ધર્યુ હતું.

લોકલ પોલીસ તથા એસઆરપી સાથે વિજ ચેકિંગ કરવામાં આવ્યું. અધિક્ષક ઈજનેર એન.એન. અમીનની હાજરીમાં તથા તેમની સૂચના અનુસાર વિજ ચેકીંગ હાથ ધરાયું હતું.

લીંબડી તાલુકાના સમલા તથા ખંભલાવમાં કુલ ૫૦૦ થી વધુ વિજ કનેક્શન ચેક કરવામાં આવ્યા.

લોકલ પોલીસ તથા એસઆરપી સાથે વિજ ચેકિંગ કરવામાં આવ્યું. અધિક્ષક ઈજનેર



એન.એન. અમીન તથા લીંબડી પીજીવીસીએલ નાયબ ઈજનેર એચ એમ સુતરીયા ના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો બનાવી ને ઉચ્ચ અધિકારીઓની સૂચના અનુસાર વિજ ચેકીંગ કરવામાં આવ્યું હતું. વિજ ચેકીંગ જેમાં કુલ ૯૦ વીજ કનેક્શનમાં ગેરરીતી ઝડપાઈ અને ૯૨ લાખનો દંડ કરવામાં આવ્યો. જ્યારે સમલા ગામે પણ ૪૮ જેટલા વિજ કનેક્શન ચેક કરી ૪૭ લાખ દંડ ફટકારવામાં આવ્યો હતો. જ્યારે ખંભલાવ ગામે ૪૨ વિજ કનેક્શન ચેક કરી ૪૫ લાખ જેટલો દંડ ફટકારવામાં આવ્યો હતો. એકાએક વિજ ચેકીંગ ડ્રાઈવ હાથ ધરવામાં આવતા લોકોમાં દોડધામ મચી જવા પામી હતી.

# ભાયાવદરમાં સફાઈ કર્મચારીઓનું સ્વાસ્થ્ય નગરપાલિકાની પ્રાથમિકતાઃ પ્રમુખ રેખાબેન સીણોજીયા

## ભાયાવદર નગરપાલિકા દ્વારા મહિલા દિનની ઉજવણી, સફાઈ કામદાર બહેનોના આરોગ્યની તપાસ કરાઈ

**અબતક, હાર્દિક રાવલ, ભાયાવદર**

આંતરરાષ્ટ્રીય મહિલા અઠવાડિયાની ઉજવણીના ભાગરૂપે ભાયાવદર નગરપાલિકા દ્વારા એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી હતી. શહેરને સ્વચ્છ રાખવામાં મહત્વનું યોગદાન આપતી તમામ મહિલા સફાઈ કર્મચારીઓ માટે 'સફાઈ મિત્રો સુરક્ષા શિબિર' અંતર્ગત વિશેષ આરોગ્ય નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



હતું. આ કેમ્પમાં સ્થાનિક હોસ્પિટલના ડો. કાનાણી દ્વારા સેવાઓ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા નગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતાઃ

રેખાબેન સીણોજીયા (પ્રમુખ, ભાયાવદર નગરપાલિકા), ભગવાનજીભાઈ પરસાણીયા (ચેરમેન , આરોગ્ય સમિતિ), સંજયભાઈ સિણોજીયા (અગ્રણી) હાજર રહ્યા હતા. તેમજ નગરપાલિકા પ્રમુખએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, શહેરની સફાઈમાં પાયાની કામગીરી કરતી મહિલાઓના સ્વાસ્થ્યની દરકાર રાખવીએ નગરપાલિકાની પ્રાથમિકતા છે.

# ગોંડલ શહેર ભાજપ પ્રમુખ સમીર કોટડીયાનો જન્મદિવસ



ગોંડલ ભાજપના પાયાના કાર્યકરથી શહેર પ્રમુખ બનેલા સમીરભાઈ કોટડીયાનો આજે જન્મદિવસ છે.

સમીરભાઈ મહામંત્રી તરીકે સેવા આપી હતી. તે શહેર પ્રમુખ તરીકે સવાયા સાબીત થયા છે. શહેરનાં ખુણે ખુણે અને છેક છેવાડાનાં વિસ્તાર સુધી ભાજપની વિચારધારા પહોંચતી કરવામાં તે સફળ થયા છે. મિતભાસી સ્વભાવ સાથે બહોળો મિત્ર વર્ગ ભાજપ મોવડી જયરાજસિહ જાડેજાની ગુડબુકમાં સ્થાન ધરાવતા સમીર કોટડીયા આગામી નગરપાલિકાની ચુંટણીમાં તમામ બેઠકો પર ફરી ભગવો લહેરાવવા દ્રઢ નિશ્ચયી બન્યા છે. તેમનાં જન્મદિવસે મો.૯૯૨૫૧૦૦૦૮૧ પર શુભેચ્છાઓનો ધોધ વહી રહ્યો છે.

# ધોરાજીના ડુમીયાણી ટોલ પ્લાઝા સામે નિયમ વિરૂધ્ધ ટેક્સ ઉઘારાવાતો હોવાની ટ્રક માલીક એસો.ની રાવ

## ટ્રક માલીક એસો.એ આવેદન પત્ર આપી ઉચ્ચ કક્ષાએ કરી રજુઆત

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજી નજીકના ડુમીયાણી ટોલ પ્લાઝાના સંચાલકો અવર લોડના નામે નિયમ વિરુધ્ધ ટોલ ઉઘારવતા હોવાનો આક્ષેપ સાથે ધોરાજી ઉપલેટા ટ્રક માલીક એસો. દ્વારા પ્રાંત અધિકારીને આવેદન પત્ર પાઠવી વડાપ્રધાન, માર્ગ પરિવર્તન મંત્રી, હાઈવે ઓથોરીટી, મુખ્યમંત્રી અને જીલ્લા કલેકટરને ટોલની નિયમ વિરુધ્ધની વસુલાત અંગે ફરીયાદ કરી છે. આ બાબતે ધોરાજી-ઉપલેટા ટ્રક માલીક એસો.ના રસિકભાઈ છગનભાઈ ચાવડાએ જણાવ્યું છે કે, ડુમિયાણીના આ ટોલ પ્લાઝા ખાતે



સરકાર દ્વારા નિર્ધારીત નિયમો અને માર્ગદર્શિકાઓનું ઉલ્લંઘન કરી કોમર્શિયલ વાહનો પાસેથી ઓવરલોડના નામે મનમાની રીતે વધુ ટોલ રકમ વસુલવામાં આવે છે તેમજ સ્થાનિક વાહન ચાલકો પાસેથી પણ સંપૂર્ણ ટોલ ચાર્જ વસુલવામાં આવે છે જે તદન નિયમ વિરૂધ્ધ છે.સરકારના નિયમ મુજબ ટોલ બુથથી ૨૦ કિલોમીટરની પરિધિમાં આવતા સ્થાનિક વાહનોને ફ્રી પાસ/ રાહત મળવી જરૂરી હોવા છતાં ડુમિયાણી ટોલ બુથ પર આ જોગવાઈનો અમલ થતો નથી

# ઊનામાં લક્ષ્ય ફાઉન્ડેશન આયોજીત બીજા સમૂહ લગ્ન ની નોંધણી માટે ૨૦મી સુધીની મહેતલ

## પ્રથમ સમૂહ લગ્નના સફળ આયોજન બાદ સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન માટે વડીલોમાં ભારે ઉત્સાહ

**અબતક ઉના**

ઉના સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સામાજિક સેવા કાર્ય માટે જાણીતા લક્ષ્ય ફાઉન્ડેશન દ્વારા પ્રથમ સમૂહ લગ્નની સફળતા બાદ બીજા સમૂહ લગ્ન માટે નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે પ્રથમ સમૂહ લગ્નમાં પૂર્વ મંત્રી વસુબેન ત્રિવેદી શાસ્ત્રી રમેશભાઈ દીક્ષિત રાજુભાઈ ડાભી પરેશભાઈ જાની ના માર્ગદર્શન ખુબ સરસ આયોજન થયું હતું ત્યારે હવે આ વર્ષે

૨૫/૪/૨૦૨૬ શનિવારે કોટેચા પાર્ટી પ્લોટ ખાતે યોજાનારા બીજા સમૂહ વિવાહ સંસ્કારી અવસરમાં માં સમગ્ર ગુજરાત માં માતા-પિતા વિહોણી અથવા અનાથ દીકરીઓ ને સાસરે વળાવવા અંગે લગ્ન નોંધણી માં વાલીઓનો સારુ પ્રતિસાદ મળ્યો છે નોંધણીની અંતિમ તારીખ, ૨૦માર્ચ સુધીમાં વાલીઓએ સમુહ લગ્ન માં વહેલા તે પહેલાના ધોરણે દીકરી અને દીકરાના લગ્નની નોંધણી કરાવી લેવા લક્ષ્ય ફાઉન્ડેશન ઉનાના કાર્યાલય ઈન્ચાર્જ ધ્રુવ રમેશભાઈ દીક્ષિત દ્વારા જણાવવામાં આવ્યું છે.

# અમરેલીઃ ખેડુતો માટેની કિસાન નિધિ યોજનાની ટેકિનકલ સમસ્યા દુર કરવા માંગ

## દેવભૂમિ દેવળીયાના સરપંચ ભાવનાબેન સુખડિયાની રજૂઆત

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લાના અનેક ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન નિધિ યોજના અંતર્ગત મળતી સહાયમાં છેલ્લા પાંચ મહિનાથી ટેક્નિકલ સમસ્યાઓ સર્જાતી હોવાની બાબત સામે આવી છે, આ મુદ્દે દેવભૂમિ દેવળીયા ગામના મહિલા સરપંચ ભાવનાબેન સુખડિયા દ્વારા રાજ્ય સરકારને લેખિત રજૂઆત કરી ખેડૂતોના પ્રશ્નો તાત્કાલિક ઉકેલવા માંગ કરવામાં આવી છે.

મહિલા સરપંચે રાજ્યના કૃષિ, પશુપાલન અને ગૌ સંવર્ધન વિભાગના મંત્રી કૌશિકભાઈ



વેકરીયાને પત્ર લખી જણાવ્યું છે કે અમરેલી જિલ્લાના ઘણા ખેડૂતોના પ્રધાનમંત્રી કિસાન નિધિ સહાય સંબંધિત પ્રશ્નો લાંબા સમયથી વિવિધ કચેરીઓમાં પડતર છે, આ સહાય અંગેની અરજીઓના નિરાકરણ માટે તાલુકા વિકાસ અધિકારીના આઈ.ડી. પાસવર્ડ તથા અન્ય ટેક્નિકલ પ્રક્રિયાઓ જરૂરી હોય છે, પરંતુ ઘણા તાલુકાઓમાં આઈ.ડી. પાસવર્ડ જનરેટ ન થતા અરજીઓનું કામ આગળ વધતું નથી. જેના કારણે અનેક ખેડૂતોને મળવાપાત્ર સહાય અટવાઈ ગઈ છે.

ખેતીવાડી કચેરીઓના વડાઓને આઈ.ડી. પાસવર્ડ ઉપલબ્ધ કરાવી ટેક્નિકલ સમસ્યા દૂર કરવાની અને ખેડૂતોના પ્રશ્નો તાત્કાલિક ઉકેલવાની માંગ કરી છે.

# અમરેલી ગજેરા કેમ્પસ વિદ્યાસભાના રમત વિરો ખેલ મહાકુંભમાં ગોલ્ડ મેડલ જીત્યા

## સાપુતારા ખેલ મહાકુંભમાં જુડોમાં અમરેલીએ મેદાન માર્યુ



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલીની જાણીતી શૈક્ષણિક સંસ્થા ગજેરા કેમ્પસ વિદ્યાસભાના વિદ્યાર્થીઓએ સાપુતારામાં યોજાયેલ ખેલ મહાકુંભમાં જુડો સ્પર્ધામાં ૩ ગોલ્ડ મેડલ જીતી અમરેલીનું નામ રોશન કર્યુ છે.

સાપુતારામાં યોજાયેલ ખેલ મહાકુંભમાં રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા ખેલાડીઓ વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ગજેરા કેમ્પસના ખેલાડીઓએ પોતાની પ્રતિભા અને મહેનતના બળે અનેક પદકો જીતી સંસ્થાનું નામ ગૌરવપૂર્ણ રીતે ઉજાગર કર્યુ છે. U-૧૪ નાકિયા ઈશ્વર (૩૦ કિ.ગ્રા.), U-૧૭ નંદવાણા રવિરાજ (૫૦ કિ.ગ્રા.), U-૧૭ મકવાણા હાર્દિક (૪૦ કિ.ગ્રા.) સહિત ત્રણ વિદ્યાર્થીઓએ સુવર્ણ પદક જીત્યા છે. જ્યારે U-૧૪ મકોલીયા હાર્દિક (૫૦ કિ.ગ્રા.), U-૧૪ વાળા યશ (૫૦ કિ.ગ્રા.), U-૧૭ મેણીયા કલ્પેશ (૪૦ કિ.ગ્રા.), U-૧૭ ડાંગોદરા ધ્રુવિન (૪૦ કિ.ગ્રા.), U-૧૭ મકવાણા કુલદીપ (૮૧ કિ.ગ્રા.), U-૧૭ પટેલ મન (૬૬ કિ.ગ્રા.), સહિત ૬ વિદ્યાર્થીએ કાંસ્ય પદક મેળવી પોતાનું કૌશલ બતાવ્યું હતું.

ખેલાડીઓની આ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ અને કોચ-ટ્રેનરને અભિનંદન પાઠવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

# લખતર તાલુકા પંચાયતની સામાન્ય સભામાં રૂ.૪૨.૫૭ કરોડનું બજેટ મંજુર

## સામાન્ય શિક્ષણ, પશુપાલન, પોષક આહાર સહિત સુવિધાનો સમાવેશ કરાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર તાલુકા પંચાયત ખાતે સામાન્ય સભાની બેઠક મળી હતી. તાલુકા પંચાયત પ્રમુખની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં વર્ષ ૨૦૨૬- ૨૦૨૭ માટેનું બજેટ રજૂ કરવા માટે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાયબ હિસાબનીશ દ્વારા રૂ.૪૨.૫૭ કરોડનું બજેટ રજૂ કર્યું હતું.

જે બજેટને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.જેમાં વિવિધ વિકાસના કામોને આવરી લેવામાં આવ્યા છે.જે બેઠકમાં ગત સામાન્ય સભાની મીટિંગની કાર્યવાહીને બહાલી આપવી, ગત કારોબારી સભાની કાર્યવાહીને નોંધને બહાલી આપવી, તેમજ



લખતર તાલુકા પંચાયતનું વર્ષ ૨૦૨૫-૨૦૨૬નું સુધારેલું અંદાજ પત્ર તથા વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટેનું અંદાજપત્ર, મનરેગા શાખા તાલુકા પંચાયતનું બજેટ વર્ષ ૨૦૨૬-૨૦૨૭નુ મંજૂર કરવા બાબતે સામાન્ય સભામાં રજૂ કરવામાં આવ્યું હતું.

આ સામાન્ય સભાની બેઠક દરમિયાન વર્ષ ૨૦૨૬-૨૦૨૭ના રૂ.૪૨.૫૭ કરોડની પુરાંતવાળા બજેટને સર્વાનુમતે મંજૂર કરવામા આવ્યું હતું. આ બજેટમાં સામાન્ય શિક્ષણ, પાક કૃષિ વ્યવસ્થા પશુપાલન, પોષક આહાર સહિતના અન્ય વિકાસના કામો માટે પણ રકમ ફાળવવામાં આવી છે. આ સામાન્ય સભાની બેઠકમાં લખતર તાલુકા વિકાસ અધિકારી, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન, ન્યાય સમિતિ ચેરમેન, તાલુકા પંચાયત ઉપપ્રમુખ, નાયબ તાલુકા વિકાસ અધિકારી, નાયબ હિસાબનીશ સહિતના અધિકારીઓ તેમજ તાલુકા પંચાયતના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# પડધરીના મોવિયામાં સરપંચ અને પાડોશી પરિવારો વચ્ચે ધીંગાણું: સામસામે પથ્થરમારો

## ઘર નજીક ગાળો બોલવા બાબતે શરૂ થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું: ધોકા સહિતના હથિયારો સાથે મારામારી

## હું સરપંચ છું, તમને બધાને ફિટ કરી દઈશ કહી પોલીસની હાજરીમાં ખૂનની ધમકી આપ્યાનો આક્ષેપ

## પડધરી પોલીસે ચાર મહિલા સહિત ૧૬ શખ્સો વિરુદ્ધ રાયોટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધ્યો

**અબતક, રાજકોટ**

પડધરીના મોવિયામાં સરપંચ અને પાડોશી પરિવાર વચ્ચે બઘડાટી બોલી હતી. ઘર નજીક ગાળો બોલવા અંગે શરૂ થયેલી માથાકૂટએ તદ્દન ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. સામસામે બંને પક્ષે પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ધોકા, પથ્થર સહિતના હથિયારો વડે હુમલો કરતા બંને પક્ષે અનેક ઘવાયા હતા. જે મામલે પડધરી પોલીસે બંને પક્ષે ચાર મહિલા સહીત ૧૬ વિરુદ્ધ રાયોટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે પડધરીના મોવિયામાં અનુસૂચિતવાસમાં રહેતા ૪૫ વર્ષીય મહિલા રમીલાબેન નરેશભાઈ ડાયાભાઈ રાઠોડે આરોપી તરીકે ગામમાં જ રહેતા પરાગ લલિત રાઠોડ, ધવલ લલિત રાઠોડ, લલિત નારણભાઈ રાઠોડ અને જ્યોતિ લલિત રાઠોડનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૨/૦૩/૨ ૦૨૬ ના રાત્રીના આશરે સાડા અગ્યાર વાગ્યે હું તથા અમારા પરીવારના સભ્યો ઘરે હતા. ત્યારે મારો દિકરો આશિષ અમારા ઘરની ડેલી ખોલીને બહાર નીકળેલ ત્યારે અમારી શેરીમાં કોઈ જોરજોરથી ગાળાગાળી કરતુ હોય તેવો અવાજ આવતો હતો. જેથી હુ પણ તુરંત જ અમારા ઘરની બહાર નીકળી શેરીમાં ગયેલ ત્યારે અમારી શેરીમાં રહેતા સરપંચ લલિતભાઈનો દિકરા પરાગ, ધવલ તથા લલિતભાઈની પત્ની જ્યોતિબેન તેના ઘરની બહાર ઉભા હતા અને પરાગ ગાળો બોલતો હતો અને મને કહેતો હતો કે, તુ અહિ આવ આજે તો તમને બધાને જોય જ લેવા છે કહિ અપશબ્દો બોલતો હતો. બાદ પરાગ અને ધવલ તથા જ્યોતીબેન તેમજ તેની સાથેના બે-ત્રણ અજાણ્યા શખ્સો અમારી ઉપર છુટા પથ્થરના ઘા કરવાં લાગ્યા હતા. જેથી મારા બન્ને દિકરાઓએ પણ અમારી બાજુથી પથ્થર ઘા કરેલ હતા. ત્યારે પરાગ રાડો પાડતા કહેતો હતો કે, તમે અહિયા આવો આજે તમને જોય લેવા છે અને તેના હાથમાં લાકડી હતી. બાદ તે મારી નજીક આવી મને મારવા જતા મારી પાછળ મારા બન્ને દિકરા ચિરાગ અને આશિષ તથા મારા કૌટુંબિક દિયર રજનીભાઈ રમેશભાઈ રાઠોડ આવી જતા તેઓએ પરાગને પકડી લીધો હતો. રજનીભાઈ તથા મારા દિકરા ચિરાગે તેને લાકડી મારેલ અને અમારે ઝપાઝપી થયેલ હતા. દરમ્યાન મને પણ આ પરાગે શરીરે ઢીકા મારેલ હતા અને કહેતો હતો કે, હુ સરપંચનો દિકરો છુ, તમને બધાને ફિટ કરી દઈશ. દરમિયાન મારા દિયર વસંતભાઈ પ્લાસ્ટીકનો પાઈપ લઈને આવેલ તથા તેની પત્નિ નિતાબેન પણ આવી ગયેલ હતા. તેઓ ઝપાઝપીમાં વચ્ચે પડી અમને છોડાવેલ હતા. ફરિયાદીએ જણાવ્યું હતું કે, હુમલામાં મારા દિયર જયેશભાઈ રમેશભાઈ રાઠોડને જમણા હાથે કોણી પાસે તથા હથેળીમાં પણ છુટો પથ્થર વાગેલ હતો. પરાગે તેને કમરના ભાગે એક લાકડીનો ઘા મારતા મુંઢ ઈજા થયેલ હતી. બાદ મારા નાના દિકરા આશીષે ૧૧૨ હેલ્પલાઈનમાં ફોન કરતા થોડીવારમાં પોલિસ દોડી આવી હતી. જેથી પરાગ અને અજાણ્યા શખ્સો અમને ખૂનની ધમકી આપી નાસી ગયેલ હતા. દરમિયાન સરપંચ લલીતભાઈ તેની બલેનો ફોરવ્હિલ ગાડી લઈને આવેલ હતા. જેથી મારા દિયર વસંતભાઈ રાઠોડે લલીતનુ બાવડુ પકડીને કહેલ કે જો તારા છોકરાએ અમારા ઉપર પથ્થરના ઘા કરી જગડો કરે છે. બાદ લલીતે મારા ઉપર હાથ ઉપાડેલ જેથી ફરીવાર અમારે તેની સાથે ઝપાઝપી થયેલ હતી. બાદ લલિતે જતા જતા કહેલ કે, હુ સરપંચ છુ તમને જોઈ લઈશ, તમને બધાને ફીટ કરી દઈશ તેવી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાથી ભાગી ગયેલ હતો.

જ્યારે સામાપક્ષે વળતી ફરિયાદ નોંધાવતા પ્રફુલભાઈ ઉર્ફે પરાગ લલીતભાઈ રાઠોડ (ઉ.વ. ૨૭)એ આરોપી તરીકે રમીલા નરેશ રાઠોડ, ચિરાગ નરેશ રાઠોડ, આશિષ નરેશ રાઠોડ, જયેશ રમેશભાઈ રાઠોડ, રજની રમેશ રાઠોડ, વસંત ડાયા રાઠોડ, પ્રવીણ કાંતિ રાઠોડ, જીવરાજ ડાયા રાઠોડ, કોમલ જીવરાજ રાઠોડ, ધાર્મિક અમરશી વાઘેલા, હંસા કાંતિ વાઘેલા અને કાંતિ આલા રાઠોડનું નામ આપતાં જણાવ્યું હતું કે,ગઈ તા. ૧૨/૦૩/૨૦૨ ના રાત્રીના સાડા દશેક વાગ્યે હુ તથા મારા મિત્ર નિલેષભાઈ શામજીભાઈ પરમાર હનુમાન ચોકમા માવો ખાતા હતા. તે સમય દરમ્યાન મારા ઘરની બાજુમા રહેતા પ્રવિણભાઈ કાનાભાઈ રાઠોડ તથા આશીષ નરેશભાઈ, ચિરાગ નરેશભાઈ ત્રણેય જણા મારી પાસે આવી કહેલ કે, તુ મારા ઘર પાસે શુ કામે ગાળો બોલે છે. જેથી મેં તેમણે કહેલ કે, હુ ક્યા તમારા ઘરની પાસે ગાળો બોલુ છુ. જે બાદ ત્રણેય ઉશ્કેરાઈ ગયેલ હતા. બાદ આશિષ અને પ્રવિણભાઈએ મને પકડી રાખ્યો હતો અને ચિરાગે હાથમા પથ્થર લઈ મને શરીરે મારવા લાગેલ હતો. જેથી મને બંન્ને પગ તથા ખભામા પથ્થર વાગતા મેં રાડોરાડ કરતા ત્રણેય શખ્સ જતા રહેલ હતા. બાદ હું મારા ઘરે જતો રહેલ હતો. ઘરે જઈ મે મારા દાદી દેવુબેનને વાત કરતા દાદીએ કહેલ કે, આપણે બધા ઘરના જ છીએ માથાકુટ ન કરાય, સમાધા કરી નખાય. જેથી હુ રમીલાબેન જે આશિષ અને ચિરાગના મમ્મી હોય તેમની પાસેં ગયેલ હતો. દરમ્યાન તેના ઘર પાસે બધા ભેગા થઈ ગયેલા હતા. બાદ રમીલાબેને મને કહેલ કે, મારા છોકરા સાથે શુ માથાકુટ કરે છે. દરમિયાન પાછળથી રજનીભાઈ તથા જયેશભાઈ આવી મને પકડી પછાડી દઈ તેના ઘર પાસે ઢસડીને લઈ ગયેલા હતા. બાદ બધા મને આડેધડ મારવા લાગેલ હતા. રમીલાબેન તથા આશિષ અને રજનીભાઈ પાસે લાકડીઓ હતી તેના વડે મને જેમ ફાવે તેમ શરીરે ઘા માર્યા હતા. હુમલાને પગલે દેકારો થતાં મારા ઘરના સભ્યો જેમા મારો ભાઈ ધવલ, પીતા લલીતભાઈ, મમ્મી જ્યોતીબેન ઘરની બહાર નીકળતા આ લોકો તમામ મારા પરિવારજનો પર પથ્થરમારો કરવા લાગેલ હતા. દરમિયાન મારા ભાઈએ ૧૧૨ માં ફોન કરતા પોલિસ દોડી આવી હતી. જેથી મારા પિતા લલિતભાઈ રમીલાબેનના ઘર પાસે જતાં સામાવાળાઓએ તેમને ઢીંકાપાટુનો માર મારેલ હતો. બનાવ અંગે પડધરી પોલીસે ચાર મહિલા સહીત ૧૬ શખ્સો વિરુદ્ધ હુમલો, રાયોટ સહીતની કલમો હેઠળ સામસામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

## સામાપક્ષે સરપંચ પુત્રને પાનના ગલ્લે માર માર્યા બાદ ઘર નજીક પણ બેફામ ફટકાર્યાનો આક્ષેપ

# ગોંડલના દેવચડી ગામે યુવાન પર ધોકા વડે હુમલો

## તારા મકાન પાસે જેસીબી ચલાવવાનો વિરોધ કરીશ તો જાનથી મારી નાખીશ કહી ધમકી : હુમલો, એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

ગોંડલના દેવચડી ગામે યુવાન પર ધોકા વડે હુમલો કરાયો હતો. ઘર નજીક જેસીબી ચલાવવા મામલે થયેલી બોલાચાલીનો ખાર રાખી યુવકને માર મારી ખૂનની ધમકી આપનાર શખ્સ વિરુદ્ધ ગોંડલ તાલુકા પોલિસ મથકમાં હુમલો, એટ્રોસિટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. બનાવ અંગે ગોંડલના દેવચડી ગામે રહેતા કલ્પેશભાઈ ખીમજીભાઈ ચાંડપા (ઉ.વ.૩૫)એ આરોપી તરીકે ગામમાં જ રહેતા જયદીપસિંહ ગિરિરાજસિંહ ચુડાસમાનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈ તા-૦૬/૦૨/૨૦૨૬ ના સાંજના આઠ વાગ્યે હું તથા મારી પત્ની લતા રાજકોટથી દેવચડી મારા ગામ ખાતે આવેલ હતા. બાદ મારી પત્ની લતાને ઘરે મૂકીને અમારા ગામના બસ સ્ટેન્ડ પાસે આવેલ દુકાને દૂધ લેવા માટે ગયેલ હતો. બાદ આશરે ૦૮/૩૦ વાગ્યે હું દુધ લઈને મારા ઘરે પરત જતો હતો. ત્યારે અમારા ગામના જયદીપસિંહ ગિરિરાજસિંહ ચુડાસમા પોતાની કાળા કલરની ફોરવીલ કાર લઈને મારા મોટરસાયકલ આડી ઊભી રાખી મને બેફામ ગાળો દેવા લાગેલ હતા. બાદ પોતાની ફોરવીલ ગાડીમાંથી લાકડાનો ધોકો કાઢી મને પેટના ભાગે તથા પીઠના ભાગે ધોકો મારેલ હતો. જેથી હું ત્યાંથી ડરના કારણે મારું મોટર સાયકલ ત્યાં મૂકી ઘરે ભાગીને આવતો રહેલ હતો. બાદ બીજા દિવસે તા ૦૭/૦૨/૨૦૨૬ ના રોજ બપોરના સમયે મને પેટમાં દુઃખતા હું ૧૦૮ એમ્બ્યુલન્સમાં ગોંડલ સરકારી હોસ્પિટલ ખાતે સારવારમાં ગયેલ હતો. જેમાં મેં એમ.એલ.સી. નોંધાવેલ હતી પરંતુ અમારે આ બાબતે ઘરમેળે સમાધાન થઈ જતાં કોઈ પોલીસ કાર્યવાહી કરી ન હતી. પરંતુ આ જયદીપસિંહ અમારા ગામના હોય અને અવારનવાર મને ગામમાં ભેગા થતા હોય અને ધમકી આપેલ કે, તારા મકાન પાસે મારી જમીન છે અને મારી જમીનમાં જે.સી.બી. ચાલે છે, જો તે આ બાબતનો હવે પછી વિરોધ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપેલ હોય જેથી જયદીપસિંહથી મને તથા મારા પરિવારને ભય ઉભો થતાં યુવકે ફરીયાદ નોંધાવી હતી. વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, મારા મકાન પાસે જયદીપસિંહ ગિરિરાજસિંહની જમીન આવેલ છે જેમાં અમારા ઘરની દિવાલ પાસે તેઓનું જે.સી.બી. ચાલતું હોય અને મારા ઘરની દિવાલમાં નુકસાન થતું હોય જે બાબતે જેસીબી ચલાવવાની ના પાડતા તેનો ખાર રાખી મારા પર ધોકા વડે હુમલો કરી ખૂનની ધમકી આપવામાં આવી હતી. મામલામાં ગોંડલ તાલુકા પોલિસની ટીમે હુમલો, ધમકી અને એટ્રોસિટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવા તજવીજ આદરી હતી.

# ગોંડલમાં મકાન પચાવી પાડનાર શખ્સોના ત્રાસથી કંટાળી પ્રોઢનો આપઘાતનો પ્રયાસ

## સામાકાંઠે આવેલા મકાન પર ઈસ્માઈલ અને મોસીદ નામના બે શખ્સોએ મકાનમાં કબજો કરી ધમકી આપતા અયુબભાઈએ ઝેર ગટગટાવ્યું

**અબતક, રાજકોટ**

ગોંડલના વોરાકોટડા રોડ પર રહેતા પ્રૌઢે બે શખ્સો દ્વારા આપવામાં આવતી ધમકીઓથી કંટાળી જઈ ગઈકાલે પોતાના ઘરે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. હાલ પ્રૌઢને ગંભીર હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ગોંડલના સબજેલ ચોક પાસે, વોરાકોટડા રોડ પર રહેતા અયુબભાઈ અબ્દુલ્લા શાયરી (ઉં.વ. ૫૫) એ ગઈકાલે બપોરે ૩ઃ૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઘટનાની જાણ થતા જ તેમને તાત્કાલિક સારવાર માટે ગોંડલ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના બિછાનેથી અયુબભાઈએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ‘‘ગોંડલ સરકારી હોસ્પિટલ પાસે સામાકાંઠે મારું મકાન આવેલું છે. આ મકાન પર ઈસ્માઈલ અને મોસીદ નામના બે શખ્સોએ ગેરકાયદેસર રીતે કબજો જમાવ્યો છે. તેઓ મકાન ખાલી કરતા નથી અને મને અવારનવાર ધમકીઓ પણ આપે છે. આ શખ્સોના ત્રાસથી કંટાળી જઈને મેં આ પગલું ભર્યું છે.’’ હાલમાં ગોંડલ પોલીસે અયુબભાઈનું નિવેદન નોંધીને મકાન પચાવી પાડનાર શખ્સો વિરુદ્ધ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# જામજોધપુર પોલીસે મોટરસાયકલ ચોરીનો ભેદ ઉકેલ્યો: ધીરૂભાની અટકાયત

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**



જામનગર જિલ્લાના જામજોધપુર વિસ્તારમાં થયેલી મોટરસાયકલ ચોરીની ઘટનાનો ભેદ જામજોધપુર પોલીસ દ્વારા ઉકેલવામાં આવ્યો છે.

પોલીસે તપાસ દરમિયાન આરોપી ધીરૂભા મનુભા જાડેજાને ઝડપી પાડ્યો હતો. પોલીસ દ્વારા આરોપીની અટકાયત કરી વધુ પૂછપરછ અને તપાસ હાથ ધરવામાં આવી છે.

# ગોંડલ નજીક કારે એક્ટિવાને અડફેટે લેતા યુવાનનું મોત: બે મિત્રો ઘવાયા

## રમજાનના પર્વે અકસ્માતમાં પરિવારે મોભી ગુમાવતા માતમ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલ કોટડા સાંગાણી રોડ પર ત્રીપલ સવાર એકટીવા સાથે વેગનઆર કાર અથડાતા સર્જાયેલ અકસ્માતમાં કોટડા સાંગાણીનાં યુવાનનું ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું. જ્યારે બે વ્યક્તિઓ ને ઈજા પંહોચતા સારવાર માટે રાજકોટ ખસેડાયા હતા.

પ્રાપ્ત વિગત મુજબ રાત્રીનાં સવા આઠનાં સુમારે ગોંડલ કોટડાસાંગાણી રોડ પર પરફેક્ટ રિસોર્ટનાં પાટીયા પાસે જીજેઓ ૩બીએ ૧૬૪૭ નંબર ની વેગનઆર કાર તથા જીજેઓ ૩એનડી ૦૮૫૭ નંબર નું ત્રીપલ સવારી માં આવી રહેલું એકટીવા ધડાકાભેર અથડાતા સર્જાયેલ અકસ્માત માં એકટીવા ચાલક ભખ્ખર મુસ્તફા હાજી અબ્દુલ સતાર ઉ.૩૨ નું ગંભીર ઈજાઓને કારણે ઘટના સ્થળે મોત નિપજ્યું જ્યારે એકટીવા માં સવાર અન્ય ગફારભાઈ અહમદશા શાહમદાર ઉ.૪૦ તથા સાજીદભાઈ રજાકભાઈ બેલી ઈજાગ્રસ્ત બન્યા હતા. અકસ્માતનો ભોગ બનનાર મુસ્તફાનાં મૃતદેહ ને પીએમ માટે ગોંડલ સરકારી હોસ્પિટલ ખસેડાયો હતો.જ્યારે બન્ને ઈજાગ્રસ્તોને ગોંડલ સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયા હતા.

મૃતક મુસ્તફા પરણિત હતા અને સંતાનમાં એક પુત્ર તથા બે પુત્રીઓ હોવાનું જાણવાં મળેલ હતું. બનાવ બાદ વેગનઆરનો ચાલક નાશી છુટ્યો હતો. બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# થાનઃ હત્યાના ગુન્હામાં વચગાળાના જામીન પરથી ફરાર થયેલો આરોપી ઝડપાયો

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર પેરોલ ફર્લો સ્કવોડની ટીમ દ્વારા અલગ અલગ પોલીસ મથકના ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પેરોલ ફર્લો ટીમ દ્વારા ચોટીલા તાલુકામાં પેટ્રોલિંગ હાથ ધર્યુ હતુ.

જેમાં હ્યુમન સોર્સ અને ટેકનિકલ સોર્સની મદદ થી થાન પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૪ માં નોંધાયેલ હત્યાના ગુન્હાના અને વચગાળા જામીન પરથી ફરાર કેદી દિનેશભાઈ નાનજીભાઈ સાપરા, રહે.મનડાસર, તા.ચોટીલા વાળાને મનડાસર ગામેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને ઝડપાયેલ આરોપીનો સુરેન્દ્રનગર સબ જેલને સોંપવામાં આવ્યો હતો.

# ઉના નજીક બે જુથ વચ્ચે મારામારી

## બંને પક્ષે સામ-સામે નોંધાતો ગુનો

**અબતક, ઊના**

ઊના તાલુકાના નામ ચીન બુટલેગર રસિક ઝીણાભાઈ બાંભણિયા (રે. ખાણ તા. ઊના) અને તેમના મિત્ર નિમિત ઉર્ફે એન્ટી તુલસી મેર (રે. ઊના) વાળા રસિકભાઈની કોર્ટમાં મુદત હોય તેમના વકીલને ફીના રૂપિયા આપવાના હોય ગીર ગઢડા રોડ ઉપર આવેલ બેન્કમાં રૂપિયા ઉપાડવા કારમાં જતા હતા ત્યારે બેન્ક પાસે પહોચતા સ્કૂટર ઉપર ડબલ સવારીમાં યોગેશ અધોરી અને મિલન ચાવડા આવી સ્કૂટર મોટર સાથે ભટકાવી ઝગડો કરી છુટ્ટા પથર વડે મોટર ઉપર મારી કાચ તોડી રૂપિયા ૫૦૦૦/નું નુકશાન કરી તેમની સાથે રહેલ નિમિતે ને ઈજા થવાના ઈરાદે આરોપી એ ગુનો કરિયા નો ઊના પોલીસ માં ફરિયાદ નોંધાવેલ હતી.

જ્યારે સામા પક્ષે યોગેશ ગીરી લક્ષ્મણ ગિરિ ગોસ્વામી (મૂળ ખાંભા અને હાલ ઊના વાળા)એ પણ આરોપી રસિક ઝીણાભાઈ બાંભણિયા (રે. ખાણ વાળા)એ યોગેશને સમાધાન બાબતે બોલાવી ગાળો કાઢી આરોપી રસિક ઝીણાભાઈએ પોતાની કાર મારી નાખવાના ઈરાદે સ્કૂટર સાથે ભટકાવી અથડાવી ફરી યોગેશ અને મિલન ગોવિંદ ચાવડાને પગ અને હાથમાં મૂઢ ઈજા કર્યાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બન્નેની ફરિયાદ નોંધી વધુ તપાસ પોલીસ ઈન્સ્પેકટર નિલેશભાઈ બી ચૌહાણ કરી રહ્યા છે.

## કેબલ ચોરતી એક ગેંગ ઝડપાઈ ત્યાં બીજી સક્રિય

# ગોંડલના ગોમટામાં નવ વાડીમાં તસ્કર ત્રાટક્યા: ૧૧૦૦ ફૂટ કોપર કેબલ સહિત રૂ.૪૩ હજારની ચોરી

**અબતક, રાજકોટ**


વાયર ચોરી કરતી એક પછી એક ગેંગ રાજકોટ ગ્રામ્યમાં સક્રિય થતી હોય તેવાં બનાવ સામે આવી રહ્યા છે. હજી ગઈકાલે જ રૂરલ એલસીબી ટીમે કેબલ ચોરતી અંજાર-બોટાદની ગેંગને દબોચી છે ત્યાં વધુ એક ગેંગ સક્રિય થઈ હોય તેમ ગોંડલના ગોમટામાં પાંચ ગોડાઉનના તાળા તોડી અલગ અલગ નવ વાડીઓમાંથી ૧૧૦૦ ફૂટ કેબલ, ઝટકા મશીનની બેટરી અને પીતળના કડાની ચોરીને અંજામ આપી તસ્કરો ફરાર થઈ ગ્યા હતા. જે મામલે ગોંડલ તાલુકા પોલિસેં તપાસ આદરી છે.

બનાવ અંગે ગોંડલના ગોમટા ગામે લાખાદાદાના મંદિર પાસે રહેતા ૪૮ વર્ષીય ખેડૂત વસ્તાભાઈ ઉર્ફે હકાભાઈ વેરશીભાઈ ચાવડીયાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગોમટા ગામે પાટી વીસ્તારમા સર્વે નંબર ૩૫૦ પૈકી ૨૧ પૈકી ૧ પૈકી ૦૪ વાળી ખેતીની જમીન આશરે ૨૦ વીઘા આવેલ છે. મારી જમીનની બાજુમા અમારા ગામના બાલુભાઈ ગાંગજીભાઈ મોટેરીયાની વાડી આવેલ હોય જે આશરે ૪૦ વીઘા પણ હુ વાવવા માટે રાખુ છુ.

પ્રૌઢ ખેડૂતે જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૧/૦૩/૨૦૨૬ ના રોજ સાંજના આશરે સાતેક વાગ્યા પછી હુ મારી વાડીએથી મારા ઘરે જતો રહેલ હતો. બાદ તા.૧૨/૦૩/૨૦૨૬ સવારના આશરે દશેક વાગ્યાની આસપાસ હુ મારા ઘરે હાજર હતો ત્યારે મારા ફોનમા મારા ભાગીયા યોગેશભાઈ લક્ષ્મણભાઈ ભીલનો મને ફોન આવેલ કે, બાલુભાઈ મોટેરીયાની વાડી જે તમે ભાગિયે રાખેલ છે. તે વાડીએ આવેલ ગોડાઉનનુ તાળુ તુટી ગયેલ છે અને વાડીની બન્ને ઈલેક્ટ્રીક મોટરના વાયર કપાઈ ગયેલ છે. જેથી મેં વાડીએ જઈને જોતા ગોડાઉનનુ તાળુ તુટી ગયેલ હાલતમાં પડેલ હતુ તથા ગોડાઉનમા રાખેલ કોપરનો કાળા કલરનો વાયર આશરે ૩૦૦ ફુટ મળી આવેલ નહી. સ્ટાર્ટરમાથી પાણીના કુવામા જતા બે વાયર પણ કપાઈ ગયેલ હતો. જે આશરે ૧૦૦ ફુટનો વાયર હતો.બાદ હું તથા યોગેશભાઈ ભીલ મારી માલીકીની વાડીએ જતાં ત્યાં પણ સ્ટાર્ટરમાથી પાણીના કુવામા જતા ૧૦૦ ફૂટના બે વાયર પણ કપાઈ ગયેલ હતો. જેથી કુલ આશરે ૫૦૦ ફૂટ કોપર કેબલ વાયર જેની કિંમત રૂ.૧૭,૫૦૦ ની ચોરી થઈ ગયાની જાણ થઈ હતી.



વધુમાં ફરિયાદીએ જણાવ્યુ હતું કે, મારા શેઢા પાડોશી જેઠાભાઈ બાવાભાઈ ચાવડીયા, સવાભાઈ કવાભાઈ ચાવડીયા, વીનુભાઈ રવજીભાઈ ચાવડીયા, સામતભાઈ ટાભાભાઈ બગડા, ચનાભાઈ વીરાભાઈ પરમાર, રામજીભાઈ જેઠાભાઈ પરમારને મે આ વાયર ચોરી બાબતે વાતચીત કરતા તેમની વાડીમાથી કેબલ ચોરી થયેલ હોવાનુ જણાવેલ હતુ. જેથી જેઠાભાઈ ચાવળીયાની વાડીમાંથી ૩૦ ફૂટ વાયર, સવાભાઈ કવાભાઈ ચાવડીયાના ગોડાઉનનું તાળું તોડી રૂ. ૫૨૫૦ નો ૧૫૦ ફૂટ કોપરનો કેબલ વાયર, સામતભાઈ ટાભાભાઈ બગડાના ગોડાઉનનું તાળું તોડી રૂ. ૭ હજારની કિંમતનો ૨૦૦ ફૂટ કોપર કેબલ, ચનાભાઈ વીરાભાઈ પરમારની વાડીએ સ્ટાર્ટરમાથી પાણીના કુવામા જતો રૂ. ૪૦૨૫ ની કિંમતનો ૧૧૫ ફૂટ કોપર વાયર આંઉ ગોડાઉનનું તાળું તોડી ૮૦



ફૂટ કોપર કેબલ અને પિતળનું કડુ, રામજીભાઈ જેઠાભાઈ પરમારની વાડીએ સ્ટાર્ટરમાથી પાણીના કુવામા જતો ૩૫ ફૂટ વાયરની ચોરી લેવાઈ હતી તેમજ રામજીભાઈની વાડીના ગોડાઉનનું પણ તાળું તોડી નખાયું હતું પણ તેમાંથી કોઈ વસ્તુની ચોરી થઈ ન હતી. વધુમાં વીનુભાઈ રવજીભાઈ ચાવડીયાની વાડીએ સ્ટાર્ટર માથી પાણીના કુવામા જતો ૭૦ ફૂટ વાયર તથા ઝટકા મશીનની બેટરી જેની કિંમત રુ. ૩૫૦૦ જે કુંડીમા તાળુ મારીને રાખેલ હતી તે તાળુ તોડીને કોઈ ચોરી કરી લઈ લેવાઈ હતી.

મામલામાં ગોંડલ તાલુકા પોલિસની ટીમે પાંચ ગોડાઉનના તાળા તોડી રૂ. ૩૮૫૦૦ ની કિંમતના ૧૧૦૦ ફૂટ કોપર વાયરની ચોરી, ઝટકા મશીનની ઈલેક્ટ્રિક બેટરી, પિતળનું કડુ મળી કુલ રૂ. ૪૩ હજારની ચોરી કરી જવા મામલે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ આદરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, હજુ ગઈકાલે જ રાજકોટ રૂરલ એલસીબી ટીમે કેબલ ચોરી કરી જતી અંજાર અને બોટાદની ગેંગને પકડી હતી. ત્યાં હવે કેબલ ચોરી જતી બીજી ગેંગ સક્રિય થઈ છે.

## પાંચ ગોડાઉનના તાળા તોડી નખાયા : ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી તસ્કર ટોળકીની શોધખોળ આદરી

# ધોરાજીના મોટી પરબડી ગામે થાંભલા પરથી ૩૦૦ ફૂટ એલ્યુમિનિયમ વાયરની ચોરી

વાયર ચોરીના અન્ય એક બનાવમાં ધોરાજીના સ્ટેશન રોડ પર દ્વારકેશ પાર્કમાં રહેતા અને પીજીવીસીએલમાં જુનિયર ઈજનેર તરીકે ફરજ બજાવતા રેનીશભાઈ રમણીકભાઈ પેથાણી (ઉવ.૩૪)એ ધોરાજી તાલુકા પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ પી.જી.વી.સી.એલ રૂરલ સબ ડિવિજન ધોરાજી ખાતે અરજદાર નિલેશભાઈ મનસુખભાઈ ગજેરા (રહે. મોટી પરબડી)એ એક લેખીત અરજી આપેલ હતી. જે અરજીમા અરજદારે જણાવેલ કે, ગઈ તા.૦૯/૦૩/૨૦૨૬ ના બપોરના ૧૨/૦૦ વાગ્યાથી બપોરના ૦૪/૦૦ વાગ્યાના અરસામાં અરજદારની વાડીમા આવેલ ખેતીવાડી ફીડરની બંધ ૧૧ કેવી લાઈનના હાલમા હયાત વીજતાર જોવામા ન આવતા અરજદારે અરજી કરેલ હતી. જે અરજીની તપાસ અર્થે રૂબરૂ સ્થળ વિઝિટ કરવાં જતાં મોટી પરબડી ગામના કેશળાના સીમાડાવાળા ખેતી વાડી વિસ્તારમા આવેલ ઉબેણ ખેતીવાડી ફિડરના ૧૧ કેવી લાઈનના થાંભલા પછીની આવેલ ડેડલાઈન થાંભલા પરનો વીજ વાયર હાલ હયાત ન હોય જે ઉબેણ ખેતીવાડી ફીડરના થાંભલાના લોકેશન આઈડી નંબર-૧૦૮૪૫૪૭૦ થી આગળ જતી ડેડલાઈનમાં પાંચ થાંભલા આવેલ હોય જેમાથી ત્રીજા થાંભલાથી પાંચમા થાંભલા સુધી એમ બે ગાળાના આશરે ૩૦૦ મીટર જેટલો એલ્યુમીનીયમનો ૫૫ સ્કવેર એમએમની સાઈઝનો વીજતાર જેની કિંમત આશરે કિંમત રૂ.૨૦ હજારની ચોરી થઈ ગયાનું ધ્યાને આવ્યુ હતું. જે મામલે ધોરાજી પોલિસેં તપાસ શરૂ કરી છે.

## હાલારમાં ડિલીવરી થાય તે પૂર્વે

# વાંકાનેર બાઉન્ડ્રી નજીક ટ્રકમાંથી રૂ.૧.૯૩ કરોડનો દારૂ-બિયર ઝડપાયો

## મોરબી એલ.સી.બી. અને તાલુકા પોલીસે દરોડો પાડી ખાદ્ય પદાર્થની ખોટી બિલ્ટીની આડમાં શરાબનો હેરાફેરીનો પર્દાફાશ, ચાલકની ધરપકડ: ત્રણ ફરાર

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર બાઉન્ડ્રી પાસે સુગર એન્ડ સ્પાઈસ હોટલ સામે હાઈવે પર મોરબી લોકલ ક્રાઈમ બ્રાંચ અને વાંકાનેર પોલીસે દરોડો પાડી ટ્રકમાં ફુડ શોર્સની ખોટી બિલ્ટીની આડમાં લાવવામાં આવેલ ઈંગ્લીશ દારૂ અને બિયરની મોટી ખેપ ઝડપી પાડી છે. પોલીસે ટ્રક સહિત કુલ રૂ.૨.૧૮ કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કરી રાજસ્થાની ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરી છે જ્યારે અન્ય ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કરાયા છે.

મોરબી લોકલ ક્રાઈમ બ્રાંચ ટીમને બાતમી મળી હતી કે વિદેશી દારૂ અને બિયરનો જંગી જથ્થો એક ટ્રકમાં લઈ જવામાં આવી રહ્યો છે. જેના આધારે એલસીબી ટીમે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં આવતા ચોટીલા-રાજકોટ હાઈવે પર સુગર એન્ડ સ્પાઈસ હોટલ નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ અશોક લેલન્ડ બંધ બોડી ટ્રક નંબર આરજે-૧૪-જીપી-૪૫૦૬ને અટકાવી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રકમાંથી ફુડ શોર્સ જેવી ચીજવસ્તુઓની ખોટી બિલ્ટી, ઈ-વેબીલ અને ઈન્વોઈસ બીલના આધાર પર ઈંગ્લીશ દારૂ અને બિયરનો





જંગી જથ્થો ભરેલ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ટ્રકમાંથી અલગ અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની કુલ ૨૮,૫૮૪ બોટલો તેમજ કિંગફિશર બિયરના ૩,૧૬૮ ટીન મળી કુલ ૩૧,૭૫૨ નંગનો જથ્થો કિ.રૂ.૧,૯૩,૪૭,૩૬૦/- ઝડપી પાડ્યો હતો. આ ઉપરાંત ટ્રક રૂ.૨૫ લાખ, એક મોબાઈલ ફોન, રોકડ સહિત કુલ રૂ.૨,૧૮,૫૫,૫૬૦/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે ટ્રક ચાલક આરોપી લલિતકુમાર પ્રતાપજી રત્નાજી ખરાડી ઉવ.૨૮ રહે. જાયરાગામ તા.ખેરવાડા જી.ઉદયપુર રાજસ્થાન વાળાને સ્થળ પરથી ઝડપી લીધો હતો. જ્યારે દારૂ મોકલનાર, ટ્રક માલિક અને જથ્થો મંગાવનાર સહિત ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ દ્વારા ટ્રકમાં ફુડ શોર્સ જેવી ચીજવસ્તુઓ ભરેલી હોવાની ખોટી બિલ્ટી અને ઈ-વેબીલ બનાવી તેને સાચા તરીકે ઉપયોગમાં લઈ પંજાબ રાજ્યમાંથી દારૂ અને બિયરનો જથ્થો ભરી હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતની સરહદો પરથી પસાર કરી રાજ્ય સેવકોને ગેરમાર્ગે દોરી ગુજરાતમાં હેરાફેરી કરવામાં આવતી હતી. આ સાથે પોલીસે પકડાયેલ તથા વોન્ટેડ આરોપીઓ વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓને પકડી લેવા વિવિધ દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબી: ફાયર સેફ્ટીના અભાવે પાર્થ પ્લાઝા કોમ્પ્લેક્ષના બે માળ સીલ કરાયા

## ફાયર સેફ્ટીના નિયમોના પાલન ન કરનારાઓ સામે ફાયર વિભાગની કડક કાર્યવાહી

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા શહેરમાં ફાયર સેફ્ટી નિયમોના પાલન અંગે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે કન્યા છાત્રાલય રોડ પર આવેલ પાર્થ પ્લાઝા કોમ્પ્લેક્ષમાં ફાયર સેફ્ટી સિસ્ટમ ન હોવાના કારણે તેના પ્રથમ અને બીજા માળને સીલ કરવામાં આવ્યા છે. ચીફ




ફાયર ઓફિસર જયેશ ડાકીએ જણાવ્યું હતું કે, આ કોમ્પ્લેક્ષ માટે અગાઉ ત્રણ વખત નોટિસ પાઠવવામાં આવી હતી તેમજ મૌખિક રીતે પણ સૂચના આપવામાં આવી હતી. તેમ છતાં માલિક દ્વારા ફાયર સેફ્ટી સિસ્ટમ લગાવવામાં આવી ન હોવાથી અંતે સીલિંગની કાર્યવાહી કરવી પડી હતી. ફાયર વિભાગે વધુમાં જણાવ્યું હતું કે નિયમો મુજબ ત્રણ શોપિંગ સેન્ટર સામે કાર્યવાહી થવાની હતી, પરંતુ તેમાંના બે સ્થળોએ વર્ક ઓર્ડર મળતા હાલ પાર્થ પ્લાઝાના બે માળ સીલ કરવામાં આવ્યા છે. છેલ્લા બે થી ત્રણ મહિનામાં ફાયર વિભાગ દ્વારા આ બીજી સીલિંગની કાર્યવાહી છે. શહેરની અન્ય ઈમારતોમાં પણ ફાયર સેફ્ટી ચકાસણી ચાલુ રાખવામાં આવશે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડક પગલાં લેવામાં આવશે.

# મોરબીના બોરીચાવાસમાં બે અસામાજિક તત્વોના ગેરકાયદેસર મકાનો તોડી પડાયા

## સહિત અનેક ગુનાઓમાં સંડોવાયેલા શખ્સોએ સરકારી જમીન પર કરેલા દબાણ હટાવી ૬૨ લાખની જમીન ખુલ્લી કરાઈ





**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીના બોરીચાવાસ વિસ્તારમાં અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા બે શખ્સોના ગેરકાયદેસર મકાનો સામે આજે વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા સંયુક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. માહિતી મુજબ બી.કે. બોરીચા અને જીગર નામના શખ્સો સામે પ્રોહિબિશન, મારામારી તેમજ વ્યાજખોરી સહિતના અનેક ગુનાઓ નોંધાયેલા છે. આ શખ્સોએ સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે મકાનો બાંધી આશરે ૬૪૨ ચોરસ મીટર જેટલું દબાણ કર્યું હતું, જે જમીનની અંદાજિત કિંમત લગભગ રૂ.૬૨ લાખ થાય છે. ત્યારે પ્રાંત અધિકારી, મામલતદાર કચેરી, પીજીવીસીએલ, મહાનગરપાલિકા અને સિટી સર્વે વિભાગની ટીમ સાથે મળીને મોરબી એ ડિવિઝન પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડીમોલિશનની કાર્યવાહી કરી સરકારી જમીન મુક્ત કરાવવામાં આવી હતી.

# મોરબીમાં સેવા સેતુ કાર્યક્રમનો પ્રારંભ: નાગરિકોને ઘર આંગણે મળશે સરકારી યોજનાઓનો લાભ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારના જનકેન્દ્રિત શાસનના અભિગમને વધુ મજબૂત બનાવવા તથા નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ સરળતાથી અને નજીકમાં ઉપલબ્ધ થાય તે માટે સેવા સેતુ ૨.૦ (શહેરી) કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમ અંતર્ગત મોરબી શહેરના વિવિધ વિસ્તારોમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મહાનગરપાલિકા તેમજ અન્ય શાસકીય વિભાગો દ્વારા આપવામાં આવતી વિવિધ સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવશે. નાગરિકો અહીં પોતાની અરજી, જરૂરી દસ્તાવેજો અને પ્રશ્નો સાથે આવી શકે છે અને તાત્કાલિક માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી મેળવી શકશે. મોરબી મહાનગરપાલિકા વિસ્તારમા સેવા સેતુ કાર્યક્રમ તા. ૧૩/૩/૨૦૨૬ રોજ વોર્ડ ૨, ૩, ૪, ૫, ૬ અને ૧૩ માટે તાલુકા શાળા મણિમંદિર પાસે તથા વોર્ડ ૧, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ માટે ૧૬/૩/૨૦૨૬ ના રોજ વજેપર વાડી પ્રાથમિક શાળા રામજી મંદિર પાસે મોમ્સ હોટલ પાછળ આયોજન કરવામાં આવ્યું છે.

આ સેવાસેતુ કાર્યક્રમના કેમ્પમાં વિવિધ સરકારી યોજનાઓ અંગે માહિતી, આવક-જાતિ-નિવાસ પ્રમાણપત્ર માટે અરજી, આરોગ્ય અને સામાજિક સુરક્ષા યોજનાઓ અંગે માર્ગદર્શન, મ્યુનિસિપલ સેવાઓ સંબંધિત અરજીઓ તેમજ નાગરિકોની સમસ્યાઓનું સ્થળ પર જ નિરાકરણ જેવી સેવાઓ આપવામાં આવશે.

# મોરબી કોર્પોરેશને પાલિકા વખતનું રૂ.૧૬.૩૩ કરોડનું વીજ બિલનું દેવું ચુકવ્યું

## શહેરને વધુ પ્રકાશિત બનાવવા સ્ટ્રીટ લાઈટ નાખવાની કામગીરી પુરજોશમાં

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રીક શાખા દ્વારા શહેરને વધુ પ્રકાશિત અને સુવિધાસભર બનાવવા માટે વિવિધ વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ સંબંધિત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરના મુખ્ય માર્ગો પર નવા સ્ટ્રીટ લાઈટ પોલ ઉભા કરવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. આ સિવાય મહાનગરપાલિકા બન્યા બાદ નગરપાલિકા સમયના પીજીવીસીએલના બાકી રહેલા વીજ બિલની અંદાજે રૂ.૧૬.૩૩ કરોડની રકમની સંપૂર્ણ ચૂકવણી કરવામાં આવી છે. આ બાકી બિલમાં સ્ટ્રીટ લાઈટના મીટર ઉપરાંત ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન અને વોટર સપ્લાય પમ્પિંગ સ્ટેશનના વીજ બિલનો પણ સમાવેશ થાય છે.આ કામગીરીથી શહેરની આધારભૂત સુવિધાઓ વધુ મજબૂત બનશે અને નાગરિકોને રાત્રિના સમયે વધુ પ્રકાશ તેમજ સુરક્ષાની સુવિધા મળશે.

# મોરબી નજીક ટ્રકની અડફેટે રાહદારી આધેડનું મોત

## અકસ્માત બાદ ટ્રક ચાલક વાહન મૂકી ફરાર

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના લાલપર ગામ નજીક મોરબી-વાંકાનેર હાઈવે પર ટ્રકની અડફેટે પગપાળા રોડ ક્રોસ કરીને જઈ રહેલા ૪૬ વર્ષીય આધેડનું મોત થયાની ઘટના સામે આવી છે.

મોરબીમાં ન્યુ ચંદ્રેશ સોસાયટી મુનનગર ચોક પંચાસર રોડ ખાતે રહેતા રાજેશભાઈ ભીખાભાઈ જીવાણી દ્વારા તાલુકા પોલીસ માથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના મોટા ભાઈ રસીકભાઈ ભીખાભાઈ જીવાણી પગપાળા જતા હતા

ત્યારે ટ્રક નંબર આરજે-૩૨-જીસી-૬૯૩૭ ના ચાલકે બેદરકારી અને ગફલતભરી રીતે ટ્રક ચલાવી તેમને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં રસીકભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત થયું હતું. બનાવ બાદ ટ્રક ચાલક પોતાનું વાહન સ્થળ પર મુકી ફરાર થઈ ગયો હતો. આ મામલે મોરબી તાલુકા પોલીસે આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તથા મોટર વાહન અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મોરબીના ગાળા ગામે બંધ કોટન મિલમાંથી ૨.૦૫ લાખના ચોરી

## ઓફિસનું તાળું તોડી કોપર વાયર અને સીસીટીવી સાધનોની તસ્કરી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના ગાળા ગામે આવેલ બંધ બજરંગ કોટન ઈન્ડસ્ટ્રી કારખાનામાં અજાણ્યા ચોરોએ પ્રવેશ કરી કોપર પ્લેટ ૮ નંગ, ૮૦ ફૂટ કોપર વાયર, સીસીટીવી સાધનો સહિત કુલ અંદાજે રૂ.૨.૦૫ લાખની માલમત્તાની ચોરી કરી લઈ ગયા

મોરબી-માળીયા નેશનલ હાઈવે પર ગાળા ગામે મધુસુદન પેપરમિલ પાછળ આવેલ બજરંગ કોટન ઈન્ડસ્ટ્રી નામનું કારખાનું છેલ્લા પાંચ મહિનાથી બંધ છે. આ સ્થળે રાત્રિના સમયે અજાણ્યા શખ્સોએ ઓફિસનું તાળું તોડી અંદર પ્રવેશ કરી ચોરીને અંજામ આપ્યો હતો. ચીરીના બનાવ મામલે ફરિયાદી જયંતીભાઈ રૂપાભાઈ કાચરોલા તાલુકા પોલીસ મથકમાં આરોપી અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, જણાવ્યું હતું કે ગત તા. ૪/ ૩ના રોજ તેમના દીકરા દિવ્યેશે કારખાનાના સીસીટીવી કેમેરા ચેક કરતા અંદર અજાણ્યા વ્યક્તિની હલચલ જોવા મળી હતી. ત્યારબાદ કારખાનામાં જઈ તપાસ કરતા ઓફિસનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું. તપાસમાં દાઉવા કંપનીનું સીસીટીવી એનવીઆર, સોની ટીવી, બે સીસીટીવી કેમેરા, ૮ નંગ કોપર પ્લેટ તેમજ લગભગ ૮૦ ફૂટ કોપર કેબલ સહિત કુલ અંદાજે રૂ.૨,૦૫,૦૦૦/-ના માલમત્તાની ચોરી થયાનું સામે આવ્યું હતું. ચીરી અંગે બાજુમાં આવેલ મોરગન માઈક્રોન કારખાનાના સીસીટીવી કેમેરામાં અજાણ્યો શખ્સ મોટરસાયકલ પર સામાન લઈ જતો દેખાયો હતો. હાલ સમગ્ર ચોરીના બનાવની ફરિયાદને આધારે તાલુકા પોલીસે આરોપી અજાણ્યા ચોર ઈસમ સામે ગુનો નોંધી વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

# ધ્રોલ: કિડ્ઝ પબ્લિક સ્કૂલના દેવાંશ મહેતાએ 'આદર્શ વિદ્યાર્થી એવોર્ડ' જીતી ગૌરવ વધાર્યું

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા કિડ્ઝ ધ્રોલ પબ્લિક સ્કૂલ દ્વારા તાજેતરમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા માટે 'આદર્શ વિદ્યાર્થી એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. આ વર્ષે ધોરણ-૧ ના તેજસ્વી વિદ્યાર્થી મહેતા દેવાંશ વિશ્વાસભાઈએ પોતાની પ્રતિભા અને ઉત્તમ શિસ્ત દ્વારા આ પ્રતિષ્ઠિત ખિતાબ હાંસલ કર્યો છે.



આ એવોર્ડ માત્ર અભ્યાસમાં અવ્વલ રહેવા બદલ જ નહીં, પરંતુ વિદ્યાર્થીમાં રહેલા મહેનત, પ્રામાણિકતા અને વિનમ્ર વર્તન જેવા ગુણોને ધ્યાનમાં રાખીને આપવામાં આવે છે. દેવાંશની આ સફળતા પાછળ તેની માતાના ઉમદા સંસ્કાર અને પરિવારના સતત માર્ગદર્શનનો વિશેષ ફાળો રહ્યો છે.

કિડ્ઝ ધ્રોલ પબ્લિક સ્કૂલના આચાર્યશ્રી અને શિક્ષકગણે દેવાંશને આ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપી હતી. આ નાની ઉંમરે દેવાંશનું આચરણ શાળાના અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બન્યું છે.

# વાંકાનેરમાં રીક્ષાચાલકની પ્રામાણિકતા, મુસાફરનું ભુલાયેલ પર્સ પરત કર્યુ

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરના જડેશ્વર રોડ ઈંટોના ભઠ્ઠા પાસે રહેતા અજીત નામના યુવાનની રિક્ષામાં માર્કેટ ચોકમાં એક મહિલા પોતાનું પર્સ ભૂલી ગયેલ, જે પર્સમાં મોબાઈલ અને રોકડ રકમ હતી. રિક્ષાવાળાને પર્સ ભૂલી ગયાનું ધ્યાને આવતા તેણે માર્કેટ ચોકમાં ઉભેલ ૧૧૨ના સ્ટાફને તે પર્સ સોંપેલ.



મહિલાને પર્સ ભૂલી ગયાનું જાણ થતા તેમણે તેમના પતિદેવને વાત કરતા અને મોબાઈલ પર ફોન કરતા સામેથી ૧૧૨ના કર્મચારીએ પર્સ પોતાને રિક્ષાવાળા આપી ગયાનું અને રૂબરૂ આવી લઈ જવાનું જણાવતા રૂબરૂ ગયેલ, ૧૧૨ના સ્ટાફે ખરાઈ કરી પર્સ માલિકને સોંપેલ. આમ જીગ્નેશ રાજગોર, વિપુલ ચૌહાણ, અને ટીઆરબીના નિઝામ શેરસીયા, રાજન પરમાર તથા ઈસ્માઈલ પરાસરા તથા રિક્ષાવાળા અજિતે પ્રમાણિકતાનો દાખલો પુરવાર કરેલ. ખોવાયેલ પર્સ પાછું મળતા મહિલાએ ખુશી વ્યક્ત કરી આભાર માન્યો હતો.

# મોરબીના મફતીયાપરામાં તીનપત્તિનો જુગાર રમતા ૬ પકડાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે શહેરના રણછોડનગર નજીક અમૃત પાર્ક સોસાયટી મફતીયાપરામાં જુગારની રેઈડ કરી હતી. જ્યાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તિનો જુગાર રમતા અસલમભાઈ કાસમભાઈ દલવાળી , વીમલભાઈ ઉર્ફે વીપુલ નટુભાઈ સોલંકી , રાજેશકુમાર સુભાષભાઈ ચોબે , દાઉદભાઈ ગનીભાઈ પીપરવાડીયા , યાકુબખાન અબ્દુલખાલીબ ખાનતથા આર્યન બાલુભાઈ ખીટ ઉવ.૧૯ રહે. મહેન્દ્રપરા શેરી નં.૧૧ મોરબી વાળાને રોકડા રૂ.૭૬,૩૫૦/- સહિતના મુદ્દામાલ સાથે રંગેહાથ પકડી લેવામાં આવ્યા હતા. આ સાથે પકડાયેલ તમામ આરોપીઓ સામે બી ડિવિઝન પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધ્રાંગધ્રામાં જુમ્મા મસ્જિદ પાસે પાર્કિંગ મુદ્દે થયેલા ઘર્ષણમાં વેપારી પકડાયો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરના જુમ્મા મસ્જિદ નજીક વાહન પાર્કિંગ મુદ્દે ઉભા થયેલા વિવાદે તણાવનું સ્વરૂપ ધારણ કર્યું હતું ઘટનાને પગલે બંને પક્ષો વચ્ચે બોલાચાલી અને મારામારીની ઘટના બની હતી. બાદમાં બંને તરફથી પોલીસમાં સામસામે ફરિયાદ નોંધાતા કુલ ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે જેમાં ફરિયાદી મુજબ, મહંમદભાઈ જુણેજા નમાઝ અદા કરવા મસ્જિદ ખાતે ગયા હતા. તેમણે મસ્જિદની બહાર આવેલી બુટ-ચપ્પલની



દુકાન સામે પોતાનું વાહન પાર્ક કર્યું હતું. આ દરમિયાન દુકાનદાર ઝાકીરભાઈ મંડલીએ વાહન પાર્કિંગ મુદ્દે વાંધો ઉઠાવી ઉગ્ર બોલાચાલી શરૂ કરી હતી ફરિયાદ અનુસાર, દુકાનદાર દ્વારા ગેરવર્તન કરવામાં આવ્યું અને મારકૂટ પણ કરવામાં આવી હતી જેને લઈને દુકાનદાર ઝાકીરભાઈ મંડલી સામે ગુનો નોંધાતા પોલીસે આરોપીને ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# મોરબી: એપાર્ટમેન્ટના ધાબા પરથી પડતું મૂકી સ્પા વર્કર યુવતીનો આપઘાત

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના લીલાપર રોડ પર આવેલા ઓમકાર રેસીડેન્સીમાં રહેતી યુવતીએ ધાબા પરથી નીચે પડતું મૂકી જીવન ટુંકાવ્યું છે.

મોરબીના લીલાપર રોડ પર આવેલા ઓમકાર રેસીડેન્સી ૨૦૧ માં રહેતી અંબીકા ઉર્ફે પ્રિયા ગુલાબરાય માંઝી મૂળ મધ્યપ્રદેશ ગઈ તા.૧૧/૦૩ના રોજ ઉપરોક્ત રેસીડેન્સીના ધાબા પરથી નીચે પડતું મુકતા ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું મોત થયાની ઘટના સામે આવી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવતી છેલ્લા પાંચ વર્ષથી મોરબીમાં એકલી રહેતી હતી અને સ્પા ખાતે કામ કરતી હતી. ત્યારે એકલવાયા જીવનથી કંટાળી પોતે પોતાની જાતે આ પગલું ભરી લીધું હતું.

# મોરબી: ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં યુવકે ગળેફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીના વેજીટેબલ રોડ પર આવેલ ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં રહેતા ૩૫ વર્ષીય યુવકે પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

મોરબીના સમાં કાંઠા વિસ્તારમાં વેજીટેબલ રોડ પર આવેલ ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં રહેતા પ્રૂથ્વિરાજસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ ઉવ.૩૫એ પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતા તેમને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોકટરે જોઈ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા.

# કેશોદના પાડોદર ગામે કુવામાં ડુબતી વૃધ્ધાને બચાવવા પડેલા પતિ સહિત બંનેના મોત

## માનસિક બિમાર પત્નીએ કુવામાં ઝંપલાવતા તેને બચાવવા વૃધ્ધે ઝંપલાવ્યું 'તુઃ પરિવારમાં અરેરાટી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

કેશોદના પાડોદર ગામે માનસિક બીમારીના કારણે વૃધ્ધા કૂવામાં પડે છે, અને ડૂબવા લાગે છે ત્યારે જેની સાથે પાંચ દાયકાથી વધુ દાંપત્ય જીવન પસાર કર્યું છે, તેવા તેણીના પતિને આ બાબતની જાણ થાય છે, અને પોતાની પત્નીને બચાવવા ઘડીભરનો પણ વિલંબ કર્યા વગર તે કૂવામાં ખાબકી જાય છે,

પણ દુર્ભાગ્ય રીતે તે પત્નીને બચાવી નથી શકતા, એ સાથે કદાચ પચાસ વર્ષથી વધુના દાંપત્ય જીવનમાં સુખ, દુઃખમાં સાથે રહેલા આ દંપતીની છેલ્લી યાત્રા પણ સાથે લખાઈ હશે, તેમ પત્નીની સાથે પતિ પણ પોતાનો પણ જીવ ગુમાવી દે છે. અને એક દંપતીનું એક જ સ્થળે, એક સાથે દુખદ મોત નીપજે છે. જે ઘટનાથી ગામમાં અરેરાટી વ્યાપી જાય છે, અને પરિવાર માતા - પિતાને સાથે ગુમાવતા ઘેરા શોકમાં ડૂબે છે.

પોલીસ માંથી પ્રાપ્ત વિગતો મુજબ, કેશોદ તાલુકાના પાડોદર ગામના ૭૩ વર્ષીય વૃધ્ધા નાથીબેન મેણશીભાઈ ડેરને ઘણા સમયથી માનસીક બીમાર હોય જેના કારણે ઘરની બાજુમા આવેલ કુવામા પડી ગયા હતા, જેની જાણ તેના પતિ મેણશીભાઈ રાજાભાઈ ડેરને થતા, તેઓ તેમની પત્નીને બચાવા કુવામા પડતા, નાથીબેન તથા મેણશીભાઈ બન્ને પતિ - પત્ની પાણીમા ડુબી જતા મરણ ગયા હતા.

# સુરેન્દ્રનગરઃ ચેક રિટર્ન કેસમાં કારખાનેદારને ૧ વર્ષની સજા

## વર્ષ ૨૦૨૩ માં હાથ ઉછીના લીધેલા રૂ.૩.૩૦ લાખ ચૂકવવા આપેલ ચેક બાઉન્સ થયો હતો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

જોરાવરનગર ખાતે રહેતા શખ્સે સંબંધ તેમજ મિત્રતાના દાવે જોરાવરનગર ખાતે આવેલ શાંતા શોપ ઈન્સ્ટ્રીઝના અધિકૃત વ્યક્તિને ધંધા માટે રૂપિયાની જરૂર હોય રૂ.૩.૩૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જે રકમની ઉઘરાણી કરતા આપેલ રકમ નહી ચૂકવતા ચેક આપ્યો હતો. જે ચેક બેંકમાં અપુરતા બેલેન્સ હોવાથી બાઉન્સ થયો હતો. આથી આ અંગે સુરેન્દ્રનગર કોર્ટમાં વર્ષ ૨૦૨૪માં કેસ દાખલ કર્યો હતો જે તાજેતરમાં ચાલી જતા કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકાર્યો છે.આ અંગે મળતી માહિતી મુજબ જોરાવરનગર ખાતે રહેતા પશુપાલન તેમજ હોટલ ધરાવતા ફરિયાદી હાર્દિકભાઈ છગનભાઈ પરમારે વર્ષ ૨૦૨૩ માં સંબંધ અને મિત્રતાના દાવે જોરાવરનગર ખાતે આવેલ શાંતા શોપ ઈન્ડસ્ટ્રીઝના અધિકૃત હાર્દિક જીતેન્દ્રકુમાર વોરાને ધંધા માટે રૂપિયાની જરૂર હોય નોટરી કરાવી રોકડ રૂ.૩.૩૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જે રકમની સમય મર્યાદા પૂર્ણ થતા ફરિયાદી દ્વારા ઉઘરાણી કરતા આપેલ રકમ અંગેનો વર્ષ ૨૦૨૪માં ચેક આપ્યો હતો. જે ચેક ફરિયાદીએ પોતાના ખાતામાં જમા કરાવતા સામેના ખાતામાં પૂરતું બેલેન્સ નહી હોવાથી ચેક પરત (બાઉન્સ) થયો હતો. આથી ફરિયાદીએ વકીલ મારફતે નોટિસ પાઠવી આપેલ રકમની ઉઘરાણી કરી હતી પરંતુ તેમ છતાંય રકમ નહીં ચૂકવતા અંતે આ અંગે જૂન ૨૦૨૪ માં કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. જે તાજેતરમાં ચાલી જતા ફરિયાદીના વકીલની દલીલો અને દસ્તાવેજી આધાર પુરાવાના આધારે મેજીસ્ટ્રેટ દ્વારા હાર્દિક જીતેન્દ્રકુમાર વોરા અને શાંતા શોપ ઈન્ડસ્ટ્રીઝને દોષિત ઠેરવી ૦૧ વર્ષની સાદી કેદની સજા તેમજ રૂ.૩.૩૦ લાખનો દંડ ફરિયાદીને વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે.

# ભાવનગરની રામતીર્થ સોસાયટીના મકાનમાંથી ૭૫૬ બોટલ દારૂ ઝડપાયો

## એલસીબી એ દરોડો પાડી રૂપિયા ૩.૯૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો, કલ્પેશ બારૈયા ફરાર

**અબતક, આનંદ રાણા સિહોર**



ભાવનગર શહેરના સરદાર નગર વિસ્તારમાં આવેલ રામ તીર્થ સોસાયટીના મકાનમાં એલસીબી એ દરોડો પાડી રૂપિયા ૩.૯૦ લાખની કિંમતનો ૭૫૬ બોટલ વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો છે પોલીસે નાસી છૂટેલા મકાન માલિક કલ્પેશ બારૈયાની શોધ ખોળ હાથ ધરી છે. વધુ વિગત મુજબ ભાવનગર શહેરના રામતીર્થ સોસાયટીમાં રહેતો કલ્પેશ હસમુખ બારૈયા નામના શખ્સે પોતાના મકાનમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવ્યો હોવાની એલસીબીના સ્ટાફને મળેલી બાતમીના આધારે સહિતના સ્ટાફે દરોડો પાડી મકાનમાંથી રૂપિયા ૩.૯૦ લાખની કિંમતનો ૭૫૬ બોટલ વિદેશી દારૂ કબજે કરી નાસી છૂટેલા મકાન માલિક કલ્પેશ બારૈયા ની શોધખોળ હાથ ધરવામાં આવી છે

# અમરેલીઃ રીઢો તસ્કર પાસાના પિંજરે પુરાયો

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**



અમરેલી એલ.સી.બી. ટીમે મિલકત સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલા ઈસમ ઊટવાડ ગામે રહેતા મુળ ખાંડવા એમ.પી.રાજકુમાર રામસિંગ રાવત (ઉ.વ. ૨૭), વિરુદ્ધ પુરાવાઓ એકત્રિત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી હતી.

આ દરખાસ્ત અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિવેક ભાર્ગવ સમક્ષ રજૂ કરવામાં આવતા તેમણે આરોપી સામે પાસા હેઠળ વોરંટ જારી કરવાનો હુકમ કરતા અમરેલી એલ.સી.બી. પી.આઈ. એ.ડી. ચાવડા તથા તેમની ટીમે રાજકુમાર રામસિંગ રાવતને ઝડપી લઈ પાસા વોરંટની બજવણી કરી, અને આરોપીને મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે અટકાયત માટે મોકલી આપવામાં આવ્યો છે.

# જસદણના પોલારપરમાં ડીજેમાં રમવા બાબતે થયેલી માથાકૂટમાં યુવક પર હુમલો

## કાકાની દીકરીના લગ્નમાં સમાધાન કરાવવા વચ્ચે પડેલા યુવક પર કાકાજી સાળા સહિતના શખ્સોએ માર માર્યો

**અબતક રાજકોટ**

જસદણ તાલુકાના પોલારપર ગામમાં ગત રાત્રિએ લગ્ન પ્રસંગ દરમિયાન હોબાળો મચી ગયો હતો. લગ્નમાં ડીજેના તાલે રમવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા યુવક પર પથ્થર વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, પોલારપર ગામમાં રહેતા રાજુભાઈ વલ્લભભાઈ વાઘેલા (ઉં.વ. ૨૭) ના કાકા ભીખુભાઈની દીકરી રેખાના લગ્ન પ્રસંગમાં હતા. ત્યારે રાત્રિના સમયે ડીજેમાં રમવા બાબતે રાજુભાઈના કાકાજી સાળા રણછોડભાઈ અને રણજીતભાઈ ગોવિંદભાઈનો અન્ય કોઈ વ્યક્તિ સાથે ઝઘડો થઈ રહ્યો હતો. આ મામલો થાળે પાડવા માટે રાજુભાઈ વચ્ચે પડ્યા હતા. જોકે, સમાધાન કરાવવા ગયેલા રાજુભાઈ પર જ રણછોડભાઈ, રણજીતભાઈ અને તેમની સાથેના અન્ય શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળાગાળી કરી પથ્થર વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં રાજુભાઈને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રાજુભાઈ માલઢોર ઉછેરનું કામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. તેઓ પાંચ ભાઈ અને એક બહેનમાં ત્રીજા નંબરના છે તેમને સંતાનમાં બે દીકરા અને બે દીકરીઓ છે. આ ઘટનાની જાણ થતા જ પોલીસે ઈજાગ્રસ્તની પ્રાથમિક પૂછપરછ કરી હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

# લીંબડી પાસે બસની અડફેટે આદિપુરના વૃદ્ધનું મોત

## સાળાના બેસણામાંથી પરત ફરતી વેળાએ સર્જાયો અકસ્માત, પરિવારમાં શોક છવાયો

**અબતક રાજકોટ**

લિંબડી પાસે આવેલી હોટેલ નજીક ઉભેલા વૃદ્ધને પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા બસ ચાલકે અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધનું રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ, કચ્છ જિલ્લાના આદિપુર ગામમાં રહેતા અશોકભાઈ ક્રિપાલદાસ મટાઈ (ઉં.વ. ૭૦) ગત ૧ ફેબ્રુઆરીના રોજ આણંદ ખાતે રહેતા તેમના સાળાનું અવસાન થતા ત્યાં ગયા હતા. આણંદથી પરત ફરતી વખતે સાંજના ૭:૦૦ વાગ્યાના સુમારે તેઓ લિંબડી પાસે એક હોટેલ નજીક ઉભા હતા. આ દરમિયાન અજાણ્યા બસ ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં અશોકભાઈને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સ્થાનિક સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં લાંબી સારવાર બાદ ગઈકાલે તેમનું મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક અશોકભાઈ આદિપુરમાં કરિયાણાની દુકાન ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ ત્રણ ભાઈ અને ત્રણ બહેનોમાં સૌથી મોટા હતા. તેમના સંતાનમાં એક પુત્ર અને બે પુત્રીઓ છે. બનાવને પગલે મટાઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. લિંબડી પોલીસે આ મામલે ફરાર બસ ચાલકની શોધખોળ અને વધુ તપાસ હાથ ધરી છે.

# રાજુલામાં સાધુ ધર્મધક્ષ મહારાજનું શંકાસ્પદ મોત

## પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડી તપાસ હાથ ધરી, બેભાન બાદ સાધુએ સારવારમાં દમ તોડ્યો

**અબતક રાજકોટ**

અમરેલી જિલ્લાના રાજુલા પંથકમાં રહેતા વૃદ્ધ સાધુનું રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. પોલીસ દ્વારા હાલ તેમના વાલીવારસની શોધખોળ કરવામાં આવી રહી છે.પ્રાપ્ત વિગતો અનુસાર, રાજુલામાં રહેતા ધર્મધક્ષ મહારાજ (ઉં.વ. ૬૪) રોજ સવારના સમયે કોઈ અકસ્માત કે બીમારી સબબ અચાનક બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજુલાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, તેમની તબિયત વધુ લથડતા વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છેબનાવની જાણ થતા જ રાજુલા પોલીસનો સ્ટાફ રાજકોટ સિવિલ હોસ્પિટલ પહોંચ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક સાધુના કોઈ વાલીવારસ મળી આવ્યા નથી. મૃતક સાધુ વિશે જો કોઈને માહિતી હોય અથવા તેમના વાલીવારસ વિશે કોઈ જાણકારી હોય, તો તેમણે રાજુલા પોલીસ મથકના ફોન નંબર ૦૨૭૯૪-૨૨૨૦૭૭ પર તાત્કાલિક સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે.

# સુરેન્દ્રનગર સબજેલમાં હત્યાના ગુનાના કાચા કામના કેદીનું હાર્ટ એટેકથી મોત

**અબતક રાજકોટ**

સુરેન્દ્રનગર સબજેલમાં કાચા કામના કેદી તરીકે સજા કાપી રહેલા વૃદ્ધનું હાર્ટ એટેક આવતા મોત નિપજતા ચકચાર મચી ગઈ છે. આ ઘટનાને પગલે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, થાનગઢ તાલુકાના ખાખરાથળ ગામના વતની ખીમાભાઈ સોમાભાઈ રબારી (ઉં.વ. ૬૫) છેલ્લા પાંચ વર્ષથી હત્યાના (કલમ ૩૦૨) ગુનામાં કાચા કામના કેદી તરીકે સુરેન્દ્રનગર સબજેલમાં હતા. ગઈકાલે મોડી રાત્રે જેલની બેરેકમાં તેઓ અચાનક ઢળી પડ્યા હતા અને બેભાન થઈ ગયા હતા. જેલના સત્તાધીશો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ખીમાભાઈ રબારી બે ભાઈ અને એક બહેનમાં સૌથી મોટા હતા. તેમને સંતાનમાં બે દીકરાઓ છે. મૃતદેહને વધુ તપાસ અને ચોક્કસ કારણ જાણવા માટે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે

# સુરેન્દ્રનગરના વઢવાણ-લખતર રોડ પરથી શંકાસ્પદ ચોખાના ૪૬ કટ્ટા ઝડપાયા

## જિલ્લા પુરવઠાની ટીમે ઝમર ગામ નજીકથી પીકઅપ વાહન સહિત ૪.૬૨ લાખનો મુદામાલ જપ્ત કર્યો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગરક**




સુરેન્દ્રનગર જીલ્લામાં અનાજની ગેરકાયદેસર રીતે હેરાફેરી અને કાળા બજારી જેવી અસામાજીક પ્રવૃત્તિઓને નાબુદ કરવા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે જીલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ જીલ્લા પુરવઠા વિભાગ દ્વારા બાતમીના આધારે વઢવાણ-લખતર રોડ પર સરપ્રાઈઝ ચેકીંગ દરમિયાન લાખોની કિંમતનો શંકાસ્પદ અનાજનો જથ્થો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુરેન્દ્રનગર જીલ્લા પુરવઠા વિભાગની ટીમ દ્વારા વઢવાણ-લખતર રોડ પર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું જેમાં યોગીરાજ પેટ્રોલિયમ અને ઝમર ગામ પાસેથી પસાર થઈ રહેલ એક પીકઅપ ગાડી શંકાસ્પદ જણાઈ આવતા તેને અટકાવવામાં આવી હતી અને વાહનની પ્રાથમિક તપાસ કરતા તેમાં અનાજનો મોટો જથ્થો ભરેલો હોવાનું માલૂમ પડ્યું હતું. આથી પુરવઠા વિભાગ દ્વારા વાહન ચાલક રાહુલભાઈ મનુભાઈ સાવધરીયા ડ્રાઈવર નામની પૂરછપરછ કરતા અનાજના જથ્થાના વહન અંગે કોઈ પણ પ્રકારની મંજુરી, પાસ-પરમિટ કે માન્ય બિલ પાસે નહોતા અને વધુ તપાસ કરતા ગાડીમાં કુલ ૪૬ કટ્ટા ચોખા, વજન અંદાજે ૨૩૧૧.૫૫૦ કિલો જેટલો જથ્થો કોઈપણ આધાર-પુરાવા વગર ગેરકાયદેસર રીતે હેરફેર કરવામાં આવી રહ્યો હોવાનું માલુમ પડ્યું હતુ. આથી પુરવઠા વિભાગ દ્વારા ચોખા કિંમત રૂ. ૬૨,૪૧૧.૮૫ અને પીકઅપ વાહન કિંમત રૂ.૦૪ લાખ સહિત કૂલ રૂ.૪,૬૨,૪૧૧.૮૫ નો મુદામાલ સીઝ કરવામાં આવ્યો હતો તેમજ ચોખાનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને તેની ડિલિવરી ક્યાં કરવાની હતી તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે.

# થાનઃ એક જ રોયલ્ટીમાં સમયમાં ફેરફાર કરી રેતીની હેરાફેરીનો પર્દાફાશ

## મામલતદાર ટીમે રેતીનું વહન કરતા બે ડમ્પર મળી રૂ.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**




થાન તાલુકામાં ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર ખનીજ સંપત્તિનું ખનન અને વહન થતું હોવાની બાતમીના આધારે થાન મામલતદાર અને તેમની ટીમ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

જે દરમિયાન થાન શહેરી વિસ્તારમાં આવેલ ખોડિયાર ફાટક પાસે ગેરકાયદેસર રીતે રેતીનું વહન થતું હોવાની બાતમીના આધારે તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ કરવામાં આવી હતી. જેમાં એક જ રોયલ્ટીનો ઉપયોગ કરીને બે ફેરા મારવામાં આવી રહ્યા હોવાનું સામે આવ્યું હતું અને રોયલ્ટીમાં દર્શાવેલ સમય અને વાસ્તવિક સમય વચ્ચે તફાવત જણાઈ આવતા શંકા ઉભી થઈ હતી. આથી વધુ તપાસ કરતા રોયલ્ટીમાં ટાઈમમાં ફેરફાર કરી ગેરકાયદેસર રીતે રેતીના પરિવહનનું કૌભાંડ ચાલી રહ્યું હોવાનું સામે આવ્યું હતું અને ટીમ દ્વારા તાત્કાલિક રેતી ભરેલા બે ડમ્પર ઝડપી પાડ્યા હતા અને બંને ડમ્પર સહિત અંદાજે રૂ.૪૫ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો તેમજ ઝડપાયેલ તમામ વાહનોને મામલતદાર કચેરી ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે થાન મામલતદાર અને ટીમની રેઈડ થી ગેરકાયદેસર રીતે રેતીનું વહન કરતા શખ્સોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

# હિંમતનગરઃ એ.આર કન્સલ્ટન્સી પોન્ઝી સ્કીમનો સુત્રધાર ઝડપાયો

## એ.ડિવિઝન પોલીસ અને સી.આઈ.ડી ક્રાઈમમાં જી.પી.આઈ.ડી એક્ટ તથા પ્રોહિબિશન ગુનામાં ફરાર હતોઃ ધરપકડનો આંક ત્રણ

**અબતક, સંજય દિક્ષીત, સાબરકાંઠા**



સાબરકાંઠા એલ.સી.બી એ હિંમતનગરની એ.આર કન્સલ્ટન્સી પોન્ઝી સ્કીમના મુખ્ય આરોપી અજયસિંહ રજુસિંહ મકવાણાને તલોદના પોયડા ગામેથી ઝડપી પાડ્યો હતો આ આરોપી હિંમતનગર એ.ડિવિઝન પોલીસ સ્ટેશન અને સી.આઈ.ડી ક્રાઈમ ગાંધીનગર ઝોન એના જી.પી.આઈ.ડી એક્ટ તથા પ્રોહિબિશન એક્ટ સહિત ત્રણ ગુનામાં છેલ્લા પાંચ મહિનાથી વોન્ટેડ હતો તેને હિંમતનગર એ. ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે

સાબરકાંઠા એલ.સી.બી ના સૂત્રોના જણાવ્યા અનુસાર એલ.સી.બી પી.એસ.આઈ અને સ્ટાફની ટીમે વોન્ટેડ આરોપીઓની તપાસ હાથ ધરી હતી તેમને ચોક્કસ બાતમી મળી હતી કે હિંમતનગરમાં રહેતો અજયસિંહ મકવાણા તલોદના પોયડા ગામે તેના જીજાજીના ઘરે આવ્યો છે આ બાતમીના આધારે એલ.સી.બી ટીમે સ્થળ પર પહોંચીને અજયસિંહ મકવાણાને દબોચી લીધો હતો.

આ અંગે જાણવા મળ્યું કે આરોપી અજયસિંહ હિંમતનગરના એ. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પોન્ઝી સ્કીમ ફ્રોડનો મુખ્ય આરોપી છે આ ઉપરાંત તે હિંમતનગર એ. ડિવિઝનના પ્રોહિબિશન ગુના અને ડી.આઈ.ડી ક્રાઈમ ગાંધીનગર ઝોન એના જી.પી.આઈ.ડી એક્ટના ગુનામાં પણ છેલ્લા પાંચ મહિનાથી નાસતો ફરતો હતો

વધુમાં હિંમતનગર એ.ડિવિઝન પોલીસ સ્ટેશનના સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ હિંમતનગરમાં સહકારી જીન રોડ પર આવેલા પ્રથમ સ્કવેરમાં એ.આર કન્સલ્ટન્સી નામની પોન્ઝી સ્કીમ દ્વારા ત્રણ કરોડ રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાત આચરવામાં આવ્યો હતો આ અંગે ઓક્ટોબર ૨૦૨૫ માં ફરિયાદ નોંધાઈ હતી.

આ કેસમાં અગાઉ બેરજુસિંહ લાલસિંહ મકવાણા અને હરેશ જગદીશચંદ્ર સાધુની ધરપકડ કરવામાં આવી હતી હવે મુખ્ય આરોપી અજયસિંહ રજુસિંહ મકવાણાની ધરપકડ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# અરડોઈ ગામે સુરાપુરા દાદાની જગ્યામાં યુવાનનો આપઘાત

## યુવકે ભરેલા પગલાથી બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

**અબતક, સલીમ પતાણી, કોટડાસાંગાણી**



કોટડાસાંગાણી તાલુકાના અરડોઈ ગામે વઘાસિયા પરિવારના આસ્થાના કેન્દ્ર સમાન શૂરાપુરા દાદાની જગ્યામાં કરુણ ઘટના બની છે. રાજકોટમાં રહેતા ૪૦ વર્ષીય યુવાને કોઈ અગમ્ય કારણોસર આત્મહત્યા કરી લેતા પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે.

ઘટનાની વિગતઃ રાજકોટના હરીધવા રોડ પર રહેતા અને મૂળ કોટડાસાંગાણીના વતની પ્રકાશભાઈ બાબુભાઈ વઘાસિયા (ઉંમર વર્ષ ૪૦) અરડોઈ ગામે આવેલા તેમના શૂરાપુરા ગોપાલબાપાની જગ્યાએ દર્શન કરવા આવ્યા હતા. અહીં દર્શન કરવા આવ્યા બાદ, પવિત્ર જગ્યા પાસે આવેલા ઉંબરાના ઝાડની ડાળી પર દોરી બાંધી ગળેફાંસો ખાઈ પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું.

આ ઘટનાને પગલે પ્રકાશભાઈના ૧૪ વર્ષની પુત્રી અને ૮ વર્ષના પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવી છે. પિતાના આ આકસ્મિક નિધનથી બાળકો અને પરિવાર પર આભ ફાટી પડ્યું છે.

ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો પહોંચ્યો હતો. મૃતકની બોડીને તાત્કાલિક કોટડાસાંગાણી સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ (પીએમ) અર્થે ખસેડવામાં આવી હતી. પ્રકાશભાઈએ કયા કારણોસર આ આત્યંતિક પગલું ભર્યું તે અંગે કોટડાસાંગાણી પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# જૂનાગઢ પેરોલ ફર્લો સ્કવોડે વેશપલટો કરી, ફરાર કેદી સાગર ભુવાજીને દબોચી લીધો

## વચગાળાના જામીન મેળવી નાસતો ફરતા શખ્સને ભરૂચ જિલ્લા માંથી પકડી પાડી જેલ હવાલે કર્યો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



કેશોદ પોલીસ સ્ટેશનના ગુન્હામાં જુનાગઢ જિલ્લા જેલમા વચગાળાના જામીન મેળવી ફરાર થયેલ કેદી સાગર ભુવાજીને મજુરનો વેશ પલટો કરીને ભરૂચ જિલ્લાની વાડી વિસ્તારમાથી જૂનાગઢની પેરોલ ફર્લો સ્કવોડ એ દબોચી લીધો છે.

લોકલ ક્રાઈમ બ્રાન્ચના પો.ઈન્સ. કે.એમ પટેલની સુચના મુજબ પેરોલ ફર્લો સ્કવોડના પો.સબ.ઈન્સ. એસ.એ. સોલંકી તથા પેરોલ ફર્લો સ્કોડ સ્ટાફ ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીઓ તથા જેલ ફરારી કેદીઓને પકડવા સારૂ ટેકનિકલ સોર્સ તથા હ્યુમન ઈન્ટેલીજન્સનો ઉપયોગ કરી કાર્યરત હતા, દરમ્યાન પેરોલ ફર્લો સ્કોડની ટીમને બાતમી હકિક્ત મળેલ કે, કેશોદ પોલીસ સ્ટેશનના આઈ.પી.સી કલમ ૩૫૪, ૩૭૬, ૫૦૬(૨) ૧૨૦ બી, તથા એસ્ટ્રોસિટી એક્ટની વિવિધ કલમોના ગુનાના કામનો અરોપી ભીખુભાઈ ઉર્ફે સાગર ભુવાજી ધીરૂભાઈ બગથરીયા (રહે, ડેડપાળી ગામ, તા. મેંદરડા) જુનાગઢ જીલ્લા જેલ ખાતે સજા ભોગવતો હોય, અને તે વચગાળાના જામીન મેળવી રજા પર છુટેલ હોય, પરંતુ ઉપરોક્ત કેદી બારોબાર ફરાર થયેલ હોય અને તે આરોપી હાલ ભરૂચ જીલ્લાના વાલીયા તાલુકાના ગોલાકોતર ગામના વાડી વિસ્તારમા છે,

જેથી હકીકત અધારે પેરોલ ફર્લો સ્કોડના પોલીસ કર્મચારીઓ દ્વારા મજુરનો વેશ ધારણ કરી, વેશ પલટો કરી, વાડી વિસ્તારમાં વોચ તપાસ કરતા, મજકૂર ઈસમ મળી આવતા તેનુ નામ ઠામ પુછતા પોતાનુ નામ ભીખુભાઈ ઉર્ફે સાગર ભુવાજી ધીરૂભાઈ બગથરીયા હોવાનું તથા આરોપી જુનાગઢ જેલનો ફરાર કેદી હોવાની કબૂલાત કરતા આ ઈસમને દબોચી લઈ, જૂનાગઢ જિલ્લા જેલ હવાલે કરવામા આવેલ હતો.

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં માદક પદાર્થની હેરાફેરી સામે પોલીસની લાલ આંખ

# શાપરથી પોણા ચાર કિલો અને રાવકીથી ૯૦૬ ગ્રામ ગાંજા સાથે ત્રણ ઝડપાયા

## સુરતથી ગાંજો લાવી જામનગરમાં સપ્લાય કરે તેં પૂર્વે જ શાપરના મકાનમાં દરોડો પાડી યુવક-યુવતીને ૩ કિલો ૯૭૨ ગ્રામ ગાંજા સાથે ઝડપી લેવાયા



**અબતક, રાજકોટ**

રાજકોટ રેન્જમાં કડક અધિકારી તરીકે છાપ ધરાવતા નિર્લિપ્ત રાયની એન્ટ્રી થતાં જ ગ્રામ્ય પોલિસેં માદક પદાર્થની હેરાફેરી સામે લાલ આંખ કરી દરોડાનો દોર શરૂ કર્યો છે. રાજકોટ ગ્રામ્ય એસોજીની ટીમ ત્રણ દિવસ પૂર્વે જ મેટોડા પાસેથી ગાંજાનો જથ્થો ઝડપી લીધા બાદ આજરોજ અલગ અલગ બે દરોડામાં માદક પદાર્થનો જથ્થો ઝડપી લીધો છે. જેમાં એસઓજી અને શાપર વેરાવળ પોલીસે મળી શાપરમાંથી પોણા ચાર કિલો ગાંજા સાથે મહિલા સહિત બે શખસોને ઝડપી લીધા હતા. જયારે એસોજીની ટીમે અન્ય એક દરોડામાં લોધીકાના રાવકી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં ૯૦૬ ગ્રામ ગાંજાના જથ્થા સાથે પરપ્રાંતીય શખસને ઝડપી લીધો હતો.

રાજકોટ ગ્રામ્ય એઓજી પીઆઈ એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ.જી.જે.ઝાલાની રાહબરીમાં ટીમ શાપર-વેરાવળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. દરમિયાન પીએસઆઈ ઝાલા તથા કોન્સ. રણજીતભાઈ ધાધલને બાતમી મળી હતી કે, જ્યોતીબેન ગૌસ્વામી (રહે, શાપર વેરાવળ સર્વોદય સોસાયટી) એ પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થનો જથ્થો વેચાણ અર્થે રાખ્યો છે. જે હકીકત આધારે મળેલ બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા મહીલાના કબ્જા ભોગવટાના ભાડાના રહેણાંક મકાનમાંથી ૩ કિલો ૯૭૨ ગ્રામ ગાંજો જેની કિંમત રૂ.૧,૯૮,૬૦૦ મળી આવ્યો હતો.

પોલીસે દરોડા દરમિયાન માદક પદાર્થ સાથે જ્યોતિબેન વસંતભાઈ પાંડુભાઈ ગૌસ્વામી(ઉ.વ.૨૮ રહે.શાપર વેરાવળ, સર્વોદય સોસાયટી) અને મહેન્દ્ર ભોલાભાઈ બારૈયા (ઉ.વ.૨૭ રહે.સાવરકુંડલા, આકાશીપરા) ને ઝડપી લઈ તેની પાસેથી બે મોબાઈલ મળી કુલ રૂ.૨,૩૩,૬૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી શાપર-વેરાવળ પોલીસ સ્ટેશને ખાતે એન.ડી.પી.એસ. એકટ મુજબ ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

પોલીસની તપાસમાં એવી હકીકત સામે આવી હતી કે, મહિલા ડ્રગ પેડલર જયોતી અને મહેન્દ્ર બંને સુરતમાં રેલવે પાટા પાસેના વિસ્તારમાંથી ગાંજાનો આ જથ્થો લાવ્યો હતા અને જામનગરના શંકર ટેકરી વિસ્તારમાં રહેતા બુધીયો નામના શખસને આ ગાંજાનો જથ્થો પહોંચડવાનો હતો જેથી જામનગરના આ શખસને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

આ કામગીરીમાં એસ.ઓ.જી પીઆઈ એફ.એ.પારગી, શાપર-વેરાવળના પીઆઈ આર.બી.રાણા,એસ.ઓ.જી.શાખાના પીએઆઈ જી.જે.ઝાલા, એ.એસ.આઈ. ફિરોઝભાઈ બ્લોચ,હેડ.કોન્સ. વિજયભાઈ વેગડ, ચંદુભાઈ પલાળીયા,કોન્સ રણજીતભાઈ ધાધલ, રઘુભાઈ ત્રક્ટા, વિપુલભાઈ ગોહિલ, તથા શાપર વેરાવળના મહિલા લોકરક્ષક નિમુબેન મેતા, ડ્રાઈવર ઘનશ્યામસિંહ જાડેજા સાથે રહ્યા હતાં.

### રાવકીમાં રૂ.૪૪ હજારના ગાંજા સાથે પરપ્રાંતિય શખ્સ ઝબ્બે: શાપરના સપ્લાયર બસીમખાનની શોધખોળ



ગાંજાના અન્ય એક દરોડામાં રૂરલ એસઓજી પીઆઈ એફ એ પારગીના માર્ગદર્શન હેઠળની પીએસઆઈ પી.બી.મિશ્રા અને હેડ કોન્સ્ટેબલ નૈમીષભાઈ મહેતાને મળેલી બાતમીના આધારે રાવકી ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં આવેલ સરદાર ચોકથી સાહિલ પ્લાયવુડ કારખાના તરફ જાહેર રસ્તા પરથી શાહરુખખાન મીઠ્ઠનખાન (ઉ.વ. ૨૪ રહે. હાલ રાવકી, મૂળ બરકા ઉદયપુર, યુપી)ને શંકાસ્પદ હાલતમાં ઝડપી લઈ તેની અંગ ઝડપી લેતા તેની પાસેથી રૂપિયા ૪૪,૩૦૦ ની કિંમત નો ૯૦૬ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ગાંજાનો આ જથ્થો અને મોબાઈલ ફોન સહિત રૂપિયા ૪૯,૩૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા આ શખસની પુછ્તાછ કરતા તેને ગાંજાનો આ જથ્થો મૂળ યુપીના વતની અને હાલ શાપરમાં રહેતા બસીમખાન નામના શખસે અહીં ઔદ્યોગિક વિસ્તારમાં શ્રમિકોને છૂટકમાં વેચાણ કરવા માટે આપ્યો હોવાની કબુલાત આપી હતી. જેથી પોલીસે બસીમખાનને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે. આ કામગીરીમાં એએસઆઈ વિપુલભાઈ ગુજરાતી, રૂપકભાઈ બહાદુર, હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ વિરડા, કૃપાલસિંહ જાડેજા, કોન્સ્ટેબલ વિજયગીરી, પૃથ્વીરાજસિંહ અને નરસિંહભાઈ સાથે રહ્યા હતા.

# પોલીસનું માનવીય અભિગમ: ૮૯ લોકોને લોન અપાવી વ્યાજના દુષણમાંથી મુક્ત કરાવ્યા

## એએસપી સિમરન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ ધોરાજી, ઉપલેટા અને ભાયાવદર પોલિસની કામગીરી





**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય પોલિસેં માનવીય અભિગમ દાખવી ૮૯ લોકોને બેંક દ્વારા લોન અપાવી વ્યાજંકવાદથી મુક્ત કર્યા છે. ધોરાજી ડિવિઝન એએસપી સીમરન ભારદ્વાજની રાહબરીમાં ધોરાજી, ઉપલેટા અને ભાયાવદર પોલીસે વ્યાજખોરો વિરુદ્ધ ત્રણ ગુના પણ દાખલ કર્યા હતાં.

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય અને એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા ગેરકાયદેસર ચાલતી નાણા ધીરધારની પ્રવૃતી અટકાવી લોકોને બેંક મારફતે ઓછા વ્યાજે લોન મળે તે બાબતે માહીતગાર કરવા હેતુથી લોન મેળાનુ આયોજન કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને ધોરાજી એએસપી સિમરન ભારદ્વાજ દ્વારા ધોરાજી વિભાગના ધોરાજી સીટી, ઉપલેટા અને ભાયાવદર પોલીસ સ્ટેશન ખાતે લોકો વ્યાજખોરોનો ભોગ ન બને અને તેમજ જરુરીયાત મંદ લોકોને ઓછા વ્યાજે લોનનો લાભ મળે તે માટે અલગ અલગ બેંકના મેનેજરનો સંપર્ક કરી તા.૦૭ ના રોજ લોન મેળાનું આયોજન કરેલ અને લોનની જરૂરીયાતમંદ લોકોને લોન બાબતે માહીતગાર કરી સ્થળ પર લોન આપવા તજવીજ કરવામાં આવેલ છે.

તેમજ ધોરાજી ડીવીઝન વિસ્તારમાં કોઈ પણ વ્યકિત વ્યાજખોરોનો ભોગ બનેલ હોય તેવા લોકોને હિમ્મત આપી જાહેરમાં અને ખાનગીમાં રજુઆત સાંભળી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ છે. જેમાં ધોરાજી સીટી પોલીસ મથકમાં કુલ ૩૫ જેટલા લોકોને ઓછા વ્યાજ દરે લોન આપવા માટે તજવીજ ચાલુ છે. ઉપલેટા પોલીસ મથકમાં કુલ ૦૨ અરજી આવેલ જે પૈકી ૦૧ ગુન્હો દાખલ કરવાની પ્રક્રીયા ચાલુ છે, ૦૧ અરજી રાજકોટ ટ્રાન્સફર કરેલ તેમજ કુલ ૪૦ જેટલા લોકોને ઓછા વ્યાજ દરે લોન આપવા માટે તજવીજ ચાલુ છે. ભાયાવદર પોલીસ મથકમાં કુલ ૦૩ અરજી આવેલ જે પૈકી ૦૨ ગુન્હા દાખલ કરેલ અને આરોપી અટક કરેલ છે, હજુ ૦૧ ગુન્હો દાખલ થવા પર અને ૦૧ અરજીની તપાસ ચાલુ છે. તેમજ કુલ ૧૪ જેટલા લોકોને ઓછા વ્યાજ દરે લોન આપવા માટે તજવીજ ચાલુ છે.

# રાજકોટનો વિશાલ સલાટ જેતપુરની સગીરાને ભગાડી ગયો: દિલ્લી-મથુરા લઈ જઈ દેહ ચૂંથ્યો

## જેતપુર પોલીસે બંનેને ગીર સોમથનાથથી શોધી કાઢયાં: સગીરાના મેડિકલ ચેકઅપ બાદ આરોપી સામે દુષ્કર્મ,પોકસોની કલમનો ઉમેરો કરાયો

**અબતક, રાજકોટ**

જેતપુરમાં સગીરાના અપહરણની ઘટના બની હતી. જે અંગે પોલીસે તપાસ હાથ ધરી સગીરા અને તેને ભગાડી જનાર શખસ બંનેને ગીર સોમનાથથી શોધી કાઢ્યા હતા. બાદમાં સગીરાનુ મેડિકલ ચેકઅપ કરાવતા આરોપીએ તેના પર દુષ્કર્મ આચર્યાનું ખુલ્યું હતું. જેથી પોલીસે રાજકોટમાં રહેતા આરોપી સામે દુષ્કર્મ અને પોકસોની કલમનો ઉમેરો કર્યો છે. આરોપી સગીરાને ભગાડી ગયા બાદ દિલ્હી, મથુરા સહિતના સ્થળોએ ફરવા લઈ ગયો હતો અને આ દરમિયાન તેના પર દુષ્કર્મ આચર્યું હતું.

જાણવા મળતી વિગતો મુજબ જેતપુરમાંથી સગીરાનું અપહરણ થયા અંગે જેતપુર સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી જેને લઈ રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જરની સુચના હેઠળ જેતપુર ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયાના માર્ગદર્શનમાં જેતપુર સીટી પોલીસ મથકના પીઆઈ એ.ડી. પરમારના માર્ગદર્શન હેઠળ અલગ અલગ ટીમો બનાવી સગીરાને શોધી કાઢવા તપાસ હાથ ધરી હતી. દરમિયાન પીએસઆઈ જે.પી. મલ્હોત્રાને મળેલી હકીકતના આધારે પોલીસે ગીર સોમનાથ ખાતેથી આરોપી વિશાલ મોહનભાઈ રાજભોય સલાટ (ઉ.વ. ૧૯ રહે. ઢેબર કોલોની માલવિયા કોલેજ, પાછળ ગોંડલ રોડ, રાજકોટ) ને ઝડપી લઈ સગીરાને મુક્ત કરાવી હતી.

બંનેને જેતપુર લવાયા બાદ નિયમ મુજબ પોલીસે સગીરાનુ મેડિકલ ચેક કરાવતા આરોપીએ તેના પર દુષ્કર્મ આચર્યાનું ખુલ્યું હતું જેથી પોલીસે આરોપી વિશાલ રાજભોય સામે દુષ્કર્મ અને પોકસો એક્ટની કલમનો ઉમેરો કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, આરોપી અને સગીરા બંને એક જ્ઞાતિના હોય જેથી બંને વચ્ચે પરિચય થયા બાદ આરોપી સગીરાને અહીંથી ૧૭ દિવસ પૂર્વે ભગાડી ગયો હતો બાદમાં તેને દિલ્હી, મથુરા અને ત્યારબાદ સોમનાથ સહિતના સ્થળોએ ફરવા લઈ ગયો હતો અને આ દરમિયાન તેને સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું.

(પહેલા પાનાનું ચાલું)

### દૂધનું દૂધ...

તમામ દૂધ ઉત્પાદકો અને દૂધ વિક્રેતાઓ પાસે માન્ય નોંધણી પ્રમાણપત્ર અથવા લાઈસન્સ છે કે નહીં તે ચકાસવા માટે પણ રાજ્યો અને કેન્દ્રના સંબંધિત નિયુકત અધિકારીઓ, સેન્ટ્રલ લાઈસન્સિંગ ઓથોરિટી અને ફૂડ સેફ્ટી ઓફિસરોને આદેશ આપ્યો છે. કેન્દ્રીય નિયમનકારે દૂધના શીતાગારનું સમયાંતરે નિરીક્ષણ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો જેથી બગાડ અટકાવવા અને જાહેર આરોગ્યનું રક્ષણ કરવા માટે યોગ્ય સ્ટોરેજ તાપમાન સુનિશ્ચિત કરી શકાય. નિયમોનું પાલ ન કરનારા સામે યોગ્ય પગલાં લેવામાં આવશે.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને તેમના સંબંધિત અધિકારક્ષેત્રમાં ખાસ નોંધણી ઝુંબેશ હાથ ધરવાની સૂચના અપાઈ છે, તેથી દૂધ ઉત્પાદકો અને વિક્રેતાઓ પાસે જરૂરી એફએસએસએઆઈ નોંધણી પ્રમાણપત્ર/લાઈસન્સ મળી રહે. નિયમનકારે ઉલ્લેખ કર્યો હતો કે તેને ગયા વર્ષે ડિસેમ્બરમાં રાજ્યના ફૂડ કમિશનરોને દૂધ અને દૂધના ઉત્પાદનો માટે નિયમિત ધોરણે ખાસ અમલીકરણ અભિયાન ચલાવવાનો નિર્દેશ આપ્યો હતો. કાર્યવાહીનો અહેવાલ દર પખવાડિયામાં સત્તાવાળાઓને મોકલવામાં આવશે.

દૂધમાં યુરિયા ખાતર સહિતની ચીજવસ્તુઓની હેરફેર થતી હોવાની ઘટનાઓ દેશભર માંથી સામે આવી રહી છે ત્યારે જનતાને ગુણવત્તા યુક્ત સંપૂર્ણ આહાર એટલે કે દૂધ મળી રહે તે માટે તેનું વેચાણ કરનારાઓએ ફરજિયાત લાયસન્સ લેવું પડશે તેવા નિયમ દેશભરમાં લાગુ કરવામાં આવશે હવે જોવાનું તે રહે છે કે કોઈ પશુપાલક ડાયરેક્ટ ઉપભોક્તા ને દૂધ વેચતો હોય તો તેને લાઈસન્સ લેવાની જરૂર પડશે કે કેમ.

### ફટાકડા...

છે. આ ખર્ચ અમેરિકાની કમર આર્થિક રીતે તોડી નાખે તેવો ઘાટ સર્જાયો છે.

અહેવાલ મુજબ, ૧૧.૩ બીલીયન ડોલરનો આ અંદાજ માત્ર અમેરિકન ઓપરેશન્સના પ્રારંભિક તબક્કાના ખર્ચને આવરી લે છે. હુમલાઓ શરૂ થતા પહેલા પ્રદેશમાં વધારાના સૈનિકો, એરક્રાફ્ટ અને નૌકાદળની તૈનાતી જેવા મોટા ખર્ચાઓનો આમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. અધિકારીઓને અપેક્ષા છે કે પેન્ટાગોન આ ઓપરેશનનો હિસાબ પૂર્ણ કરશે ત્યારે કુલ બિલમાં મોટો વધારો થશે. કોંગ્રેસના કેટલાક અધિકારીઓએ જણાવ્યું છે કે વ્હાઈટ હાઉસ ટૂંક સમયમાં કોંગ્રેસ પાસે યુદ્ધ માટે ૫૦ બિલિયન ડોલરના વધારાના ભંડોળની માંગ કરી શકે છે.

અમેરિકન કમાન્ડરોના જણાવ્યા અનુસાર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી અમેરિકન સેનાએ ઈરાનમાં અત્યાર સુધીમાં ૫,૫૦૦ થી વધુ લક્ષ્યોને નિશાન બનાવ્યા છે.

આ યુદ્ધ હવે માત્ર અમેરિકા અને ઈરાન વચ્ચે સીમિત નથી રહ્યું. લેબેનોનમાં ઈઝરાયેલના સતત હુમલાઓને કારણે ૮ લાખથી વધુ લોકો બેઘર બન્યા છે. ઈરાને પણ વળતો પ્રહાર કરતા દુબઈ, કુવૈત અને બહેરીન જેવા દેશો પર હુમલા કર્યા છે. આ દરમિયાન ઈઝરાયેલી ઈન્ટેલિજન્સ એજન્સીએ દાવો કર્યો છે કે ઈરાનના નવા નેતા અયાતોલ્લાહ મોજતબા ખામેનેઈ ઘાયલ થયા હોઈ શકે છે, જોકે ઈરાનના અધિકારીઓએ જણાવ્યું છે કે તેઓ સંપૂર્ણપણે સુરક્ષિત છે.

માનવીય જાનહાનિની વાત કરીએ તો, ઈરાન રેડ ક્રેસન્ટના આંકડા મુજબ આ હુમલાઓમાં ૧,૩૩૨ થી વધુ લોકોના મોત થયા છે.

#### યુદ્ધના ફંડિંગને લઈને રાજકીય ખેંચતાણ

યુદ્ધના વધતા જતા ખર્ચને કારણે વોશિંગ્ટનમાં રાજકીય મતભેદો સપાટી પર આવ્યા છે. રિપબ્લિકન સેનેટર મિચ મેકકોનેલ જેવા નેતાઓ લાંબા સમયથી મોટા યુદ્ધો માટે અમેરિકન હથિયારોના ઉત્પાદનમાં રોકાણ વધારવાની માંગ કરી રહ્યા છે. જોકે, ઘણા ડેમોક્રેટ અને કેટલાક રિપબ્લિકન નેતાઓએ અનંત કાળ સુધી ચાલી શકે તેવા આ યુદ્ધ માટે વધારાના ફંડિંગને મંજૂરી આપવા અંગે ચિંતા વ્યકત કરી છે. તેઓ પ્રશાસન પાસે વધારાના ભંડોળને મંજૂરી આપતા પહેલા યુદ્ધની વ્યૂહરચના અને તેના અંતિમ પરિણામ વિશે સ્પષ્ટ વિગતો માંગી રહ્યા છે.

### ટેકનોલોજી ક્ષેત્રે...

ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હોવાથી તે અમેરિકી ટેક રોકાણો માટે સૌથી સુરક્ષિત અને ફાયદાકારક આશ્રયસ્થાન સાબિત થઈ રહ્યું છે. આમ, ભૌગોલિક રાજકીય અસ્થિરતા અને સિંગાપોરની મોંઘવારી વચ્ચે ભારત વૈશ્વિક ટેકનોલોજી સપ્લાય ચેઈન માટે એક અનિવાર્ય ભાગીદાર બનીને ઉભરી રહ્યું છે.

### રણમાં યુધ્ધ વચ્ચે...

જાહેરાત કરવામાં આવી છે. એટલું જ નહીં, દુબઈ મિરાકલ ગાર્ડનમાં પણ ૧૫ માર્ચથી ૩૧ માર્ચ સુધી યુએઈના રહેવાસીઓ માટે એન્ટ્રી બિલકુલ ફ્રી છે. 'હાઉસ ઓફ હાઈપ' જેવી જગ્યાઓએ પણ સ્પ્રિંગ બ્રેકની ખાસ ઓફર્સ ચાલી રહી છે. યુદ્ધના કારણે વધેલા વિમાની ભાડા અને ફ્લાઈટ કેન્સલેશનના ટેન્શન વચ્ચે, આ ઓફરો પ્રવાસીઓને રાહત આપી રહી છે.

જો મનોરંજનથી મન ન ભરાય તો શોપિંગમાં તો તેનાથી પણ મોટી ઓફર છે. દુબઈ ફેસ્ટિવલ સિટી મોલ ખાતે અત્યારે 'રમઝાન સુપર સેલ'ની ધૂમ મચી છે. અહીં ૧૨ થી ૧૫ માર્ચ સુધી ૯૦ ટકા સુધીનું માતબર ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. ફેશન, એસેસરીઝ અને ઘરવખરીની વસ્તુઓ લેવા માટે લોકોની લાંબી લાઈનો લાગી છે.

ઈદની તૈયારીઓ માટે લોકો અત્યારે મોલમાં ઉમટી પડ્યા છે. સાંજના સમયે તો ઈફ્તાર પછી અહીં મેળો જામ્યો હોય તેવા દ્રશ્યો સર્જાય છે. સાંસ્કૃતિક શો અને ફેસ્ટિવલ બેના આકર્ષણો સાથે દુબઈ અત્યારે યુદ્ધના માહોલ વચ્ચે પણ દુનિયાભરના પ્રવાસીઓને 'એશ' કરાવવા તૈયાર છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### સોમણનો સવાલ...

ખાલી પડવાની છે તેમાં એક બેઠક પર મહિલા ઉમેદવાર અને એક બેઠક પર સૌરાષ્ટ્રના નેતા પર પસંદગીનો કળશ ઢોળાય તેવી પ્રબળ સંભાવના હાલ દેખાય રહી છે. આવામાં હાલ અંજલીબેન રૂપાણી આ બંને સમીકરણોમાં સંપૂર્ણ પણે ફીટ બેસે છે. વિજયભાઈ રૂપાણીએ પક્ષ માટે કરેલી કાળી મજુરીની કદર કરવાની તક હવે ભાજપ પાસે આવી છે. ત્યારે હવે જોવાનું એ રહે છે કે શું પક્ષ આ તકનો લાભ ઉઠાવી શકશે.

ગુજરાતના રાજયસભાના સાંસદ તરીકે હાલ જે.પી. નડ્ડા, એસ.શંકર, ગોવિંદભાઈ ધોળકીયા, મયંકભાઈ નાયક, જસવંતસિંહ પરમાર, કેસરીદેવસિંહ ઝાલા, બાબુભાઈ દેસાઈ, રમીલાબેન બારા, નરહરી અમિન, રામભાઈ મોકરીયા, અને શકિતસિંહ ગોહિલ જવાબદારી વહન કરી રહ્યા છે. ૧૧ પૈકી ૪ બેઠકો આગામી ૨૧ જૂને ખાલી પડશે. જેના માટે આવતા મહિનાના અંતમાં ચૂંટણીની તારીખ જાહેર થવાની સંભાવના છે.

### કોંગ્રેસની વિચીત્ર માંગ...

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગીતાબેન પટેલે કેન્દ્ર સરકાર સમક્ષ મુખ્ય માંગણીઓ કરતા જણાવ્યું હતું કે, પેટ્રોલ અને ડીઝલ પર લગાવવામાં આવેલા અતિરિક્ત કરોમાં તાત્કાલિક ઘટાડો કરવામાં આવે

રસોઈ ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરીને સામાન્ય પરિવારોને રાહત આપવામાં આવો,ખાદ્યપદાર્થો અને આવશ્યક વસ્તુઓના ભાવ નિયંત્રિત કરવા માટે મજબૂત અને અસરકારક નીતિ અમલમાં મૂકી શકાયા અને મોંઘવારીથી પ્રભાવિત ગરીબ અને મધ્યવર્ગના પરિવારો માટે વિશેષ રાહત પેકેજ જાહેર કરવામાં આવો

મોંઘવારી આજે દેશનો સૌથી મોટો જનમુદ્દો બની ગઈ છે અને મહિલા કોંગ્રેસ આ મુદ્દાને સંસદથી લઈને સડક સુધી મજબૂતીથી ઉઠાવતી રહેશે. આજની પત્રકાર પરિષદમાં અમદાવાદ શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ ઝીલ શાહ, પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના મહામંત્રી હેતલબેન પંચાલ, અઝરાબેન કાદરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### ધાન્ય પાકોની ઉત્પાદકતા...

૩૪૭% નો અભૂતપૂર્વ વધારો અને ધાન્ય પાકોના ઉત્પાદનમાં ૨૭૦% અને ઉત્પાદકતામાં ૧૮૧% ની વૃદ્ધિ થઈ છે.

ગુજરાતના ગીરની 'કેસર કેરી', ભાલના 'ભાલિયા ઘઉં', કચ્છની 'ખારેક' અને 'વલસાડી ચીકુ'ને જીઆઈ ટેગ મળ્યો અને વૈશ્વિક ઓળખ બની છે,

કેન્દ્ર સરકાર દ્વારા ધાન્ય પાકોના ટેકાના ભાવમાં ૮૧% થી ૧૪૭% નો વધારો, કઠોળ પાકોના ટેકાના ભાવમાં ૮૧% થી ૯૫% અને તેલીબિયાં પાકોના ટેકાના ભાવમાં ૮૨% થી ૧૧૯% સુધીનો વધારો, રોકડિયા પાકોમાં કપાસ અને શેરડી પાકના ટેકાના ભાવમાં ૭૦% થી ૧૦૩% નો વધારો, વિવિધ પાકોની ખરીદી અંગે મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતે છેલ્લા ૫ વર્ષમાં ટેકાના ભાવે કુલ રૂ. ૩૯,૧૫૫ કરોડના મૂલ્યના કુલ ૫૯.૮૭ લાખ મેટ્રિક ટનથી વધુ જથ્થાની વિક્રમજનક ખરીદી કરી છે.

તેઓએ ઉમેર્યુ હતું કે, ગુજરાત આજે ચીકુ, પપૈયા, ભીંડા, જીરું અને વરિયાળીમાં વાવેતર અને ઉત્પાદનમાં દેશમાં પ્રથમ ક્રમે છે. જ્યારે દાડમ, ધાણા, કેળા અને ડુંગળીમાં બીજા ક્રમે છે. બાગાયતી પેદાશોના સંગ્રહ માટે ૫૪૮ કોલ્ડ સ્ટોરેજ દ્વારા ૨૭.૪૦ લાખ મે.ટન ક્ષમતા ઊભી કરાઈ છે.

ખેડૂતોને વ્યાજમુક્ત ધિરાણ માટે રૂ. ૧૫૩૯ કરોડની જોગવાઈ. ૩૨ લાખ નવા ખાતા ખોલાયા અને થાપણોમાં રૂ. ૧૬,૨૧૦ કરોડનો વધારો થયો.

આગામી લક્ષ્યાંકો અને 'વિકસિત ગુજરાત ૨૦૪૭'ના રોડમેપ અંગે મંત્રીએ કહ્યુ કે, રાજ્યમાં ધાન્ય પાકોની ઉત્પાદકતા ૨.૭ થી વધારી ૩ મેટ્રિક ટન પ્રતિ હેકટર કરવામાં આવશે.'' અમદાવાદના ત્રાગડ ખાતે રૂ. ૨૨.૫૦ કરોડના ખર્ચે એગ્રી બિઝનેસ એન્ડ ઈનોવેશન હબ તૈયાર કરાશે. '' વાવ-થરાદ ખાતે નવો ફૂડ પાર્ક અને ઉત્તર ગુજરાતમાં લોજિસ્ટિક સુવિધાઓ ઊભી કરાશે '' કૃષિ બિઝનેસ અને એક્સપોર્ટ પોલિસી દ્વારા ૫૦ લાખ ખેડૂતોની આવક વધારવી અને ૧ લાખ કરોડનું રોકાણ લાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

### કાળઝાળ ગરમી...

સુરેન્દ્રનગરનું તાપમાન ૪૦.૩ ડિગ્રી રહ્યું હતુ. આજે પણ રાજકોટ અને સુરેન્દ્રનગરમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

મહતમ તાપમાન ૪૦ ડિગ્રી રહેવાની શકયતા જણાય રહી છે. ઉતર ગુજરાતમાં અમદાવાદ શહેરનું મહતમ તાપમાન ૩૮.૯ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૮.૮ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૮.૪ ડિગ્રી અને વલ્લભ વિદ્યાનગરનું ૩૭.૭ ડિગ્રી નોંધાયું હતુ, દક્ષિણ ગુજરાતમાં વડોદરાનું ૩૯ ડિગ્રી, સુરતનું ૩૯.૨ ડિગ્રી, દમણનું ૩૪.૪ ડિગ્રી, નોંધાયું હતુ. કચ્છના ભૂજં ૩૯.૬ ડિગ્રી, નલીયાં ૩૫.૨ ડિગ્રી, કંડલા પોર્ટ પર ૩૬.૩ ડિગ્રી, અને કંડલા એરપોર્ટ પર ૩૯.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જયારે સૌરાષ્ટ્રમાં અમરેલી મહતમ તાપમાન ૩૯.૫ ડિગ્રી, ભાવનગર ૩૭ ડિગ્રી, દ્વારકા ૨૯ ડિગ્રી, ઓખા ૩૦.૪ ડિગ્રી, પોરબંદર ૩૬.૨ ડિગ્રી, રાજકોટ ૪૦.૬ ડિગ્રી, વેરાવળ ૩૫ ડિગ્રી, દિવ ૩૩ ડિગ્રી, સુરેન્દ્રનગર ૪૦.૩ ડિગ્રી, મહુવા ૩૭.૪ ડિગ્રી અને કેશોદનું તાપમાન ૩૯.૫ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું છે.

આ વર્ષ ઉનાળો આકરો રહેશે તેવી હવામાન વિભાગ દ્વારા અગાઉથી કરાયેલી આગાહી ૧૦૦ ટકા સાચી પડી રહી છે. માર્ચ માસમાંજ મહતમ તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર થઈ ગયો છે. એપ્રીલ અને મે માસમાં ગરમી પાછલા તમામ વર્ષોના રેકોર્ડ બ્રેક કરે તેવી સંભાવના હાલ દેખાય રહી છે. સૌરાષ્ટ્રમાં કેટલાક શહેરોમાં આ વર્ષ મહતમ તાપમાનનો પારો ૪૬થી ૪૭ ડિગ્રીએ આંબી જવાની દહેશત પણ હાલ જણાય રહી છે. દેશના ટોપ ૧૦ ગરમ શહેરમાં હાલ ગુજરાતનાં ૬ જેટલા શહેરોનો સમાવેશ થાય છે. ઉનાળાના આરંભે જ સૂર્યનારાયણે લોકોને ત્રાહીમામ કરી દીધા છે.

### સરકારી વાહનો...

કરવાની મંજુરી આપી શકશે. ૧૫ વર્ષ કે તેથી વધુ આયુ ધરાવતા સરકારી વાહનોને ફરજીયાત સ્ક્રેપ કરવાની જોગવાઈ કરવામાં આવી છે.

વાહનોના નિકાલ (સ્ક્રેપ) માટે ઓક્શન અર્થે તળિયાની કિંમત મૂળ ખરીદ કિંમત (ટેક્ષ વગર)ના ૪% લેખે ગણવાની રહેશે. જે કિસ્સામાં વાહનની મૂળ ખરીદ કિંમતની વિગતો ઉપલબ્ધ ન હોય તે કિસ્સામાં સમાન મોડેલની કિંમતના આધારે તળિયાની કિંમત નક્કી કરી શકાશે.

વાહન જે કચેરીની માલિકીનું હોય તે કચેરી દ્વારા રદબાતલનો હુકમ કરવાનો રહેશે. આ હુકમમાં વાહનના તળિયાની કિંમત દર્શાવવાની રહેશે. વાહનની કસ્ટડી જ્યાં સુધી વાહનનો નિકાલ ન થાય ત્યાં સુધી જે તે મૂળ કચેરી પાસે જ રહેશે.

### સુરેન્દ્રનગર જમીન કૌભાંડ...

અંદાજે રૂ. ૯.૬૦ કરોડની લાંચ ખાઈ લીધી હતી. જમીન એન.એ. કરવા માટે પ્રતિ સ્કવેર મીટર રૂ. ૧૦નો ભાવ નક્કી કરવામાં આવ્યો હતો. અરજીઓમાં વિલંબ ન થાય તે માટે સ્પીડ મનીના નામે ઉઘાડી લૂંટ ચલાવીને ખંડણીનું રેકેટ ચલાવવામાં આવતું હતું.

ઈડીએ દરોડા દરમિયાન આરોપીના નિવાસસ્થાનેથી હાર્ડડિસ્ક, લેપટોપ, પેન ડ્રાઈવ અને મોબાઈલ સહિત કુલ ૧૨ ડિજિટલ ઉપકરણો જપ્ત કર્યા હતા. તપાસમાં ખુલાસો થયો છે કે, લાંચની રકમનો સંપૂર્ણ હિસાબ વોટ્સએપ દ્વારા અધિકારીઓને મોકલવામાં આવતો હતો. હિસાબની શીટ્સ અને સહ-આરોપીઓના નિવેદનો મુજબ, પૂર્વ કલેક્ટરને સીધી રીતે રૂ. ૩,૧૨,૬૨,૨૩૦ની રકમ પ્રાપ્ત થઈ હતી. પેન ડ્રાઈવમાંથી કૌભાંડની પદ્ધતિ અંગેના મહત્વના દસ્તાવેજો મળી આવ્યા છે. ત્યારે જામીન ન આપવા જોઈએ. બન્ને પક્ષની રજૂઆત બાદ કોર્ટે આરોપીના જામીન ફગાવી દીધા છે.

### નકલી નોટ...

અગ્રાવત નામનો શખ્સ ભારતીય દરની બનાવટી ચલણી નોટો છાપે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે એસઓજીની ટીમે સરકારી પંચો સાથે રૈયાધાર મફતીયાપરામાં ગૌશાળાની બાજુમાં એક ઓરડીમાં દરોડો પાડી ત્યાં હાજર એક શખ્સને અટકમાં લઈ તેનું નામ ઠામ પુછ્તા પોતે પોતાનુ નામ નૈતીક મહેન્દ્ર અગ્રાવત (ઉ.વ.૨૯ ધંધો, ડ્રાઈવીંગ રહે- રૈયા ધાર મફતીયાપરામાં શિતલ પાર્ક પાસે ગૌ શાળાની બાજુમાં ઓરડીમાં રાજકોટ) હોવાનુ જણાવેલ હતુ.

એસઓજીની ટીમે તે શખ્સને સાથે રાખી ઓરડીની અંદર પ્રવેશ કરી જોતા વચ્ચે એક ખાટલા ઉપર એક પ્રીન્ટર કમ સ્કેનર પડેલ હતુ. જેના ઉપર પ્રીન્ટર કમ સ્કેનરની બાજુમાં એક ફુટપટી, એક કટર , એક પેન્સીલ, એક સંચો તથા એજ સાઈઝના કોરા કાગળનુ પેકેટ તથા ભારતીય ચલણની રૂ ૧૦૦ ના દરની નોટ ડબલ સાઈડ પ્રીન્ટવાળી નોટો પડેલ હતી, જે ગણી જોતા કુલ ૧૫ નંગ હતી. તમામ નોટોના સીરીયલ નંબર જોતા ઓએનએસ ૬૬૩૫૯૮ ના તમામ નોટમાં સરખા સીરીયલ નંબર વાળી હતી. જે નોટો બાબતે તે શખ્સને પુછ્તા બનાવટી હોવાનુ જણાવેલ હતુ.


તેમજ અન્ય એજ સાઈઝના કાગળોમાં રૂ.૧૦૦ ના દરની નોટ એક સાઈડ છાપેલ કુલ પેપર નંગ-૩૪ મળી આવેલ જે તમામમાં પણ સીરીયલ નંબર જોતા ઓએનએસ ૬૬૩૫૯૮ હતા. એજ સાઈઝના એક કાગળમાં ડબલ સાઈડ પ્રીન્ટ કરેલ કુલ પેપર નંગ- ૧ મળી આવેલ હતા. જે કાગળો બાબતે જણાવેલ કે, પોતે જ આ સ્કવેર પ્રીન્ટર મારફતે છાપેલ હોવાનું જણાવેલ હતુ. હાલ એસઓજીની ટીમે આરોપીની ધરપકડ કરી ૧૦૦ અને ૨૦૦ ના દરની ૩૮ બનાવટી ચલણી નોટ કબ્જે કરી સઘન પૂછ્તાછ આદરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સ આર્થીક દેણામાં આવી ગયો હતો. જેથી અઠવાડિયા પહેલા જ તેને યુટ્યુબમાં સર્ચ કરી બનાવટી નોટો છાપવા અંગેના વિડીયો જોયા હતા. તેમાંથી દુષ્પપ્રેરિત થઈ ત્રણ દિવસ પહેલા બે નોટ છાપી હતી, જેમાં તેને સફળતા મળતા બનાવટી નોટો છાપવાનું કોભાંડ શરૂ કર્યું હતું. જો કે હાલ છપાયેલી ૩૮ નોટો તે બજારમાં ફરતી કરે તે પહેલા જ એસઓજી ની ટીમે તેને દબોચી લીધો હતો. હાલ આ બનાવટી નોટો કોઈ ગ્રાહકને આપવાની હતી કે અન્ય કોઈ ઈરાદામાં સામેલ કરવાની હતી, તે અંગે ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ આર.કે.ગોહિલ અને ટીમે વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, પકડાયેલ શખ્સ વિરુદ્ધ અગાઉ અપહરણ, દુષ્કર્મ સહિતની ગંભીર કલમ હેઠળના ગુના પણ નોંધાયેલ છે.

# દુ:ખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**અમરેલી:** દાઉદી વ્હોરા તાહેરભાઈ મહંમદહુશેનભાઈ ભારમલ (ઉ.વ.૬૯)( વાડીવાળા) તે ખોજેમાભાઈ, યુસુફભાઈ, ફરીદાબેન (મહુવા) ના ભાઈ મુસ્તફાભાઈ, હુશેનભાઈ, મુનિરાબેન ધનકોટ (રાજકોટ) ના પિતા તા.૧૨ ને ગુરુવારના રોજ અમરેલી મુકામે વફાત પામેલ છે મર્હુમના સીયુમના સીપારા તા.૧૩ ને શુક્રવારના રોજ રાત્રિના ૮ કલાકે મોહંમદી મસ્જિદ અમરેલી ખાતે રાખવામાં આવેલ છે ટેલિફોનીક શોક સંદેશો મો.૯૪૨૯૭ ૦૫૪૦૦,૮૦૦૦૦ ૦૬૭૬૬ ઉપર વ્યકત કરવો.

**રાજકોટ:** રાજકોટ નિવાસી નરેન્દ્રભાઈ દેવસીભાઈ ચાવડાના પત્ની સુશીલાબેન નરેન્દ્રભાઈ ચાવડા (ઉ.વ.૬૭) તે સુકેતુભાઈ, ગૌરવભાઈના માતાનું તા. ૯-૩ ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૩ ને શુક્રવારે સાંજે ૫ થી ૭ દરમિયાન શ્રી ધર્મેશ્વર મહાદેવ મંદિર, ધરમનગર મેઈન રોડ, રાજ બેંકવાળી શેરી, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**વાંકાનેર:** ઉર્મિલાબેન માંડવીયા (ઉ.વ.૮૫) તે વર્ધા નિવાસી પ્રતાપરાય મણિલાલ માંડવીયાના પત્નિ, વાંકાનેર નિવાસી સોલાણી મગનલાલ ધરમશીના પુત્રી, સોલાણી પ્રફુલચંદ મગનલાલના મોટાબહેન, શૈલેષભાઈ, અજયભાઈ, નિર્મલભાઈના ફૈબાનું તા. ૧૨ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સાબરકાંઠાના નવલપુરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લાને ૭૨ કરોડના વિકાસ કામોની આપી ભેટ

## જિલ્લાને આરોગ્ય ક્ષેત્રે મળેલા ‘સ્કોચ એવોર્ડ’ની સિદ્ધીને મુખ્યમંત્રીએ બિરદાવી



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના વિકાસમાં એક નવું સોપાન ઉમેરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તલોદ તાલુકાના આદર્શ ગામ નવલપુર ખાતેથી અંદાજે રૂ.૭૨ કરોડના કુલ ૧૯૯૯ જેટલા વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. સાથો સાથ મુખ્યમંત્રીએ નવલપુર ગ્રામ પંચાયતના નવા બિલ્ડીંગ તેમજ ગામના અમૃત સરોવર સ્થિત સરદાર પટેલના પ્રતિમાનું અનાવરણ કર્યું હતું.

નવલપુર ગામને ગ્રામીણ વિકાસનું ઉત્તમ ઉદાહરણ ગણાવતા જણાવ્યું કે, આ ગામમાં સરપંચથી લઈને તમામ સભ્યો મહિલાઓ છે, જે મહિલા સશક્તિકરણનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે. નવલપુરે ‘સમરસ ગામ’ના વિચારને ચરિતાર્થ કરવાની સાથે પાણીના મીટર જેવી આધુનિક સુવિધાઓ અને ૧૦૦% સોલાર સિસ્ટમ અપનાવીને દેશને નવી રાહ ચીંધી છે.

સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થતી કર્કવૃત્ત રેખાના ભૌગોલિક મહત્વને વૈશ્વિક ઓળખ આપવા માટે રૂ.૮ કરોડના ખર્ચે નિર્મિત અદ્યતન ‘સાયન્સ પાર્ક’ નું લોકાર્પણ કર્યું હતું. ૧.૫ એકરમાં ફેલાયેલા આ પાર્કમાં ટ્રોપિક ઓફ કેન્સર ટાવર, સનડાયલ અને ઈનફોગ્રાફિક એક્ઝિબિશન હોલ જેવી સુવિધાઓ છે, જે બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવશે, એમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.

શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજાએ આ અવસરે નવલપુરને ‘સમરસ, સ્વચ્છ અને સોલર’ ગામ તરીકે બિરદાવતા જણાવ્યું હતું કે, આ ગામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને ચરિતાર્થ કર્યું છે. તેમણે રૂ.૮ કરોડના ખર્ચે નિર્મિત સાયન્સ પાર્કને આવનારી પેઢી માટે વિજ્ઞાનનું જીવંત કેન્દ્ર ગણાવ્યું હતું.

જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભારતીબેન પટેલે નવલપુર ગામના આંગણે મુખ્યમંત્રીનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, સરકારના સાથ અને જનભાગીદારીના કારણે જ નવલપુર આજે વિકાસનું મોડેલ બની શક્યું છે.

પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારે નવલપુરની સિદ્ધિઓને મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતું. હિંમતનગરના ધારાસભ્ય વી. ડી. ઝાલાએ જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૧થી મોદી યુગમાં વિકાસ કામો માટે ગ્રાન્ટની ક્યારેય અછત રહી નથી.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીના હસ્તે કુલ ૧૯૯૯ જેટલા કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, જેમાં વાહન વ્યવહાર વિભાગના રૂ.૧૩૯૦ લાખના કામો અને સામાન્ય વહીવટ વિભાગના રૂ.૩૬૬૭ લાખના કામોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુએ સ્વાગત પ્રવચન કર્યું હતું. પ્રાંતિજના પ્રાંત અધિકારી આયુષી જૈને આભાર વિધિ કરી હતી.

આ પ્રસંગે ધારાસભ્ય રમણલાલ વોરા, નાણાપંચના સભ્ય જે. ડી. પટેલ, કનુભાઈ પટેલ, કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુ, વિકાસ અધિકારી હર્ષદ વોરા, પોલીસ અધિક્ષક ડો.પાર્થરાજસિંહ ગોહિલ અને નિવાસી અધિક કલેક્ટર ક્રિષ્ના વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

# અંજારઃ ત્રિકમદાસજી મહારાજને ગ્લોબલ ગુજરાતી એવોર્ડથી સન્માનિત કર્યા



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

રણ ઓફ કચ્છ ખાતે કચ્છ યાત્રા રિસોર્ટ મધ્યે આયોજિત ગ્લોબલ ગુજરાતી એવોર્ડ ૨૦૨૬ કાર્યક્રમમાં સચ્ચિદાનંદ મંદિર અંજારના મહંત ત્રિકમદાસજી મહારાજને સમાજ, સંસ્કૃતિ અને ધાર્મિક ક્ષેત્રે આપેલ અમૂલ્ય સેવાઓ બદલ ગૌરવપૂર્ણ રીતે ગ્લોબલ ગુજરાતી એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે મહંત ત્રિકમદાસજી મહારાજે પોતાના આશીર્વચન દ્વારા સેવા, સંસ્કાર અને આધ્યાત્મિકતાનો સંદેશ આપી સૌને પ્રેરિત કર્યા.

# જૂનાગઢ જિલ્લો નિરક્ષરતા મુક્ત બનવા ભણી રવિવારે ૧૫૩ નિરક્ષરો સાક્ષર બનવા આપશે પરીક્ષા

## હવે અંગૂઠો નહીં સહી કરે છેઃ જિલ્લાના ૬૦ હજાર નિરક્ષરો જરૂરી તાલીમ બાદ પરીક્ષા આપીને સાક્ષર બન્યાં

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ જિલ્લામાં સાક્ષરતાની તાલીમ મેળવેલા ૧૫૩ જેટલા તાલીમાર્થીઓ તા.૧૫મી માર્ચે સાક્ષર થવા માટે સંલગ્ન પ્રાથમિક શાળા ખાતે ફાઉન્ડેશનલ લિટરસી એન્ડ ન્યુમરસી એસેસમેન્ટ ટેસ્ટ પરીક્ષા આપશે. જિલ્લામાં છેલ્લી વસ્તી ગણતરી મુજબ આશરે ૧ લાખ જેટલા નિરીક્ષરો નોંધાયેલા હતા, જે પૈકી અંદાજે ૬૦ હજાર જેટલા નિરીક્ષરોને જરૂરી તાલીમ બાદ ઉક્ત પરીક્ષા આપીને સાક્ષર બની ચૂક્યાં છે.

આ પરીક્ષા તથા નિરક્ષરોના સર્વે હાથ ધરવા સંદર્ભે નિવાસી અધિક કલેક્ટર બી.એસ. બારડના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લાની જુદી જુદી પ્રાથમિક શાળામાં નિરક્ષરો માટે યોજાનાર ની પરીક્ષાના સુચારું આયોજન કરવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

બેંક સહિત જુદી જુદી કચેરીઓમાં કામકાજ અર્થે અરજદારો દ્વારા સહીની જગ્યાએ અંગૂઠો લગાવવામાં આવતો હોય છે તેના પરથી પણ નિરીક્ષરોની ઓળખ કરવામાં આવે છે.

# સોમનાથમાં ગોલકધામ ખાતે ભગવાન શ્રીકૃષ્ણનો ‘સ્વધામ ગમન’ મહોત્સવ ધામે ધૂમે ઉજવાશે

## પાદુકા પુજન, વિષ્ણુયાગ યજ્ઞ, ધ્વજારોહણ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

ગીતા ગાયક ભગવાન કૃષ્ણનો ગોલોકધામ મહોત્સવ સોમનાથના પવિત્ર ત્રિવેણી સંગમ પાસે આવેલ હિરણ નદીના કાંઠે આવેલ ભગવાન કૃષ્ણ સ્વધામગમન દેહોત્સર્ગ ખાતે ચૈત્ર સુદ એકમે યોજાશે.

એક સંશોધન મુજબ આજથી બરાબર ૫૧૨૮ વર્ષ પહેલા ભગવાન કૃષ્ણે પોતાની દિવ્ય લીલા અવતાર લીલા સંકેલી અહીંથી જ સ્વધામ પ્રસ્થાન કર્યું હતુ. શ્રીમદ ભાગવતના અગીયારમાં સ્કંધમા ૩૦મા અને ૩૧મા અધ્યાયમાં શ્રી કૃષ્ણની આ ભૂમિ ઉપરથી વિદાયનું વર્ણન આલેખાયેલ છે. વર્ષ ૨૦૦૪માં શ્રીમદ આદ્યજગતગુરૂ શંકરાચાર્ય વૈદિક શોધ સંસ્થાનના અધ્યક્ષ સ્વામી જ્ઞાનાનંદજી સરસ્વતીજીએ સોમનાથ ખાતે ખાસ ચાર્તુમાસ ગાળી સક્કંધપુરાણ, વિષ્ણુપુરાણ, મત્સયપુરાણ, મહાભારત, મૌસલ પર્વ, નેધરલેન્ડ કોમ્પ્યુટર સોફટવેર, જયોતિષ, ભૂગોળ સહિતના અસંખ્ય ગ્રંથો અને અધતન ટેકનોલોજીનો સમન્વય કરી ઘોષિત કર્યું હતુ કે. ભગવાન શ્રી કૃષ્ણ પ્રભાસના દેહોત્સર્ગના સ્થળેથી શુક્રવાર ચૈત્ર સુદ ૧ તારીખ ૧૮ ફેબ્રુઆરી ૩૧૦૨ ઈ.સ. પૂર્વ મધ્યાન્હ બપોરના બે વાગીને ૨૭ મીનીટે અને ૩૦ સેકન્ડે નિજધામ મહાપ્રસ્થાન કર્યું હતુ. જેને સોમનાથ ટ્રસ્ટે સ્વીકૃતિ આપી હતી અને વર્ષ ૨૦૦૫થી પ્રતિવર્ષ ચૈત્ર સુદ એકમે ગોલોકધામ ઉત્સવ ઉજવાય છે.

તે દિવસે ચરણ પાદુકા પૂજન, વિષ્ણુયાગ યજ્ઞ અને બપોરે પ્રસ્થાનના સમયે વેણુ અને શંખનાદ સાથે અભિષેક નૂતન ધ્વજારોહણ ભગવાનનો અને ચરણપાદુકાને કેસરી સ્નાન અભિષેક તથા સંધ્યાએ સહસ્ત્ર દિવડાઓની સમુહ આરતી ગીતામંદિર પરિસર ભગવાન શ્રી કૃષ્ણચરણ પાદુકા સ્થળે યોજાય છે.

# હોમગાર્ડઝના હિતમાં હાઈકોર્ટનો ઐતિહાસિક નિર્ણય

## કંપની કમાન્ડર દેવેન્દ્રસિંહ અને રાજેન્દ્રભાઈ સહિતની ટીમનું સન્માનઃ હાઈકોર્ટના આદેશથી દૈનિક ભથ્થામાં વધારો, વર્ષોના સંઘર્ષ બાદ જવાનોને મળ્યો ન્યાય





**અબતક, આનંદ રાણા, સિહોર**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો છે, જે અનુસાર હવે હોમગાર્ડઝના દૈનિક ભથ્થામાં વધારો કરીને તેને પોલીસ કર્મચારીઓના ન્યૂનતમ વેતન સાથે જોડવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ નિર્ણય માત્ર એક કાનૂની જીત નથી, પરંતુ વર્ષોથી ઓછા ભથ્થા પર નિષ્ઠાપૂર્વક સેવા આપતા હજારો હોમગાર્ડ જવાનોના પરિશ્રમ અને સંઘર્ષનું સન્માન છે.

આ ન્યાયની લડતની શરૂઆત ભાવનગર જિલ્લાના સિહોર હોમગાર્ડ યુનિટના ઓફિસર કમાન્ડિંગ અને કંપની કમાન્ડર દેવેન્દ્રસિંહ ગોહિલ દ્વારા એકલા હાથે કરવામાં આવી હતી. ત્યારબાદ તેમની આ લડતમાં અમદાવાદના કંપની કમાન્ડર રાજેન્દ્રભાઈ જાની તથા અન્ય ત્રણ અધિકારીઓ જોડાયા હતા. આ ટીમે સમગ્ર કચ્છ અને કાઠિયાવાડના ગામેગામ પ્રવાસ ખેડીને હોમગાર્ડ અધિકારીઓ પાસેથી યથાશક્તિ નાણાકીય સહાય એકત્ર કરી હતી અને વકીલ ઠાકુર મારફતે આ કેસને ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચાડ્યો હતો.

આજે જે ઐતિહાસિક નિર્ણય આવ્યો છે તે દેવેન્દ્રસિંહ ગોહિલ, રાજેન્દ્રભાઈ જાની અને તેમની ટીમના અડગ સંકલ્પ અને ધીરજનું પરિણામ છે. આ ભવ્ય વિજયને વધાવવા માટે હવે ગુજરાતના દરેક હોમગાર્ડ યુનિટમાં બહોળી સંખ્યામાં જવાનો ઉપસ્થિત રહીને દેવેન્દ્રસિંહ ગોહિલ, રાજેન્દ્રભાઈ જાની અને તેમની ટીમનું ભવ્ય સન્માન કરે તેવી અપીલ કરવામાં આવી છે. આ નિર્ણયને માત્ર સમાચાર તરીકે નહીં પરંતુ હોમગાર્ડ પરિવારની જીત તરીકે ઉજવીને આ યોદ્ધાઓનું ગૌરવ વધારવું તે દરેક જવાનની ફરજ બની રહે છે.

# મુસાફરોની સુરક્ષા-સુવિધા રેલવેની સર્વોચ્ચ પ્રાથમિકતાઃ મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્મા

## ભાવનગર રેલવે મંડળમાં મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ




**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

મુસાફરોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા તથા રેલ સેવાઓ સંબંધિત સૂચનો પર ચર્ચા-વિચારણા કરવા માટે પશ્ચિમ રેલ્વેના ભાવનગર મંડળમાં મંડળ રેલ ઉપભોક્તા સલાહકાર સમિતિ (ઉછ્બઈઈ) ની ચોથી બેઠક તા. ૧૧ માર્ચ, ૨૦૨૬ રોજ મંડળ કાર્યાલયમાં યોજાઈ હતી.

બેઠકનો પ્રારંભ સમિતિના સચિવ તથા વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી દ્વારા કરવામાં આવ્યો. તેમણે ઉપસ્થિત તમામ સભ્યોનું સ્વાગત કરતા ભાવનગર મંડળમાં અમૃત સ્ટેશન યોજના હેઠળ વિકસાવવામાં આવી રહેલા સ્ટેશનોની પ્રગતિ તથા પ્રસ્તાવિત મુસાફર સુવિધાઓ વિશે વિગતવાર માહિતી આપી.

આ અવસરે સમિતિના અધ્યક્ષ અને મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ ભાવનગર મંડળમાં ચાલી રહેલી વિવિધ વિકાસાત્મક પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટો તથા તાજેતરની સિદ્ધિઓ વિશે સભ્યોને માહિતગાર કર્યા.

બેઠક દરમિયાન પાવર પ્રેઝન્ટેશન દ્વારા ભાવનગર મંડળની સિદ્ધિઓ, ચાલી રહેલા પ્રોજેક્ટો તથા મુસાફર સુવિધાઓમાં કરવામાં આવતા સુધારાઓ અંગે માહિતી આપવામાં આવી. સમિતિના સભ્યોએ તેમના પોતાના વિસ્તારો સંબંધિત રેલ સમસ્યાઓ, નવી ટ્રેનોના સંચાલન, લંબિત પ્રોજેક્ટોની વહેલી પૂર્ણતા તથા સ્ટેશનો પર મુસાફર સુવિધાઓ માટે સૂચનો રજૂ કર્યા.

બેઠકમાં સમિતિના સભ્યો એડવોકેટ કિરણ એમ. ગાંધી (ભાવનગર), બૈજુ એસ. મહેતા (ભાવનગર), મહેન્દ્ર શાહ (ભાવનગર), ઉપેન્દ્રભાઈ જાની (ભાવનગર), પ્રદીપભાઈ એચ. દેસાઈ (ભાવનગર), પારસભાઈ સી. શાહ (ભાવનગર), ડો. આર.સી. ગુપ્તા (ભાવનગર), પ્રવિણસિંહ બી. ઝાલા (સુરેન્દ્રનગર), અનિષ એન. રાચ્છ (વેરાવળ), જિજ્ઞેશ કારિયા (પોરબંદર) તથા એસ. એ. સિંહ (અધીક્ષક ઈજનેર, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યા હતા. ભાવનગર મંડળના અગ્રીમ ગણાતા વેરાવળ સ્ટેશન ના પ્રશ્નો બ્લેક નંબર બે અને ત્રણ પર લિફ્ટ, એક્સીલેટર સીડી ની સુવિધા તેમજ યાત્રાધામ સોમનાથ થી લાંબા અંતરની નવી ટ્રેનની માંગણી, રાજકોટ વેરાવળ ફાસ્ટ ટ્રેન ની માંગણી સહિત ફ્લાઈ ઓવર બ્રિજ તેમજ ફૂટ ઓવર બ્રિજ સહિત સ્ટેશનની સ્થાનિક સમસ્યાઓ અંગે અનિસ રાચ્છ દ્વારા ધારદાર લેખિત રજૂઆત કરી માંગણી કરવામાં આવી હતી..

બેઠકના અંતે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ તમામ સભ્યોના સૂચનો રજૂઆતો ધ્યાનમાં લઈ વહેલી તકે પ્રશ્નો હલ કરવા જણાવેલ હતું . આ અવસરે અપર મંડળ રેલ પ્રબંધક શ્રી ૠત્વિક શર્મા સહિત મંડળના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરામાં ટીનએજર વાહનચાલકો સામે કાર્યવાહી કરવા જાગૃત નાગરિકોની માંગ

## શહેરમાં જોખમી ડ્રાયવીંગ કરનાર ટબુડીયાઓ માર્ગ સલામતી માટે જોખમ

**અબતક, અપ્પુ જોશી, બાબરા**

બાબરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ૧૮ વર્ષથી ઓછી ઉંમરના અવયસ્કો દ્વારા બેફામ રીતે ટુ-વ્હીલર વાહન ચલાવવાના બનાવોમાં વધારો નોંધાઈ રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગો તથા રહેણાંક વિસ્તારોમાં અવયસ્કો બાઈક અને સ્કૂટર ઝડપી ગતિએ તથા બેદરકારીપૂર્વક ચલાવતા જોવા મળતા હોવાથી અકસ્માતની સંભાવનાઓ નાગરિકોમાં ચિંતા ઊભી કરી રહી છે.

મોટર વાહન અધિનિયમ મુજબ ૧૮ વર્ષથી ઓછી ઉંમરના વ્યક્તિને ટુ-વ્હીલર વાહન ચલાવવાની કાયદેસર પરવાનગી નથી. તેમ છતાં કેટલાક માતા-પિતા અથવા વાહન માલિકો પોતાના સંતાનોને વાહન ચલાવવા માટે આપતા હોવાના બનાવો સામે આવી રહ્યા છે, જે કાયદાનો ભંગ હોવા ઉપરાંત માર્ગ સલામતી માટે ગંભીર જોખમરૂપ છે.

શહેરના જાગૃત નાગરિકો અને સામાજિક કાર્યકરો દ્વારા પોલીસ તંત્રને આ બાબતે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

નાગરિકો દ્વારા માતા-પિતા અને વાલીઓને પણ અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના સંતાનોને ૧૮ વર્ષથી ઓછી ઉંમરે ટુ-વ્હીલર વાહન ચલાવવા માટે ન આપે અને ટ્રાફિક નિયમોનું પાલન કરવા પ્રેરણા આપે.

# વેરાવળ-પાટણ નગરપાલિકાના વહીવટદાર તરીકે પ્રાંત અધિકારી વિનોદ જોશીની નિમણુંક

## સંયુક્ત નગરપાલિકાની પાંચ વર્ષની ટર્મ પુરી થતા કાલથી શાસકો બનશે ‘પૂર્વ’

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

પ્રભાસ પાટણ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩-૮ મુજબ વેરાડ પાટણ સંયુક્ત નગરપાલિકાની પાંચ વર્ષ ટામ મુદત પૂરી થતી હોય રાજ્ય શહેરી વિકાસ મંડળે વેરાવળ પાટણ સંયુક્ત નગરપાલિકાના વહીવટદાર તરીકે તારીખ ૧૫ ૩ ૨૦૨૬ થી વેરાવળના પ્રાંત અધિકારી વિનોદ જોશીની નિમણૂક આગામી ચૂંટણી પૂર્ણ થાય અને નવું ચુંટાયેલ બોર્ડ ચાર્જ લે ત્યાં સુધી નિમણૂક કરી છે.

વિનોદ જોશી શિસ્ત પ્રિય સ્વભાવે સરળ ફરજનિષ્ઠા સાથે માનવીય સંવેદનામય લોકાભિમુખ કુશળ પ્રશાસક તરીકે હાલ વેરાવળ પ્રાંત અધિકારી તરીકે કાર્યરત છે તેઓ આગામી ચૂંટણીનું નવું બોર્ડની રચના થાય ત્યાં સુધી નગરપાલિકાની કામગીરી સુચારુ રૂપે ચાલે તે માટે વિવિધ પ્રકારના વિકાસલક્ષી કામો અને આવશ્યક સેવાઓ જેવી કે પાણી, ગટર, લાઈટ તથા અગ્નિશમન. સફાઈ સાધનો. વાહનોમાં મરામત કામો અંતર્ગત નિયમાનુસાર ખર્ચ કરવા આ વહીવટદાર ની નિમણૂક કરવામાં આવી છે કે જેઓ તેમની કામગીરી સુચારુરૂપ ચાલુ રાખવાની તેમજ પ્રજાકીય સુખકારી માટે રહેશે વર્તમાન મુક્ત થતાં પ્રમુખ સભ્યોને હવે નિરાત મળશે અને વીતેલા બોર્ડના સંભારણા વાગોળશે અને નગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે પસંદ થાય તેવો તેવી તેના શુભેચ્છકો શુભેચ્છા પ્રયત્ન કરશે.

# રાજુલા રાજગોર બ્રાહ્મણ સમાજ દ્વારા પદ્મશ્રી રતિભાઈ બોરીસાગરનું સન્માન

## વાંકુની ધાર પંચમુખી હનુમાનધામમાં સંતો મહંતોની ઉપસ્થિતિમાં યોજાયો સન્માન સમારોહ



**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા રાજગોર બ્રાહ્મણ સમાજ દ્વારા પદમશ્રી રતિભાઈ બોરીસાગરનું સન્માન કરાયું હતું. ખાંભા નજીક વાકુંનીધાર પંચમુખી હનુમાનજી આશ્રમ ખાતે રાજુલા રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડ દ્વારા સન્માનિત પદ્મશ્રી રતિભાઈ બોરીસાગર નું ગૌરવ સન્માન કરવામાં આવેલ હતું.

સૌપ્રથમ કાર્યક્રમના અધ્યક્ષ અને અખિલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ મુક્તાનંદબાપુ ચાપરડા, વાકુંનીધાર પંચમુખી હનુમાનજી આશ્રમના મહંત રામબાલકદાસ બાપુના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ

સમગ્ર રાજગોર સમાજને પદ્મશ્રી એવોર્ડ ગૌરવ અપાવનાર પદ્મશ્રી રતિભાઈ બોરીસાગરને મુક્તાનંદબાપુ, રામબાલક દાસબાપુના વરદ હસ્તે પુષ્પહાર શાલ અને સન્માન પત્ર એનાયત કરી સન્માન કરવામાં આવે ત્યારબાદ અમરેલી જિલ્લાભરમાથી આવેલા અને મહુવા તાલુકા સહિત વિવિધ વિસ્તારમાંથી આવેલ રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સંગઠન ના હોદ્દેદારો દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવે આ તકે મુક્તાનંદ બાપુ , રતિદાદા ચલાલા, ગિજુભાઈ ભરાડ, પદ્મશ્રી રતિભાઈ બોરીસાગર, આશ્રમ ના લઘુ મહંત પૂજ્ય કરુણાનિદાનબાપુ, પદ્મશ્રી રતિભાઈ બોરીસાગર દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવેલ કાર્યક્રમના અંતે રાજુલા રાજગોર યુવા પ્રમુખ ગૌરાંગભાઈ જાનીએ આભાર વિધિ કરી હતી સંચાલન શૈલેશભાઈ રવિયાએ કરેલ હતું.

# દ્વારકાઃ ‘સુજલામ સુફલામ જળ અભિયાન’નો પ્રારંભ

## જળસ્તર ઊંચા લાવવા ૩૧ મે સુધી જિલ્લાભરમાં તળાવો ઊંડા કરવા સહિતના કામો હાથ ધરાશે; ઈન્ચાર્જ કલેક્ટર એ.બી. પાંડોરના અધ્યક્ષસ્થાને આયોજનની સમીક્ષા



**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળિયા**

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે યોજાતા 'સુજલામ સુફલામ જળ અભિયાન'ના ૨૦૨૬ના અમલીકરણ માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા સેવા સદન ખાતે એક મહત્વની બેઠક યોજાઈ હતી. ઈન્ચાર્જ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી એ.બી. પાંડોરના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં જળસંચયના વિવિધ કામોના આયોજન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ચોમાસા પૂર્વે જળસંચયનું આયોજન

આગામી ૨૩ ફેબ્રુઆરીથી ૩૧ મે ૨૦૨૬ દરમિયાન ચાલનારા આ અભિયાન અંતર્ગત જિલ્લામાં ભૂગર્ભ જળસ્તર વધારવા અને વરસાદી પાણીના સંગ્રહ માટે વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. બેઠક દરમિયાન ક્ષાર અંકુશ વિભાગ, પંચાયત સિંચાઈ, પાણી પુરવઠા બોર્ડ, વન વિભાગ અને નગરપાલિકાઓ જેવા વિવિધ વિભાગો સાથે સંકલન સાધીને તળાવો-ચેકડેમોના ડીપનિંગ (ઊંડા ઉતારવા) તેમજ રેઈન વોટર હાર્વેસ્ટિંગના કામો હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક હેતલ જોશી તેમજ સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ અભિયાન દ્વારા ચોમાસા પહેલા જિલ્લાની જળ સંગ્રહ ક્ષમતામાં મોટો વધારો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

# શા માટે સચિનને ક્રિકેટના "ગોડ" કહેવામાં આવે છે?

## માત્ર સંજુ નહિ પણ વિરાટ કોહલી, ગીલ, યુવરાજસિંહ, હરમનપ્રિત કૌર સહિતના ખેલાડીઓ જયારે સંઘર્ષ કરતા હતા ત્યારે તેમને ક્રિકેટના "ગોડ" સચિનને યાદ કરી પ્રેરણા મેળવતા




**અબતક, રાજકોટ**

તાજેતરમાં ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતની ઐતિહાસિક જીત પછી સંજુ સેમસને પ્લેયર ઓફ ટુર્નામેન્ટ એવોર્ડ મેળવ્યો. તેમણે ૫ મેચમાં ૩૨૧ રન બનાવ્યા અને સ્ટ્રાઈક રેટ ૧૯૯થી વધુની હતી. પરંતુ આ સફળતા પહેલાં સંજુનું ફોર્મ ખૂબ જ ખરાબ હતું. ન્યૂઝીલેન્ડ સામેની ટીર૦ સિરીઝમાં તેઓ બહાર બેઠા હતા, મનમાં હતાશા હતી અને કરિયર પર પણ સંકટ આવી ગયું હતું.

આવા સમયે સંજુએ સીધા સચિન તેંડુલકરને ફોન કર્યો. તેમણે લાંબી વાતચીત કરી, જેમાં સચિને તેમને માઈન્ડસેટ, ગેમ પ્રિપરેશન, ગેમ સેન્સ અને ક્લેરિટી આપી. સચિને ટુર્નામેન્ટ પહેલાં અને ફાઈનલ પહેલાંના દિવસે પણ તેમને ફોન કરીને પૂછ્યું કે તમે કેવું અનુભવો છો? આ માર્ગદર્શનથી સંજુને માનસિક સ્થિરતા મળી અને તેઓ ટુર્નામેન્ટમાં શાનદાર પર્ફોર્મ કર્યું.સંજુ એકલા નથી. ભારતીય ક્રિકેટમાં ઘણા બેટ્સમેન જ્યારે ફોર્મમાં ન હોય, ટીમમાં જગ્યા ખતરામાં હોય કે માનસિક રીતે પરેશાન હોય ત્યારે હેલ્પલાઈન ડાયલ કરે છે - એટલે કે સચિન તેંડુલકરને ફોન કરે છે. કારણ કે સચિન પાસે અનુભવ છે, તેઓ નિષ્પક્ષ છે, ઈગો નથી અને વ્યવહારુ સલાહ આપે છે. સનીલ ગાવસ્કરે તેમને બેટિંગની યુનિવર્સિટી કહ્યા છે. આથી જ સંઘર્ષમાં બેટ્સમેન તેમને "ગોડની જેમ જુએ છે અને મદદ માગે છે.૨૦૧૪માં ઈંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન કોહલી ખૂબ જ સંઘર્ષ કરી રહ્યા હતા અને ઘરે પરત ફર્યા પછી તેમણે તેંડુલકર સાથે વાત કરી હતી. કોહલીએ પછીથી એક ઈન્ટરવ્યૂમાં આ વાત જાહેર કરી હતી. અને ત્યારબાદ કોહલી અલગ જ પ્રકારના ખેલાડી તરીકે ઉભરી આવ્યા.

ભારતના વર્તમાન ટેસ્ટ કેપ્ટનને પણ તેંડુલકરની સલાહથી ફાયદો થયો છે. ૨૦૨૫માં ઈંગ્લેન્ડના પ્રવાસ પહેલાં શુભમન ગિલે તેંડુલકર સાથે અંગ્રેજી પરિસ્થિતિઓમાં સફળ થવા વિશે વાત કરી હતી. ત્યારબાદ તે કેપ્ટન તરીકેની પોતાની ડેબ્યુ સિરીઝમાં સૌથી વધુ રન બનાવનાર બન્યા અને ભારતને સિરીઝ ડ્રો કરાવવામાં મદદ કરી.તેંડુલકરે મહિલા ટીમના ખેલાડીઓને પણ સમર્થન આપ્યું છે. હરમનપ્રીત કૌરે ગયા વર્ષે ઓડીઆઈ વર્લ્ડ કપનું ઐતિહાસિક ખિતાબ જીત્યું હતું, જેમાં તેણે નવી મુંબઈમાં ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને હરાવી હતી. ટુર્નામેન્ટ દરમિયાન તેને પણ આ દિગ્ગજ બેટ્સમેન તરફથી માર્ગદર્શન મળ્યું હતું.સચિન માત્ર એક ક્રિકેટર નથી, તેઓ ભારતીય ક્રિકેટનું પ્રતીક છે. જયારે કોઈ બેટ્સમેન સંઘર્ષમાં હોય તો તેઓ ગોડ પાસે જાય છે કારણ કે તેમની પાસે જ્ઞાન, અનુભવ અને હૃદયથી મદદ કરવાની ભાવના છે. આ જ કારણ છે કે સચિનને ક્રિકેટના ભગવાન કહેવામાં આવે છે અને તેઓ આજે પણ ખેલાડીઓના માર્ગદર્શક છે.

# બાપુ તે તો કમાલ કરી દીધી!: પડદા પાછળના ખેલાડીઓએ ભારતીય ટીમને ચાર ચાંદ લગાવી દીધા

## ફિલ્ડિંગ કોચ અને ભારતીય ટીમના પૂર્વ કેપ્ટ્ન ધોનીની એક ડેથ સ્ટેર જેને લઈ અક્ષર પટેલની ફિલ્ડિંગ ટર્નિંગ પોઈન્ટ બની ગઈ

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટના ઓલરાઉન્ડર અક્ષર પટેલે તાજેતરમાં ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં અદ્ભુત પ્રદર્શન કરીને બધાનું ધ્યાન ખેંચ્યું છે. ખાસ કરીને તેમની ફિલ્ડિંગે ટીમ ઈન્ડિયાને અનેક મેચોમાં મહત્વના પોઈન્ટ્સ અપાવ્યા છે. પરંતુ આ પરિવર્તનની શરૂઆત ઘણા વર્ષો પહેલાં થઈ હતી, જ્યારે ભારતીય ક્રિકેટના દિગ્ગજ કેપ્ટન એમએસ ધોનીએ તેમને ડેથ સ્ટેર આપી હતી.

૨૦૧૭માં બેંગ્લોરમાં રમાયેલી એક ટીર૦ મેચ દરમિયાન અક્ષર પટેલ થર્ડ મેન પોઝિશનમાં ફિલ્ડિંગ કરી રહ્યા હતા. બોલરની એક શોર્ટ બોલ પર બેટ્સમેને શોટ રમ્યો અને બોલ બાઉન્ડરી તરફ જતો હતો. અક્ષરે તેને રોકવાનો પ્રયાસ કર્યો પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા અને બોલ બાઉન્ડરી પાર થઈ ગયો. આ જોઈને કેપ્ટન એમએસ ધોનીએ ગુસ્સાભરી નજર કરી, જે વાયરલ થઈ ગઈ હતી. આ ઘટના અક્ષર માટે એક ટર્નિંગ પોઈન્ટ બની. ધોનીની આ નજરે તેમને ફિલ્ડિંગ પર વધુ ધ્યાન આપવાની પ્રેરણા આપી. ત્યારબાદ અક્ષરે પોતાની ફિલ્ડિંગને સુધારવા માટે કઠોર મહેનત શરૂ કરી.



### અક્ષરની ઈજાઓમાં છેલ્લા પાંચ વર્ષમાં ૮૦ ટકાનો ઘટાડો થયો

સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ કોચે અક્ષરની તાલીમ અને તૈયારીમાં કેટલાક ફેરફારો કર્યા, અને ટેમ્પ્લેટ તૈયાર કર્યું.અક્ષરની ઈજાઓ નોંધપાત્ર રીતે ઘટી ગઈ, ૭૦-૮૦ ટકાથી ઘટીને ૫-૧૦ ટકા થઈ ગઈ, જેનાથી તે પોતાનું શ્રેષ્ઠ પ્રદર્શન કરી શક્યો.ફિટનેસ ચોક્કસપણે ફિલ્ડિંગ જેવા એથલેટિક માંગ ધરાવતા પાસાઓ પર મહત્વની અસર કરે છે. જો તમે અક્ષરના કેચ પણ જુઓ તો, તેમાં અંતર્દષ્ટિ તેમજ શરીરને એવી સ્થિતિમાં મૂકવાની ક્ષમતા છે જેથી કેચ પૂર્ણ કરી શકાય. આજે અક્ષર મહાન ફિલ્ડરોમાં એક ગણાય છે.

ધોની માત્ર કેપ્ટન જ નહીં, પરંતુ અક્ષરના માર્ગદર્શક પણ રહ્યા છે. ૨૦૨૧ ટીર૦ વર્લ્ડ કપ દરમિયાન ધોની ટીમના મેન્ટર હતા. તેમણે અક્ષરને બેટિંગ અને ઓવરઓલ ક્રિકેટ અભિગમ વિશે મહત્વની સલાહ આપી હતી. પરંતુ ફિલ્ડિંગમાં પણ ધોનીનું પ્રભાવ અક્ષર પર જોવા મળ્યો. અક્ષરે પોતાની ફિલ્ડિંગ સેશન્સને વધુ ઈન્ટેન્સ બનાવી, અન્ય ખેલાડીઓને પણ પ્રોત્સાહિત કર્યા અને સ્વ-પ્રેરિત રહીને પોતાની ક્ષમતા વધારી.અક્ષર હવે એક નેચરલ ફિલ્ડર તરીકે ઓળખાય છે. તેમની એજીલિટી, ઝડપ અને એવેરનેસ અદ્ભુત છે.

# મહિલા હોકી વર્લ્ડકપમાં સ્થાન નિશ્ચિત કરી હવે ટાઈટલ અંકે કરવા ટીમ ઈન્ડિયા સજ્જ


**અબતક, રાજકોટ**



આગામી વિમેન્સ હોકી વર્લ્ડ કપમાં પોતાનું સ્થાન પહેલેથી જ નિશ્ચિત કરી ચૂકેલી ભારતીય મહિલા હોકી ટીમ શુક્રવારે અહીં રમાનારી સેમિફાઈનલમાં ઈટાલીને હરાવીને ટ્રોફી જીતવા તરફ વધુ એક ડગલું આગળ વધવા ઈચ્છશે. ભારતીય ટીમ ત્રણ મેચમાં સાત પોઈન્ટ સાથે ગ્રૂપ-બીમાં ટોચ પર રહી હતી. સ્કોટલેન્ડના પણ સમાન પોઈન્ટ હતા, પરંતુ ગોલના તફાવતમાં ભારત ચઢિયાતું હોવાથી તે બીજા ક્રમે રહ્યું હતું. યજમાન ભારતે ગ્રૂપ તબક્કામાં બે જીત અને એક ડ્રો નોંધાવી હતી.બીજી તરફ ઈટાલી એક જીત, એક ડ્રો અને એક હાર સાથે ચાર પોઈન્ટ મેળવી ગ્રૂપ-એમાં બીજા ક્રમે રહ્યું હતું. આ સ્થિતિ સેમિફાઈનલ અગાઉ ભારતને થોડો મનોવૈજ્ઞાનિક લાભ આપે છે. ભારતને ફોરવર્ડ નવનિત કૌર પાસેથી ફરી શાનદાર પ્રદર્શનની આશા રહેશે જે હાલમાં ચાર ગોલ સાથે ટુર્નામેન્ટમાં સંયુક્ત રીતે ટોપ-સ્કોરર છે. તેણે વેલ્સ સામેની છેલ્લી મેચમાં શાનદાર હેટ્રિક ફટકારી હતી. ઈટાલીની ટીમ ફેડરિકા કાર્ટા પર નિર્ભર રહેશે. જેણે અત્યાર સુધી ત્રણ ગોલ કર્યા છે.૨૦૧૨ થી અત્યાર સુધી ભારત અને ઈટાલી વચ્ચે રમાયેલી સાત મેચમાંથી ભારતે પાંચ મેચ જીતી છે, જ્યારે ઈટાલીએ માત્ર એક મેચ જીતી છે અને એક મેચ ડ્રો રહી છે.ભારતીય ટીમના મુખ્ય કોચ સોજોર્ડ મારિન હવે ટોકયો ઓલિમ્પિક્સ બાદ ફરીથી ટીમની કમાન સંભાળી રહ્યા છે. મારિને આ સિદ્ધિને મહત્વનો પડાવ ગણાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે એફઆઈએચ હોકી મહિલા વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ક્વોલિફાઈ થવું એ આ ટીમ માટે એક મોટું લક્ષ્ય હતું. પરંતુ અમારી માનસિકતા સ્પષ્ટ છે - અમે અહીં માત્ર ક્વોલિફાઈ થવા નથી આવ્યા પરંતુ અમારો ધ્યેય ટુર્નામેન્ટ જીતવાનો છે. તેમણે ખેલાડીઓને ચેતવણી પણ આપી હતી કે તેઓ ઈટાલીને હળવાશથી ન લે કારણ કે ઈટાલી મજબૂત ટીમોને મુશ્કેલીમાં મૂકવાની ક્ષમતા ધરાવે છે.

# સનરાઈઝર્સની માલકીન કાવ્યાએ પાકિસ્તાનના અબરારને "ખરીદતા" સોશિયલ મીડિયા ગરમાયું!!!

**અબતક, રાજકોટ**



ઈંગ્લેન્ડની ૧૦૦-બોલ લીગ, ધ હંડ્રેડ ૨૦૨૬ માટે પ્રથમ હરાજીમાં સનરાઈઝર્સ લીડ્સ દ્વારા પાકિસ્તાની ખેલાડીને ખરીદવાથી સોશિયલ મીડિયા પર હોબાળો મચી ગયો છે. સનરાઈઝર્સ લીડ્સ આઈપીએલ ટીમ સનરાઈઝર્સ હૈદરાબાદ સાથે જોડાયેલા છે. બંને ફ્રેન્ચાઈઝી કાવ્યા મારનના સન ટીવી નેટવર્ક ગ્રુપની માલિકીની છે. આ જ કારણ છે કે જ્યારે સનરાઈઝર્સ લીડ્સ ફ્રેન્ચાઈઝીએ પાકિસ્તાની મિસ્ટ્રી સ્પિનર અબરાર અહેમદને તેમની ટીમમાં ઉમેર્યો ત્યારે ઘણા ભારતીય ચાહકોએ સોશિયલ મીડિયા પર નારાજગી વ્યક્ત કરી હતી. ૨૭ વર્ષીય લેગ સ્પિનર અહેમદ, પાકિસ્તાન માટે ૪૬ ટેસ્ટ, ૨૮ ઓડીઆઈ અને ૫૨ ટીર૦ રમી ચૂક્યો છે.પાકિસ્તાની સ્પિનર અબરાર અહેમદને સનરાઈઝર્સ લીડ્સ દ્વારા :૧૯૦,૦૦૦ અથવા લગભગ ₹૨.૩ કરોડ (આશરે ₹૨.૩ કરોડ) માં ખરીદવામાં આવ્યો હતો. આ ડિલ સાથે, અબરાર ધ હંડ્રેડમાં ભારતીય માલિકીની ફ્રેન્ચાઈઝી દ્વારા ખરીદાયેલો પ્રથમ પાકિસ્તાની ખેલાડી બન્યો. હરાજી દરમિયાન, અબરાર માટે સનરાઈઝર્સ લીડ્સ અને ટ્રેન્ટ રોકેટ્સ વચ્ચે જોરદાર બોલી લાગી હતી, પરંતુ અંતે સનરાઈઝર્સ વિજેતા બન્યું. અબરારની બેઝ પ્રાઈસ ૭૫,૦૦૦ પાઉન્ડ હતી, પરંતુ બોલી વધીને તે રકમથી લગભગ અઢી ગણી થઈ ગઈ. જો કે, આ નિર્ણયથી સોશિયલ મીડિયા પર ઘણા ભારતીય ચાહકોનો રોષ ભભૂકી ઉઠ્યો છે. ચાહકોએ અબરાર અહેમદના જૂના વીડિયો અને ફોટા શેર કર્યા છે, જેમાં એસઆરએચ પર સવાલ ઉઠાવવામાં આવ્યા છે.

કેટલાક યુઝર્સે ફ્રેન્ચાઈઝીની ટીકા કરી, એશિયા કપ દરમિયાન અબરારની ઉજવણી અને ભારતીય ખેલાડીઓના ટોણાને યાદ કર્યા. અન્ય લોકોએ એમ પણ કહ્યું કે આ નિર્ણયે અંગ્રેજી મીડિયામાં અગાઉના દાવાઓને ખોટા સાબિત કર્યા છે કે ઈંડ્ક માલિકો પાકિસ્તાની ખેલાડીઓને ખરીદશે નહીં.

# ૮ લાખથી વધુ પગાર હોય તો પણ મળી શકે છે ઓબીસી અનામતનો લાભ

## જે નિયમ સરકારી કર્મચારીઓ માટે છે, એ જ નિયમ બેંક, વીમા કંપની કે પ્રાઈવેટ કંપનીમાં કામ કરતા લોકો માટે પણ લાગુ પડશે

**અબતક , દિલ્હી**

ધારો કે બે પડોશી છે, એક સરકારી કચેરીમાં પટાવાળા છે અને બીજા ખાનગી કંપનીમાં સામાન્ય નોકરી કરે છે.જો સરકારી પટાવાળાનો પગાર વધતા-વધતા ૮ લાખથી વધી જાય, તો પણ તેના છોકરાને OBC અનામતનો લાભ મળતો હતો. પણ જો પેલા ખાનગી નોકરીવાળા ભાઈનો પગાર ૮ લાખથી વધી જાય, તો તેના છોકરાને અનામતનો લાભ મળતો નહોતો. આને કારણે ખાનગી નોકરી કે બેંકમાં કામ કરતા મધ્યમ વર્ગના લોકો સાથે અન્યાય થતો હતો.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ ભેદભાવ બંધ કરો. કોઈનો પગાર ૮ લાખથી વધી જાય એટલે તે 'ક્રીમી લેયર' (ધનિક કે સુખી) થઈ ગયો એવું માની લેવું ખોટું છે. એ જોવું પડશે કે માતા કે પિતા કયા લેવલ પર નોકરી કરે છે. જો તેઓ મોટા અધિકારી નથી, તો પગાર ગમે તેટલો હોય, તેમના બાળકોને OBC અનામતનો લાભ મળવો જ જોઈએ. જે નિયમ સરકારી કર્મચારીઓ માટે છે, એ જ નિયમ બેંક, વીમા કંપની કે પ્રાઈવેટ કંપનીમાં કામ કરતા લોકો માટે પણ લાગુ પડશે.હવે જો તમે બેંકમાં ક્લાર્ક હોવ કે કોઈ પ્રાઈવેટ કંપનીમાં કામ કરતા હોવ અને તમારો પગાર વર્ષે ૮ લાખથી વધી જાય, તો પણ તમારા સંતાનોને OBC અનામતનો લાભ મળી શકશે. અત્યાર સુધી જે લોકો માત્ર 'વધારે પગાર'ના કારણે અનામતનો લાભ ખોઈ બેસતા હતા, તેમને હવે ન્યાય મળ્યો છે. હવે અનામત નક્કી કરવા માટે માત્ર તમારી તિજોરી (પગાર) નહીં જોવાય, પણ તમારો હોદ્દો (તમે શું કામ કરો છો) તે જોવામાં આવશે.

# ઈરાકમાં અમેરિકાનું રિફ્યુઅલિંગ વિમાન ક્રેશ : ઈરાનનો મિસાઈલ હુમલાનો દાવો

## એક બાજુ અમેરિકા તેને સામાન્ય અકસ્માત ગણાવી રહ્યું છે, તો બીજી બાજુ ઈરાન તેને પોતાનો લશ્કરી વિજય ગણાવી રહ્યું છે

**અબતક, રાજકોટ**

પશ્ચિમ ઈરાકમાં અમેરિકાનું એક કેસી-૧૩૫ એરિયલ રિફ્યુઅલિંગ વિમાન (હવામાં ઈંધણ ભરતું પ્લેન) ક્રેશ થયું છે. આ ઘટના સમયે બે વિમાન સાથે હતા, જેમાંથી એક સુરક્ષિત રીતે લેન્ડ થયું છે, જ્યારે બીજું દુર્ઘટનાનો શિકાર બન્યું છે. અમેરિકી સેનાએ સ્પષ્ટ કર્યું છે કે આ વિમાન કોઈ દુશ્મન કે મિત્ર દેશના હુમલાને કારણે નથી પડ્યું. એટલે કે, તેમના મતે આ એક ટેકનિકલ ખામી કે અકસ્માત હોઈ શકે છે.ઈરાનના સરકારી ટીવી અને સૈન્યના જણાવ્યા અનુસાર, ઈરાકમાં સક્રિય તેમના સાથી સંગઠને આ વિમાનને મિસાઈલ દ્વારા તોડી પાડ્યું છે અને તેમાં સવાર તમામ ક્રૂ મેમ્બર્સના મોત થયા છે. એક બાજુ અમેરિકા તેને સામાન્ય અકસ્માત ગણાવી રહ્યું છે, તો બીજી બાજુ ઈરાન તેને પોતાનો લશ્કરી વિજય ગણાવી રહ્યું છે. પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે આ ઘટના મોટી લશ્કરી ગૂંચવણ ઊભી કરી શકે છે.

# જૂનાગઢ: ગેમ્બલર ગેંગે પચાવી પાડેલી દુકાનનો કબ્જો માલીકને સોંપતી પોલીસ

## છ માસ માટે ભાડે રાખી છ વર્ષથી ગેરકાયદે કબ્જો જમાવ્યો તો

**અબતક, દર્શન જોશી**
**જુનાગઢ**

જુનાગઢ પોલીસે ૬ વર્ષ પહેલા, ૬ માસ માટે ભાડે આપેલી એક અરજદારની દુકાન 'ગેમ્બલર ગેંગ'ના કબજામાંથી છોડાવી મૂળ માલિકને પરત સોંપી આપી હતી.પોલીસ માંથી પ્રાપ્ત વિગતો મુજબ, ગેમ્બલર ગેંગના આરોપી અબ્બાસ ઈબ્રાહિમ ઉર્ફે ગેમ્બલર કુરેશી અને તેના સાગરીતોએ જૂનાગઢના સુખનાથ ચોક વિસ્તારમાં આવેલી અરજદારની દુકાન છ વર્ષ પહેલાં ૬ માસ માટે ભાડે રાખી હતી, અને કરાર મુજબ ૬ મહિનામાં દુકાન ખાલી કરવાની હતી, છતાં, આ શખ્સોએ દુકાન ખાલી ના કરી, દુકાન પર ગેરકાયદ કબજો જમાવી રાખ્યો હતો. પણ ડરના માર્યા દુકાનના માલિકે ફરિયાદ કરવાની હિંમત કરી ના હતી.

દરમિયાન જુનાગઢ પોલીસ દ્વારા ગેમ્બલર ગેંગ' સામે ગુજસીટોક અંતર્ગત કડક કાયદેસરની કાર્યવાહી કરી, ગેંગના સભ્યોને જેલના સળિયા પાછળ ધકેલી દેતા અરજદાર દુકાન માલિકે હિંમત કરી, પોલીસને રજૂઆત કરી હતી. તે સાથે પોલીસે પણ કામગીરી આરંભતા અનધિકૃત કબજો કરનાર વ્યક્તિઓએ દુકાનનો કબજો તેના મૂળ માલિકને સોંપી દીધો હતો.

જુનાગઢ ડીવાયએસપી રવિન્દ્રસિંહ પરમારના જણાવ્યા મુજબ, જુનાગઢ પોલીસે કબજો કરાયેલ મિલકત મૂળ માલિકને પરત અપાવી, સમાજમાં વિશ્વાસનું વાતાવરણ ઊભું કર્યું છે. આ સાથે, કોઈ નાગરિકની મિલકત પર આ ગેંગ દ્વારા બળજબરીથી કબજો કરવામાં આવ્યો હોય, તો તેઓએ નિર્ભય બનીને પોલીસનો સંપર્ક કરવા પણ જણાવ્યું છે.

# જૂનાગઢ -ગીર સોમનાથ જીલ્લામાં વિજ્ઞાન, ગણિત અને ભાષાના શિક્ષકોની જગ્યાઓ ખાલી

## વિધાનસભામાં ધારાસભ્ય વિમલ ચુડાસમાએ પુછેલા પ્રશ્નમાં શિક્ષણના ખાલી મહેકમની સ્થિતિ સામે આવી

**અબતક, જયેશ પરમાર**
**સોમનાથ**

ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે સારી સ્થીતીના દાવા વચ્ચે સોમનાથ ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાએ વિધાનસભામાં શિક્ષણ અંગે પુછેલા પ્રશ્નમાં ગીર સોમનાથ, જુનાગઢમાં ભાષા સમાજ વિજ્ઞાન, ગણિતના શિક્ષકો ઘટતા હોવાનું સરકારના જવાબમાં સ્થીતી સામે આવી છે.

વિમલભાઈ ચુડાસમા દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જે જવાબો સરકારે રજૂ કર્યા છે, તે શિક્ષણ ક્ષેત્રની પોકળ વાસ્તવિકતાને ઉઘાડી પાડે છે. ગીર સોમનાથ અને જૂનાગઢ જેવા મહત્વના જિલ્લાઓમાં પ્રાથમિક શિક્ષણની હાલત અત્યંત દયનીય છે.

સરકારી આંકડા મુજબ ગીર સોમનાથ અને જૂનાગઢ બંને જિલ્લામાં સામાજિક વિજ્ઞાન, ગણિત-વિજ્ઞાન અને ભાષા જેવા મુખ્ય વિષયોમાં શિક્ષકોની જગ્યાઓ ખાલી છે. જ્યારે એક તરફ બેરોજગાર યુવાનો નોકરી માટે રઝળી રહ્યા છે, ત્યારે શાળાઓમાં જગ્યાઓ ખાલી રાખીને સરકાર કોને ફાયદો કરાવી રહી છે? ઘણી જગ્યાઓ કાયમી શિક્ષકોને બદલે 'વિદ્યાસહાયક' અને 'કરાર આધારિત' પદ્ધતિથી ભરવામાં આવી છે. ગીર સોમનાથમાં ગણિત-વિજ્ઞાનમાં ૩૨ અને ભાષામાં ૩૭ વિદ્યાસહાયકો છે. જૂનાગઢમાં વિદ્યાસહાયકોની સંખ્યા '૦૦' (શૂન્ય) બતાવીને નવી ભરતી પ્રક્રિયા સાવ ઠપ્પ હોવાનું સામે આવ્યું છે. કરાર આધારિત વ્યવસ્થા માત્ર ગાડું ગબડાવવા માટે છે, બાળકોના સર્વાંગી વિકાસ માટે નહીં. કરાર આધારિત પ્રથા બંધ કરી શિક્ષકોને પૂરો પગાર અને માન-સન્માન આપવામાં આવે તેવી માંગ સામે શિક્ષણ મંત્રી જો આગામી દિવસોમાં આ ખાલી જગ્યાઓ ભરવા માટે નક્કર પગલાં લેવામાં નહીં આવે, તો અમે વિદ્યાર્થીઓ અને વાલીઓને સાથે રાખીને ઉગ્ર આંદોલન કરીશું. તેવી ચીમકી ધારાસભ્ય વિમલ ચુડાસમાએ ઉચ્ચારી છે.

# ધ્રાંગધ્રા: દુષ્કર્મના કેસમાં આરોપીને ૭ વર્ષની સજા

## સગીરાનું અપહરણ કરી કુકર્મ આચર્યુ'તુ: ૧ લાખનું વળતર ચુકવવા હુકમ

**અબતક, સલીમ ઘાંચી**
**ધ્રાંગધ્રા**


દસાડા પંથકની ધો.૧૧માં અભ્યાસ કરતી સગીરાને વર્ષ ૨૦૧૮માં બહુચરાજી તાલુકાના ફીચડી ગામનો યુવાન ભગાડી લઈ ગયો હતો અને કુકર્મ કર્યુ હતુ આ અંગેનો કેસ ધાંગધ્રા એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપીને કસુરવાર ઠેરવી ૭વર્ષની સજા ફટકારી છે.

દસાડા પંથકની પરિવારની દિકરી વર્ષ ૨૦૧૮માં ૧૬ વર્ષની હતી અને ધો. ૧૧માં અભ્યાસ કરતી હતી તા. ૨૮-૪-૨૦૧૮ના રોજ રાત્રે પરિવાર સુતો હતો. તા.૨૯-૪ના રોજ રાત્રે સગીરાની માતા જગાડવા જતા તે ઘરે હતી નહી પથારીમાંથી મોબાઈલ મળી આવ્યો હતો. જેમાં બહુચરાજી તાલુકાના ફીચડી ગામે રહેતા શકિતસિંહ રણછોડજી ઝાલા સાથે વાત કરતી હોવાનું સામે આવ્યુ હતુ. સગીરાના પિતાએ શકિતસિંહ ઝાલા સામે તા.૩૦-૪-૨૦૧૮ના રોજ ફરિયાદ નોંધાવી હતી. બનાવના ૨ દિવસ પછી ભોગ બનનાર મળી આવી હતી. જેમાં સગીરાની પુછપરછ કરતા સગીરા બહુચરાજી તેના સગાને ત્યાં જતા આરોપીનો સંપર્ક થયો હતો. અને બન્ને વચ્ચે મોબાઈલમાં વાતચીત થતી હતી તા.૨૮-૪ના રોજ રાત્રે ૧૨-૩૦ કલાકે આરોપીએ સગીરાને ફોન કરી જો તું મારી સાથે નહી આવે તો તારા નાના ભાઈને મારી નાંખીશ તેવી ધમકી આપી હતી. આથી સગીરા ઘરની બહાર જતા સોસાયટીના ગેટ પાસે આરોપી બાઈક લઈને ઉભો હતો અને સગીરાને લઈ તે સગાને ત્યાં લઈ ગયો હતો અને દુષ્કર્મ આચયું હતુ. આ બનાવમાં આરોપી શકિતસિંહ ૯-૫-૨૦૧૮ના રોજ પોલીસના હાથે ઝડપાયો હતો. આ અંગેનો કેસ તા.૧૦ માર્ચના રોજ સુરેન્દ્રનગર એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી ગયો હતો. જેમાં સરકારી વકીલ પી.બી. મકવાણાની દલીલો, ૨૨ મૌખીક અને ૨૬ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લઈ જજ એમ.પી ચૌધરીએ આરોપી શકિતસિંહ ઝાલાને કસુરવાર ઠેરવી ૭વર્ષની સજા ફટકારી છે. જયારે ભોગ બનનારને વળતરની યોજના મુજબ ૧ લાખ રૂપીયા વળતર ચૂકવવા હુકમ કરાયો છે.

# પાંચ હાટડી વિસ્તારમાં ગેરકાયદે બાંધકામ પર કોર્પોરેશનની કાર્યવાહી: ૪ દુકાનો જમીન દોસ્ત

## અબ્દુલ લુસવાલા નામના આસામીને નોટિસ આપ્યા બાદ ૫૫૦ ફૂટ જગ્યા ખુલ્લી કરાવાઈ





જામનગર મહાનગર પાલિકાની એસ્ટેટ શાખા દ્વારા આજે શહેરના ગીચ એવા પંચ હાટડી વિસ્તારમાં કડક કાર્યવાહી કરવામાં આવી હતી. મણિયાર શેરીમાં કોઈપણ જાતની પરવાનગી વગર ખડકી દેવાયેલી ૪ દુકાનોના બાંધકામને તંત્રએ તોડી પાડ્યું હતું.આ મામલે વિગતો મુજબ, મણિયાર શેરીમાં ગેરકાયદે બાંધકામ ચાલતું હોવાની ફરિયાદ મળતા ટાઉન પ્લાનિંગ શાખા સક્રિય થઈ હતી. તંત્ર દ્વારા જવાબદાર આસામી અબ્દુલ લુસવાલાને અગાઉ નોટિસ પાઠવી બાંધકામ અંગેના જરૂરી આધાર-પુરાવા રજૂ કરવા તાકીદ કરવામાં આવી હતી. જોકે, આસામી દ્વારા કોઈ સંતોષકારક મંજૂરી કે પુરાવા રજૂ ન કરાતા અંતે ડિમોલિશનનો હુકમ કરવામાં આવ્યો હતો.આજે સવારે એસ્ટેટ વિભાગના અધિકારી અનવર ગજણ અને તેમની ટીમ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી હતી અને બાંધકામ તોડવાની કામગીરી શરૂ કરી હતી. આ કાર્યવાહી દરમિયાન આશરે ૫૫૦ ફૂટ જેટલી કિંમતી જગ્યાને દબાણમુક્ત કરી ખુલ્લી કરાવવામાં આવી હતી.મનપાની આ કડક કાર્યવાહીથી ગેરકાયદે બાંધકામ કરનારા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# વિદેશી દારૂના ચાર દરોડા, ચાર ઝડપાયા

## ૪૨ બોટલ દારૂ, કાર મળી સવા લાખનો મુદ્દામાલ કબ્જે: બે ફરાર આરોપીઓની શોધખોળ

જામનગર શહેરમાં જુદી-જુદી ચાર જગ્યાએ પોલીસે ઈંગ્લિશ દારૂ અંગેના દરોડા પાડી ૪ શખ્સને રૂ. સવા લાખ ઉપરાંતના મુદામાલ સાથે ઝડપી લીધા હતા, જ્યારે બે શખ્સ હાજર નહીં મળી આવતા તમામ સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રથમ દરોડાની પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરમાં એમ્યુઝમેન્ટ પાર્ક પાસે ક્રિષ્નાનગર શેરી નં. ૩ ખાતે રહેતા યુવરાજસિંહ અનુપસિંહ ભટી નામના શખ્સના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં સિટી સી ડિવિઝન પોલીસ સ્ટાફ દ્વારા બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો દરમિયાન ત્યાંથી ઈંગ્લિશ દારૂની અલગ - અલગ બ્રાન્ડની ૬ બાટલી તથા ૩૦ નંગ ચપલા મળી આવતા કુલમળી રૂ. ૧૦૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે આરોપી હાજર નહીં મળી આવતા તેની સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ઝડપી લેવા દોડધામ શરૂ કરી છે.પોલીસે જી. જે. ૧૦. ડી. કે. ૯૬૨૯ નંબરનું એક્સેસ વાહન ચલાવી નીકળેલા સચિન દિલીપભાઈ રાઠોડ નામના શખ્સને અટકાવી તલાસી લેતા અને ઈંગ્લિશ દારૂની ૧ બાટલી મળી આવતા ઈંગ્લિશ દારૂ અને વાહન સહિત રૂ. ૨૫૭૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ તેની ધરપકડ કરી હતી.

ઉપરાંત જામનગરમાં વુલન મિલ ફાટક પાસે આવેલ બાવરીવાસ ખાતે રહેતા દીપુ કમલભાઈ વઢીયાર નામના શખ્સના કબ્જા ભોગવટાના રહેણાંક ઝૂંપડામાંથી ઈંગ્લિશ દારૂની ૧ બાટલી મળી આવતા રૂ. ૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે આરોપી હાજર નહીં મળી આવતા તેની સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી શોધખોળ હાથ ધરી છે.જામનગરના છેવાડે આવેલ હાપા માર્કેટિંગ યાર્ડના રસ્તે ન્યારા પેટ્રોલ પંપ સામેથી પસાર થતી જી. જે. ૦૫ જે. સી. ૨૦૩૦ નંબરની ઓડી કારની સીટી એ ડિવિઝન પોલીસે તલાસી લેતા તેમાંથી ઈંગ્લિશ દારૂના ૪ નંગ ચપલા મળી આવતા અજય જીવરાજભાઈ પરમાર, અક્ષય મગનભાઈ ગૌસ્વામી અને મયુર કરશનભાઈ ગોહિલ નામના ત્રણ શખ્સને ઝડપી લઈ ઈંગ્લિશ દારૂ અને કાર સહિત રૂ. ૧ લાખ ૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# જિલ્લામાં રાંધણગેસનો પૂરતો જથ્થો: અફવાઓથી દૂર રહેવા કલેક્ટરની અપીલ


## પુરવઠાનું સંતુલન જાળવવા બે એલ.પી.જી. સિલિન્ડર બુકિંગ વચ્ચે ૨૫ દિવસનો ગાળો; કાળાબજારી કરનાર સામે કડક કાર્યવાહી થશે

જામનગર જિલ્લામાં ઘરેલુ જરૂરિયાત માટે રાંધણગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે જણાવ્યું છે. વહીવટી તંત્ર દ્વારા ઓઈલ માર્કેટિંગ કંપનીઓ તથા ગુજરાત ગેસ લિમિટેડ સાથે સંકલન સાધીને એલ.પી.જી. અને પી.એન.જી. રાંધણગેસના જથ્થાનું દૈનિક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે.તંત્ર દ્વારા જણાવાયું છે કે હાલ જિલ્લામાં ગેસ પુરવઠાની કોઈ અછત નથી અને દરેક વિસ્તારમાં સરળતાથી ગેસ મળી રહે તે માટે પૂરતી વ્યવસ્થા રાખવામાં આવી છે. કેન્દ્ર સરકારના સૂચન અનુસાર જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એક જ ગ્રાહક દ્વારા બે એલપીજી સિલિન્ડર બુકિંગ વચ્ચે ઓછામાં ઓછા ૨૫ દિવસનો સમયગાળો રાખવાનો નિર્ણય કર્યો છે.આ વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય પુરવઠાનું સંતુલન જાળવી રાખવાનો છે. તેથી જિલ્લા કલેક્ટરશ્રીએ નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને રાંધણગેસનો બિનજરૂરી સંગ્રહ ન કરવા અપીલ કરી છે.

જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવ્યું હતું કે એલપીજીનો અનાધિકૃત સંગ્રહ, કાળાબજારી, નિયત ઉપયોગ સિવાય અન્ય ઉપયોગ અથવા નક્કી કરેલી કિંમત કરતા વધુ ભાવ વસૂલવો એ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ અને એલપીજી કંટ્રોલ ઓર્ડર-૨૦૦૦ મુજબ ગંભીર ગુનો ગણાય છે. આવી પ્રવૃત્તિ સામે તંત્ર દ્વારા કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# દરબારગઢમાં ટ્રાફિક સમસ્યા ઉકેલવા પોલીસ દ્વારા 'બેરિકેડિંગ' લગાવાયા

## ચાંદી બજાર તરફનો રસ્તો સંપૂર્ણ બંધ કરાતા શાક માર્કેટ જતા લોકો અટવાશે; સિટી બસના થાભવાને કારણે સમસ્યા વધુ વકરે તેવી સ્થિતિ



શહેરના સૌથી વ્યસ્ત અને ટ્રાફિકથી સતત ધમધમતા એવા દરબારગઢ સર્કલ વિસ્તારમાં ટ્રાફિકના કાયમી નિરાકરણ માટે પોલીસ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. દરબારગઢમાં વાહનચાલકોની ભારે અવરજવરને ધ્યાને રાખી ટ્રાફિકમાં ફસાતા લોકોને મુક્તિ અપાવવા માટે પોલીસ દ્વારા લાંબા બેરિકેડ્સ ગોઠવી દેવામાં આવ્યા છે. જોકે, તંત્રનો આ નિર્ણય રાહત આપવાને બદલે મુશ્કેલીમાં વધારો કરશે તેવી ચર્ચાઓ સ્થાનિકોમાં શરૂ થઈ છે.

અગાઉ દરબારગઢથી ચાંદી બજાર વિસ્તારને જોડતો માર્ગ આંશિક રીતે બંધ હતો, પરંતુ નવા આયોજન મુજબ પોલીસ દ્વારા લાંબા બેરિકેડ્સ મૂકીને આ રસ્તો હવે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. આ ફેરફારને કારણે શાક માર્કેટ તરફ જતા વાહનચાલકો માટે અવરજવર કરવી અત્યંત મુશ્કેલ બનીસૌથી મોટો પ્રશ્ન એ ઊભો થયો છે કે, આ સર્કલની મધ્યમાં જ સીટી બસ ઊભી રહેતી હોય છે. એક તરફ બેરિકેડિંગને કારણે રસ્તો સાંકડો કે બંધ થયો છે, અને બીજી તરફ સીટી બસની હાજરીને કારણે વાહનોના થપ્પા લાગવાની પૂરેપૂરી શક્યતા છે. સ્થાનિકોનું માનવું છે કે તંત્રનો આ નિર્ણય ટ્રાફિક ઘટાડવાને બદલે અંધાધૂંધી વધારી શકે છે.

# 'અબતક'ના પત્રકાર સંજય ડાંગર બન્યા ધ્રોલ પત્રકાર સંઘના પ્રમુખ



**અબતક, ધ્રોલ**

ધ્રોલના સંગઠનના નવા પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. પત્રકાર મિત્રો દ્વારા સર્વસંમતિ સાધીને સંજય ડાંગરની પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવી છે. સંજય ડાંગરની વરણી થતા જ સ્થાનિક પત્રકાર આલમમાં ખુશીની લહેર જોવા મળી હતી. નવનિયુક્ત પ્રમુખ અને અન્ય હોદ્દેદારોને પત્રકાર મિત્રો તેમજ સામાજિક અગ્રણીઓ દ્વારા મો.નં. ૭૫૬૭૯ ૭૦૬૭૯ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# રામ જન્મોત્સવ ધામધુમથી ઉજવાશે

## કાલે લોહાણા સમાજની બેઠક



આગામી સવંત ૨૦૮૨ ચૈત્ર સુદ - ૯ ને ગુરૂવાર, તા. ૨૬-૦૩-૨૦૨૬ ના રોજ ભગવાન રામચંદ્રજી પ્રાગ્ટય મહોત્સવ આવી રહેલ હોય તે પ્રસંગને ધામધુમથી ઉજવવા તથા તે પ્રસંગે રામનવમીના પારણા અંતર્ગત લોહાણા જ્ઞાતિની નાત (સમૂહ ભોજન) નું આયોજન તા. ૨૭-૦૩-૨૦૨૬, શુક્રવારના રોજ કરવામાં આવેલ છે. જે અંગે લોહાણા સમાજની મિટીંગ તા. ૧૪-૦૩-૨૦૨૬ને શનિવારના રોજ રાત્રે ૮-૦૦ કલાકેની લોહાણા મહાજનવાડી, પંચેશ્વર ટાવર, જામનગર ખાતે રાખવામાં આવેલ છે.ભગવાન શ્રી રામચંદ્રજી પ્રાગટય મહોત્સવ પરંપરાગત રીતે ઉજવાય તેવું સુંદર આયોજન કરવામાં આવેલ છે, તેથી આ મિટીંગમાં લોહાણા જ્ઞાતિના તમામ ભાઈ-બહેનો, યુવાનો, વડિલો, લોહાણા સમાજની વિવિધ સંસ્થાના હોદેદારો સહિત તમામને બહોળી સંખ્યામાં સમયસર ઉપસ્થિત રહેવા શ્રી રામચંદ્રજી પ્રાગટય મહોત્સવ સમિતિનના સ્થાપક સદસ્ય જીતુભાઈ લાલની દ્વારા જણાવાયું છે.

# જામજોધપુરના ચીફ ઓફીસર - ઈજનેરની કથિત નિષ્કીયતાનો મુદો સાધારણ સભાના એજન્ડામાં સામેલ કરાયો

## શહેર વિકાસના ૩૪ મંજુર ઠરાવો શહેરી વિકાસ મંત્રાલયમાં ન મોકલાતા પદાધિકારીઓ થયા ખફા

**અબતક, ભરત ગોહિલ**
**જામજોધપુર**

જામજોધપુર નગર પાલિકાની બે દિવસ પહેલા સાધારણ સભાની બેઠક યોજાઈ હતી જેમાં ચિફ ઓફીસર અને નગર પાલિકના ઈજનેરની નિષ્કીયતા અંગે એજન્ડા માં સમાવેશ કરાયો હતો ચીફ ઓફીસર અને ઈજનેરની નિષ્કીયતા નો મુદો સાધારણ સભાની એજન્ડામાં મુકાતા આમુદો જામ જોધપુરમાં ચર્ચાસ્પદ બન્યો છે. જામ -જોધપુર ની પ્રજાના સુખાકારી માટે કુલ ૧૦૨ જેટલા કામોનો સર્વાનુમતે ઠરાવ કરાયેલ જેમાં સફાઈ કર્મચારી ની કાયમી વ્યવસ્થા કરવી તથા સાર્વજનીક પ્લોટની સાફ સફાઈ કરવી તથા વિકાસના કામોની જગ્યાનકી કરવી જેવા ૩૪ કામો જે અતિ મહત્વના હોઈ જે મંજુર થયેલ કરાવો દરખાસ્ત ચીફ ઓફીસર તથા નગરપાલિકા ઈજનેર દ્વારા મોકલવામાં આવી નથી આવા મહત્વના વિકાસનાકામો માંનિષ્ક્યિતા ચીફ ઓફિસર ઈજનેર દવારા કોઈ પણ પ્રકારની કામગીરી કરવામાં આવેલ નથી આમ જનરલ બોર્ડમાં સતાધારી ભાજપ તથા વિપક્ષ દ્વારા ચિફ ઓફિસર તેમજ નગર પાલિકા ઈજનેર ની ધોર નિષ્કીયતા બાબતે આક્રોશ વ્યક્ત કરેલ આ નારાજગી અને ભાજપ કોર્પોરેટર ના આક્રોશ વચ્ચે નગર પાલિકા પ્રમુખ દ્વારા ચિફ ઓફીસર તેમજ નગર પાલીકા ઈજનેર ની નિષ્કીપતા તેમજ વિકાસના કામો રૂંધાવાની નીતી સામે પ્રાદેશિક મ્યૂનિસીપલ કમીશ્નર પત્ર પાઠવતા નગર પાલિકા નું રાજકારણ ગરમાયું છે જામજોધપુર નગર પાલિકામાં છેલ્લા એકવરસ થયા કોઈ વિકાસના કામો ન થતા અધિકારી ગણ સામે પ્રજામાં પણ ભારોભાર નારાજગી તથા આક્રોશ ફેલાયો છે.

# નિકાવા: કન્યા શાળામાં વાર્ષિક ઉત્સવ ઉજવણી સાથે બેટી સંમેલન યોજાયું



**અબતક, રાજુ રામોલિયા**
**કાલાવડ**

કાલાવડ તાલુકાના નિકાવા ગામે નિકાવા કન્યાશાળા ના કેમ્પસમાં નિકાવા ગામના મહિલા સરપંચ મીનાબેન રાજુભાઈ મારવિયા ના અધ્યક્ષ સ્થાને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મા બેટી સંમેલન અને વાર્ષિક ઉત્સવ ૨૦૨૬ ની ઉજવણી કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નિકાવાના મેડિકલ ઓફિસર રિદ્ધિ મેડમ, નિકાવા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી તક્ષશિલાબેન મુસડીયા, મહિલા ઉપસરપંચ રસીલાબેન મનસુખભાઈ ગમઢા,બી આર સી કચેરીમાંથી શયમ કો-ઓર્ડીનેટર કૃપાબેન વાડોલીયા, નિકાવા તાલુકા શાળા અને ઈન્ચાર્જ આચાર્ય અલ્પાબેન વામજા, એસએમસીના અધ્યક્ષ તથા મહિલા સાથે સાથે નિકાવા કન્યાશાળાની બાળાઓએ વાર્ષિકોત્સવ માં ખૂબ જ ઉત્સાહભેર ભાગ લઈ પોતાના અભિનય ગીતો અને કૃતિઓ રજૂ કરી પોતાનું સુંદર પર્ફોમિન્સ કરેલ હતુ . કાર્યક્રમની શરૂઆત મહાનુભવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવી ત્યારબાદ નિકાવા કન્યાશાળા ની બાળાઓ દ્વારા પ્રાર્થના અભિનય ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

# કાલાવડના નપાણીયા ખીજડીયા ગામે વૃધ્ધાએ એકલવાયા જીવનથી કંટાળીને ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નાપાણિયા ખીજડીયા ગામમાં રહેતા પુરીબેન બચુભાઈ સાવલિયા નામના ૭૦ વર્ષના બુઝુર્ગ મહિલાએ પોતાની વાડીમાં ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેઓનું કરુણ મૃત્યુ નીપજયું છે. આ બનાવ અંગે મૃતકના પુત્રવધુ સુમિતાબેન દિલીપભાઈ સાવલિયાએ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્યના પોલીસ હેડ કોન્સ્ટેબલ એ.એમ. પરમાર બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસમાં જાહેર કરાયા અનુસાર પુરીબેન, કે જે પોતાની વાડીમાં એકલા રહેતા હતા, અને આ એકલપણાં થી કંટાળી ગયા હતા, અને ઝેરી દવા પી લઈ મોતની સોડ તાણી લીધી હોવાનું જાહેર થયું છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

# બેરાજા ગામે જુગાર રમતા ત્રણ પત્તાપ્રેમી પકડાયા

જામનગર તાલુકાના બેરાજા ગામમાં પાદરમાં આવેલા શંકર ભગવાનના મંદિર પાસે જાહેરમાં કેટલાક શખ્સો એકત્ર થઈને ગંજી પાના વડે જુગાર રમી રહ્યા છે, તેવી બાતમી ના આધારે પંચકોશી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે દરોડો પાડ્યો હતો. પોલીસે જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા રઘુવીરભાઈ પાંચાભાઈ ભરવાડ, ભીખુભાઈ બચુભાઈ મકવાણા, અને ગોવિંદભાઈ પાંચાભાઈ કુંજડીયા ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૩,૭૫૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# ખંભાળીયામાં શાક માર્કેટ પાસે ગંદકીના ગંજથી લોકો ત્રાહિમામ

**અબતક, વિનાયક ભટ્ટ**
**ખંભાળીયા**



કચરાના ઢગલાએ ખંભાળિયામાં આવેલ શાક માર્કેટ બાજુમાં કાયમ માટે આ મુજબ ખડકાયેલા રહે છે માર્કેટના વેપારીઓ દ્વારા બગડેલા શાકપાન ફળ ફૂલના ઢગલા કરી દેવામાં આવતા હોય એ સામે અહીં નિયમિત સફાઈ થતી ન હોવાથી આ સ્થિતિ આજકાલ માટે જ નહીં પરંતુ દાયકાઓથી જ દુર્ગંધ યુકત ગંદવાથી લચપચ રહે છે સ્વચ્છતા અને સફાઈ માટે લાખો રૂપિયા ઉધાર વા ઉપરાંત માઈક દ્વારા જોર સોર પબ્લિસિટી કરવામાં આવે છે પરંતુ રોગચાળા ને સરળતાથી આમંત્રણ આપનાર દુર્ગંધ યુક્ત ગંદવાડની નેસ્ત નાબુદ કરવા કામગરી કરવામાં આવતી ન હોય દેવભૂમિ દ્વારકા જેવા પવિત્ર વિસ્તારના હેડકવાટર ખંભાળિયામાં આ સ્થળે બે-ચાર વર્ષથી નહીં પરંતુ દાયકાઓથી આ ગંદકી ખડકાયેલી રહે છે ટોપ ટુ બોટમ સુધીના જવાબદારોના સંકલનના અભાવે આ બદતર સ્થિતિ કાય માટે રહે છે.

# જિલ્લાના ૧૫૪ રેડ - યલો ઝોન વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લાની હદમાં મીલીટરી સ્ટેશન, એરફોર્સ સ્ટેશન, જામનગર તથા સમાણા, આઈએનએસ વાલસુરા, એશીયાની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી, થર્મલ પાવર સ્ટેશન સિક્કા, જી.એસ.એફ.સી. તથા અન્ય મોટા ઔદ્યોગિક એકમો જેવા સંવેદનશીલ વાઈટલ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે.

જામનગર જિલ્લા વિસ્તારમાં આવેલ કુલ-૧૫૪ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન કે યલો ઝોનમાં વિભાજીત કરેલ છે જે પૈકી રેડ ઝોનમાં ૧૧૨ તથા યલો ઝોનમાં ૪૨ ઈન્સ્ટોલેશન્સ આવેલા છે. આથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ (ઈ.ચા.) એસ.એમ.કાથડ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.જે મુજબ જામનગર મહાનગરપાલિકા સહિતના સમગ્ર જામનગર જીલ્લાના રેડઝોન અને યલો ઝોન જાહેર કરાયેલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ રહેશે. આગામી તા.૧૦-૦૪-૨૦૨૬ સુધી આ જાહેરનામું અમલમાં રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# રસ્તો ઓળંગી રહેલો યુવાન કાર અડફેટે ઘવાયો

**અબતક, સાગર સંઘાણી,**
**જામનગર**

જામનગરમાં ગોકુલ નગર વિસ્તારમાં રહેતો નરેશ હરદાસભાઈ ગોજીયા નામનો ૩૩ વર્ષનો યુવાન ગઈકાલે સાંઢીયા પુલ પાસેથી રસ્તો ઓળંગી રહ્યો હતો, જે દરમિયાન પુરઝડપે આવી રહેલી જી.જે.-૩૯ સી.બી. ૯૪૮૫ નંબરની કારના ચાલકે હડફેટમાં લઈ લેતાં તેનો જમણો પગ ભાંગી નાખ્યો હતો, તેમજ શરીરના અન્ય જુદા જુદા ભાગોમાં પણ ઈજા થઈ હતી. આથી ઈજાગ્રસ્ત નરેશ ગોજીયા ને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, ત્યાં તેની સાધન સારવાર ચાલી રહી છે.

# સો મણનો સવાલ: રાજયસભામાં રાજકોટનું સ્થાન યથાવત રહેશે?

**રાજયસભાના સાંસદ તરીકેની રામભાઈ મોકરિયા, રમીલાબેન બારા, નરહરી અમિન અને શકિતસિંહ ગોહિલની મૂદત આગામી ૨૧ મી જૂને પુરી: ચાર બેઠકોની ચૂંટણીનું જાહેરનામું એપ્રિલ અંતમાં પ્રસિધ્ધ થવાની સંભાવના**

**ચિમનભાઈ શૂકલ, લલીતભાઈ મહેતા, વિજયભાઈ રૂપાણી, અભયભાઈ ભારદ્વાજ જેવા નેતાઓ રાજયસભામાં રાજકોટ (ગુજરાત)નું પ્રતિનિધિત્વ કરી ચૂકયા છે: હવે અંજલીબેન માટે ઉજળા સંજોગો**



**અબતક, રાજકોટ**

ગુજરાતના રાજયસભાના ચાર સાંસદોની મૂદત આગામી ૨૧મી જૂને પૂર્ણ થઈ રહી છે. હવે સૌથી મોટો સવાલએ છે કે શું સરકાર અને સંગઠનમાંથી ફેંકાઈ ગયેલા રાજકોટ શહેરનું રાજયસભામાં સ્થાન યથાવત રહેશે કે પછી સૌરાષ્ટ્રના અન્ય કોઈ જિલ્લામાંથી ભાજપ મોટા માથાને રાજયસભામાં લઈ જશે પૂર્વ મુખ્યમંત્રી દિવગંત વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અંજલીબેન માટે ભાજપ રાજયસભાના દ્વાર ખોલે તેવી આશા દેખાય રહી છે.

ગુજરાતમાં રાજયસભાની કુલ ૧૧ બેઠકો છે જે પૈકી રાજયસભના વર્તમાન સાંસદ રામભાઈ મોકરીયા, રમીલાબેન બારા, નરહરી અમીન અને શકિતસિંહ ગોહિલની છ વર્ષની મૂદત આગામી ૨૧મી જૂનના રોજ પૂર્ણ થઈ રહી છે. સંભવતઃ એપ્રીલ માસના અંતમાં ચૂંટણી પંચ દ્વારા રાજયસભાની જૂન માસમાં ખાલી પડનારી બેઠકો માટે ચૂંટણીની તારીખોનું એલાન કરી શકે છે. ૨૧ જૂને ગુજરાતમાં રાજયસભામાં હાલ કોંગ્રેસ પાસે જે એક બેઠક છે તે પણ પંજાના હાથમાંથી સરકી જશે કારણકે હાલ વિધાનસભામાં કોંગ્રેસ પાસે માત્ર ૧૨ ધારાસભ્યો જ છે. આવામાં કોંગ્રેસે રાજયસભાની બેઠક જાળવી શકે તેવી સ્થિતિમા પણ નથી.

રાજય સરકારના મંત્રી મંડળમાં અને ભાજપના સંગઠન માળખામાં રાજકોટનો કાંકરો નિકળી ગયો છે. હવે કાર્યકરોમાં એવી આશા છે કે રાજયસભામાં રાજકોટનું સ્થાન યથાવત રહેશે. હાલ રામભાઈ મોકરિયા રાજકોટ વતી રાજયસભામાં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. અભયભાઈ ભારદ્વાજનું દુઃખદ નિધન થતા રામભાઈને તક મળી હતી. હવે હાઈકમાન્ડ રાજકોટના કોઈ નેતાને રાજયસભામાં લઈ જશે કે કેમ તેના પર તમામની મીટ મંડાયેલી છે. ચિમનભાઈ શુકલ, લલીતભાઈ મહેતા, વિજયભાઈ રૂપાણી, અભયભાઈ ભારદ્વાજ જેવા રાજકોટના ધુરંધર નેતાઓ રાજયસભાના સભ્ય તરીકે જવાબદારી નિભાવી ચૂકયા છે. હવે પક્ષ રાજકોટના કયાં નેતાને આ પદ માટે લાયક ગણે છે. તે વાતનો ખ્યાલ તો આગામી જૂન માસમાં આવશે.

રાજયસભાની જે ચાર બેઠકો

(અનુ. આઠમા પાને)

# ખેતી, સ્વાસ્થ્ય અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીનું ભણતર હવે ખાનગી શાળાઓએ આપવું પડશે

**શાળાઓએ ૨૦ એપ્રિલ સુધીમાં નામાંકન પ્રક્રિયા પૂર્ણ કરીને તેની યાદી સુપરત કરવાની રહેશે**

**અબતક, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી રાજ્યની ખાનગી શાળાઓમાં સ્વ-ભંડોળના ધોરણે વોકેશનલ શિક્ષણ શરૂ કરવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિના લક્ષ્યોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય કરાયો હોવાનું જાણવા મળે છે. શિક્ષણ બોર્ડ દ્વારા એગ્રીકલ્ચર, આઈટી, હેલ્થકેર સહિત કુલ ૧૬ સેક્ટર જાહેર કરાયા છે. ઉપરાંત લેબ સેટઅપ અને વોકેશનલ ટ્રેનર્સની નિમણૂક અંગે માર્ગદર્શિકા પણ બહાર પાડવામાં આવી છે. રસ ધરાવતી શાળાઓએ ૨૦ એપ્રિલ સુધીમાં નામાંકન પ્રક્રિયા પૂર્ણ કરીને તેની યાદી સુપરત કરવાની રહેશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અન્વયે વિદ્યાર્થીઓને વ્યવસાયિક શિક્ષણ સાથે જોડવાનું લક્ષ્ય નક્કી કરાયું છે. હાલમાં આ યોજના મુખ્યત્વે સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં અમલમાં છે, પરંતુ હવે રાજ્યની અંદાજે ૫૭૦૦ જેટલી ખાનગી શાળાઓમાં પણ તેનો અમલ કરવા તરફ વિચારણા શરૂ કરી છે.

બોર્ડ દ્વારા જારી કરાયેલી માર્ગદર્શિકા મુજબ વોકેશનલ વિષય માટે શાળા પરિસરમાં અલગ પ્રયોગશાળાની વ્યવસ્થા અનિવાર્ય બનાવવામાં આવી છે. આ પ્રયોગશાળામાં ઓછામાં ઓછા ૨૦ વિદ્યાર્થીઓ માટે પૂરતી જગ્યા હોવી જરૂરી છે.ઉપરાંત, લાયકાત ધરાવતા વોકેશનલ ટ્રેનર્સની નિમણૂક કરવી પડશે, તેમજ તેમનું મહેનતાણું શાળા સંચાલકો દ્વારા ચૂકવવાનું રહેશે. વિષય-માળખાની દૃષ્ટિએ ધોરણ-૧૦માં ત્રીજી ભાષાના વિકલ્પ તરીકે અને ધોરણ-૧૧ તથા ૧૨માં મુખ્ય વિષય તરીકે કૌશલ્ય આધારિત વિષયોનો સમાવેશ કરાયો છે. વિદ્યાર્થીઓને પ્રાયોગિક અનુભવ મળે તે માટે દર વર્ષે ત્રણ ફિલ્ડ વિઝિટ ફરજિયાત રાખવામાં આવી છે, જ્યારે ઉચ્ચતર માધ્યમિક સ્તરે ૮૦ કલાકની ઈન્ટર્નશિપ પણ અનિવાર્ય બનાવવામાં આવી છે.

પરીક્ષા પદ્ધતિ મુજબ કુલ ૧૦૦ ગુણમાંથી ૩૦ ગુણ થિયરી માટે, ૫૦ ગુણ પ્રાયોગિક પરીક્ષા માટે અને ૨૦ ગુણ આંતરિક મૂલ્યાંકન માટે નક્કી કરવામાં આવ્યા છે.વોકેશન કોર્સ માટે સ્કૂલોને ડીઈઓ કક્ષાએ જ મંજૂરી આપવાનું નક્કી કરાયું છે. જેમાં ખાનગી સ્કૂલો વ્યવસાયલક્ષી વિષયો શરૂ કરવા માંગતી હોય તો તેમણે નક્કી કરેલા ફોર્મેટમાં અરજી કરવાની રહેશે.

શાળાઓએ આ માટે જરૂરી બાંહેધરી પત્ર અને નામાંકન પ્રક્રિયા ૨૦ એપ્રિલ સુધીમાં પૂર્ણ કરી યાદી મોકલવાની રહેશે. જે શાળાઓ પૂર્વ જરૂરિયાતો પૂર્ણ કરતી હશે તેમને જ ડીઈઓ દ્વારા મંજૂરી આપવામાં આવશે.

# મોંઘવારીથી પ્રભાવિત પરિવારો માટે કેન્દ્ર સરકાર રાહત પેકેજ જાહેર કરે: કોંગ્રેસની વિચિત્ર માંગ

**રસોઈ ગેસના ભાવમાં પણ ઘટાડો કરવા સહિતની ચાર માંગ ઉઠાવી**

**અબતક, રાજકોટ**

મોંઘવારીથી પ્રભાવિત ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો માટે કેન્દ્ર સરકાર દ્વારા રાહત પેકેજ જાહેર કરવામાં આવે તેવી થોડી આશ્ચર્ય પમાડતી માંગણી કોંગ્રેસ દ્વારા કરાય છે.

દેશમાં સતત વધી રહેલી મોંઘવારી મુદ્દે કેન્દ્ર સરકાર પર તીવ્ર પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ ગીતાબેન પટેલે જણાવ્યું હતું કે, આજે સામાન્ય જનતાની સૌથી મોટી સમસ્યા મોંઘવારી છે, પી.એમ. કોમ્પ્રોમાઈસ તે દેખાઈ રહ્યું છે દેશનો સામાન્ય નાગરિક, ખેડૂત, મજૂર, મધ્યવર્ગ અને ગૃહિણીઓ મોંઘવારીની મારથી સૌથી વધુ પ્રભાવિત છે. રસોડાનું બજેટ સતત બગડી રહ્યું છે અને આવશ્યક વસ્તુઓના ભાવમાં ભારે વધારો થતાં કરોડો પરિવારોની આર્થિક સ્થિતિ નબળી પડી રહી છે.

પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત વધારો, રસોઈ ગેસ સિલિન્ડરના વધતા ભાવ, ખાદ્ય તેલ, દાળ, શાકભાજી અને રોજિંદા જીવનમાં જરૂરી અન્ય વસ્તુઓની મોંઘવારીના કારણે સામાન્ય પરિવારોની કમર તૂટી ગઈ છે. સરકારની આર્થિક નીતિઓ મોંઘવારીને નિયંત્રિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છે પેટ્રોલ અને ડીઝલ પર અતિરિકત કર વસૂલાત અને આવશ્યક વસ્તુઓના ભાવ નિયંત્રિત કરવામાં સરકારની નિષ્ક્રિયતાના કારણે જનતા પર સતત આર્થિક બોજો વધી રહ્યો છે. જ્યારે દેશની જનતા મોંઘવારીથી પરેશાન છે ત્યારે સરકાર વિવિધ મુદ્દાથી લોકોનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહી છે.

(અનુ. આઠમા પાને)

# ધાન્ય પાકોની ઉત્પાદકતા ૨.૭ થી વધારી ૩ મેટ્રિક ટન પ્રતિ હેકટર કરવાનો લક્ષ્યાંક

**બે દાયકામાં કૃષિ ઉત્પાદનમાં જબરદસ્ત વધારો: કપાસના ઉત્પાદનમાં ૬૯૬ ટકા અને મગફળીમાં ૫૭૫ ટકાનો જંગી વધારો**



**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ધાન્ય પાકોની ઉત્પાદકતા હાલ ૨.૭ મેટ્રિન ટન પ્રતિ હેકટર છે. જે વધારી ૩ મેટ્રિક ટન પ્રતિ હેકટર સુધી લઈ જવાનો લક્ષ્યાંક રાજય સરકાર દ્વારા રખાયો છે.

કૃષિ અને સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણીએ વિધાનસભા ખાતે રાજ્યના કૃષિ અને સહકારી ક્ષેત્રની ઐતિહાસિક સિદ્ધિઓ રજૂ કરતા જણાવ્યું હતું કે, ખેડૂત એ માત્ર અન્નદાતા નથી, પણ રાષ્ટ્રના અર્થતંત્રને ધબકતું રાખતી જીવંત ધોરી નસ છે.

૪૦થી વધુ પાકોના વૈવિધ્ય સાથે ગુજરાત આજે દેશનું કૃષિ હબ બન્યું છે. છેલ્લા બે દાયકાના તુલનાત્મક આંકડાઓ રાજ્યની પ્રગતિની સાક્ષી પૂરે છે. ગત બે દાયકામાં. કપાસનું ઉત્પાદન ૧૧.૬૧ લાખ ગાંસડીથી વધી ૯૨.૪૮ લાખ ગાંસડી (૬૯૬% વધારો) અને ઉત્પાદકતા ૧૨૨થી વધી ૫૮૬ કિગ્રા/હેક્ટર (૩૭૯% વધારો), મગફળીનું ઉત્પાદન ૬.૮૮ લાખ મે.ટનથી વધી ૪૬.૪૬ લાખ મે.ટન (૫૭૫% વધારો) અને ઉત્પાદકતા ૩૯૮ થી વધી ૨૭૪૦ કિગ્રા/હેક્ટર (૫૮૮% વધારો), દિવેલાના ઉત્પાદનમાં ૧૫૦% અને ઉત્પાદકતામાં ૫૮% નો વધારો, કઠોળના ઉત્પાદનમાં ૭૩૩% અને તેલીબિયાંમાં

(અનુ. આઠમા પાને)

# કાળઝાળ ગરમીમાં થોડી રાહત
# રાજકોટ ૪૦.૬ ડિગ્રી સાથે સૌથી ગરમ

**રાજકોટ અને સુરેન્દ્રનગરમાં યલો એલર્ટ જાહેર: મહતમ તાપમાનનો પારો ૪૦ ડિગ્રી આસપાસ રહેવાની સંભાવના**

**અબતક, રાજકોટ**

ઉનાળાના અતિ આકરો આરંભ થયો છે. માર્ચ માસમાં મે મહિના જેવા આકરા તડકાનો અનુભવ થઈ રહ્યો છે. આકાશ જાણે આગ ઓકી રહ્યું હોય તેમ અંગ દઝાડતી ગરમીનાં પ્રકોપથી જનજીવન ત્રાહિમામ પોકારી ગયું છે. જોકે ગુરૂવારે સૌરાષ્ટ્ર સહિત રાજયની જનતાને થોડી રાહત મળી હતી. મહતમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાવાના કારણે લોકોએ હાશકારો અનુભવ્યો હતો. આજે પણ હિટવેવની આગાહી આપવામાં આવી છે.રાજકોટ અને સુરેન્દ્રનગરમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હિટવેવના પગલે રાજય સરકાર દ્વારા માર્ગદર્શીકા પણ જાહેર કરવામાં આવી છે.ગુરૂવારે માત્ર બે શહેરોમાં મહતમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ રહેવા પામ્યું હતુ. ૪૦.૬ ડિગ્રી સાથે રાજકોટ રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. આજે સવારે વાતાવરણમાં થોડી ઠંડકનો અહેસાસ થતો હતો. આગામી દિવસોમા ગરમીનું જોર હજી વધે તેવી શકયતા પણ હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

હવામાન વિભાગના રેકોર્ડ મુજબ ગુરૂવારે રાજયભરમાં કાળઝાળ ગરમીનું જોર થોડુ ઘટયું હતુ. રાજકોટ અને સુરેન્દ્રનગર બે શહેરોમાં મહતમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતુ. રાજકોટના મહતમ તાપમાનમા ૧.૩ ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો. જોકે ૪૦.૬ ડિગ્રી તાપમાન સાથે રાજકોટ રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. જયારે

(અનુ. આઠમા પાને)

| કયાં શહેરનું કેટલુ તાપમાન | |
|---|---|
| રાજકોટ | ૪૦.૬ ડિગ્રી |
| સુરેન્દ્રનગર | ૪૦.૩ ડિગ્રી |
| કંડલા એરપોર્ટ | ૩૯.૭ ડિગ્રી |
| ભુજ | ૩૯.૬ ડિગ્રી |
| અમરેલી | ૩૯.૫ ડિગ્રી |
| કેશોદ | ૩૯.૫ ડિગ્રી |
| સુરત | ૩૯.૨ ડિગ્રી |
| અમદાવાદ | ૩૮.૯ ડિગ્રી |
| ગાંધીનગર | ૩૮.૪ ડિગ્રી |
| મહુવા | ૩૭.૪ ડિગ્રી |

# સરકારી વાહનો હવે ૧૦ વર્ષમાં "ભંગાર" થઈ જશે

**જો ૧૦ વર્ષ પહેલા જ વાહન ૨.૫૦ લાખ કિ.મી. ચાલી ગયુ હશે તો પણ નિવૃત થઈ જશે**

**અબતક, રાજકોટ**

સરકારી વાહનો રદ્દ બાતલ કરવા અને ત્યારબાદ તેના નિકાલ કરવાની કાર્યપધ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવેથી ૧૦ વર્ષ જુનું કોઈપણ સરકારી વાહન ભંગાર બની જશે.

સરકારી વાહનોમાં સરકારી માપદંડોમાં સમાવેશ થતો હોવા છતાં વાહનો સમયાનુસાર રદબાતલ કરવામાં આવતાં નથી અને જો વાહનો રદબાતલ કરવામાં આવેલ હોય તો પણ તેનો નિકાલ કરવામાં આવતો નથી. આવાં વાહનોનો સમયસર નિકાલ ન થવાના કારણે તે બંધ પડી રહેતાં હોવાથી વધુ નુકસાન પામે છે જેના કારણે તેના હકીકતે નિકાલ વખતે ઘણી જ ઓછી કિંમત ઉપજતી હોય છે.

વાહનોને રદબાતલ કરવા અને ત્યારબાદ તેના નિકાલ માટે સરળ વ્યવસ્થા કરવાની બાબત સરકાર દ્વારા વિચારણા હેઠળ હતી.

વાહન ૨.૫૦ લાખ કિ.મી. ચાલુ હોય અને ૧૦ વર્ષ પૂર્ણ થયેલ હોય તો કચેરીના વડા તે વાહનને રદબાતલ જાહેર કરી શકે છે. જો વાહન ૨.૫૦ લાખ કિ.મી. ફરેલ હોય પણ ૧૦ વર્ષ પૂર્ણ ન થયેલ હોય અથવા ૨.૫૦ લાખકિ.મી. ફરેલ ન હોય પણ ૧૦ વર્ષ પૂર્ણ થયેલ હોય અને વાહન ઉપયોગમાં લેવાપાત્ર ન હોય તેવા સંજોગોમાં વાહનને ખાતાના વડા રદબાતલ જાહેર કરી શકે છે. જો વાહન ૨.૫૦ લાખ કિમી ન ફરેલ હોય અને ૧૦ વર્ષ પૂર્ણ થયેલ ન હોય અને આવું વાહન ઉપયોગમાં લેવાપાત્ર ન થતું હોય અને વાહનને રદબાતલ કરવાની જરૂરિયાત ઉભી થાય ત્યારે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ અથવા માર્ગ અને મકાન વિભાગ હસ્તકના યાંત્રિક વિભાગના અધિક્ષક ઈજનેરનો અભિપ્રાય મેળવીને સંબંધિત વહીવટી વિભાગના વડા વાહન રદબાતલ

(અનુ. આઠમા પાને)

# સુરેન્દ્રનગર જમીન કૌભાંડમાં પૂર્વ કલેકટર રાજેન્દ્ર પટેલની જામીન અરજી કોર્ટે ફગાવી

**લાંચના ફિક્સ રેટ અને ૫૦ ટકા હિસ્સો કલેક્ટરનો હતો, જામીન નહીં: કોર્ટ**



**અબતક, રાજકોટ**

સુરેન્દ્રનગર જિલ્લામાં જમીન એન.એ. (બિનખેતી) કરવાના બદલે ચાલતા વ્યવસ્થિત લાંચિયા રેકેટમાં જેલવાસ ભોગવી રહેલા તત્કાલિન કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલને મોટો આંચકો લાગ્યો છે. અમદાવાદ ગ્રામ્ય કોર્ટના ડિસ્ટ્રિક્ટ જજ કે.એમ. સોજીત્રાએ આ કેસની ગંભીરતા અને ઈડી દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓને ધ્યાને રાખી આરોપીની જામીન અરજી ફગાવી દીધી છે. કોર્ટે નોંધ્યુ હતું કે, સીએલયુ અરજી મંજૂર કરવા માટે અધિકારીઓએ દર નક્કી કર્યો હતો, જેમાં આરોપી (જિલ્લા કલેક્ટર) હોવાને કારણે, તેમનો હિસ્સો ગેરકાયદેસર રીતે ૫૦% હતો અને અન્ય અધિકારીઓના શેર તેમના વંશવેલો અનુસાર નક્કી કરવામાં આવ્યા હતા. તપાસમાં સીએલયુ અરજીઓ સંબંધિત હિસાબ શીટ્સ અને ડિજિટલ પુરાવા બહાર આવ્યા છે જેમાં સીએલયુ અરજીઓની સંખ્યાની વિગતો હતી જેમાંથી કેટલીકમાં લાંચની રકમ પણ હતી.કૌભાંડ મામલે ઈડીની તપાસમાં બહાર આવેલી વિગતો મુજબ, સુરેન્દ્રનગર કલેક્ટર કચેરીમાં જમીન એન.એ. કરવા માટે અધિકારીઓએ ચોક્કસ દર નક્કી કર્યા હતા. કોર્ટે નોંધ્યું હતું કે આ ભ્રષ્ટાચારના વંશવેલો મુજબ હિસ્સા વહેંચાતા હતા, જેમાં મુખ્ય સૂત્રધાર તરીકે તત્કાલિન કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલનો ગેરકાયદેસર હિસ્સો ૫૦ ટકા નક્કી હતો. બાકીની રકમ અન્ય અધિકારીઓમાં વહેંચવામાં આવતી હતી. બીજી તરફ આ કેસમાં ઝડપાયેલ કલેક્ટર રાજેન્દ્રકુમારે નિર્દોષ હોવા સહિતના મુદ્દા રજૂ કરી રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી. જો કે, સરકારી વકીલ દ્વારા કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે, માત્ર ૧૧ માસના ટૂંકા ગાળામાં જ આ અધિકારીઓએ

(અનુ. આઠમા પાને)

**રાજકોટ શહેરમાં ફરી એકવાર 'ફર્ઝીવાળી'...**

# રૈયાધારમાંથી નકલી નોટ છાપવાની મિનિ ફેક્ટરી ઝડપાઈ: કુખ્યાત નૈતિકનું કારસ્તાન

**ગૌશાળાની બાજુની ઓરડીમાં નૈતિક અગ્રાવતે રૂ.૧૦૦ અને રૂ.૨૦૦ ની નોટ છાપવાનું કારખાનું શરૂ કરી દિધું'તું: દેણું થતાં અઠવાડિયા પહેલાં યુટ્યુબમાં વીડિયો જોઈ કારીગરી શરૂ કર્યાનું રટણ**

**એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં એએસઆઈ રાજેશ બાળા અને હેડ કોન્સ્ટેબલ સિદ્ધરાજસિંહ જાડેજાની બાતમીના આધારે દરોડો**

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં વધુ એકવાર શાહિદ કપૂરની 'ફર્ઝી' વેબ સિરીઝ માફક નકલી નોટનું ભૂત ધુણ્યું છે. એસઓજીની ટીમે રૈયાધાર વિસ્તારમાંથી બનાવટી ચલણી નોટ છાપતી મીની ફેક્ટરીનો પર્દાફાશ એસઓજીની ટીમે કરી કુખ્યાત શખ્સની ધરપકડ કરી હતી. આર્થીક



**બે નોટ બજારમાં વટાવી નાખવામાં સફળતા મળતા જ ફૂલફ્લેજમાં નકલી નોટ છાપવાનું શરૂ કર્યું'તું**

પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર નૈતિક અગ્રાવતે પ્રથમ અઠવાડિયા પહેલા યુટ્યુબમાં જોઈ બનાવટી ચલણી નોટો બનાવવાનું શીખ્યો હતો. જે બાદ ત્રણેક દિવસ પહેલાં તેને બે નોટ બનાવી હતી. જે બંને નોટો તે બજારમાં ફરતી કરી હતી. જેમાં તેને સફળતા મળતા વધુ નોટો છાપવાનું શરૂ કર્યું હતું, તે દરમિયાન જ એસઓજીને ટીમે દરોડો પાડી મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.

ભીંસમાં આવી ગયેલ શખ્સે રૈયાધાર મફતીયાપરામાં ગૌશાળાની બાજુમાં એક ઓરડીમાં નૈતિક કામદારે રૂ.૧૦૦ અને રૂ.૨૦૦ ની નોટ છાપવાનું કારખાનું શરૂ કરી દિધું હતું. બનાવટી નોટ બજારમાં ફરતી થાય તે પહેલાં ૩૮ નોટ કબ્જે કરાઈ હતી. પોલીસે પ્રીન્ટર કમ સ્કેનર, ફુટપટી,કટર, પેન્સીલ, સંચો, એ૪ સાઈઝના કોરા કાગળનુ પેકેટ સહિતનો મુદામાલ કબ્જે કરી વધું તપાસ હાથ ધરી છે.

દરોડાની વિગત મુજબ, એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ વિ. કે.ઝાલા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે સાથેના એએસઆઈ રાજેશભાઈ બાળા અને હેડ કોન્સ્ટેબલ સિધ્ધરાજસિંહ જાડેજાને શીતલ પાર્કથી આગળ મફતીયાપરા ખાતે આવેલ એક કાચી પાકી ઓરડીમાં નૈતિક મહેન્દ્રભાઈ

(અનુ. આઠમા પાને)

**પ્રીન્ટર કમ સ્કેનર, ફુટપટી, કટર, પેન્સીલ, સંચો, એ૪ સાઈઝના કોરા કાગળનુ પેકેટ સહિતનો મુદામાલ કબ્જે: ૩૮ બનાવટી નોટ જપ્ત**